કુમાર


આવતી કાલનાં નાગરિકોનું અદ્યતન માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

વ. ૨૭ અં. ૫ ૩૨૭ માહે મે ૧૯૫૦

તંત્રી

બચુભાઈ રાવત



પૂલની કમાન (લીથોગ્રાફ)·ચિત્રકાર ગોરધનભાઈ પટેલ · આ ચિત્રની લીથો-છાપ પદ્ધતિની સમજ અંદર આપી છે



સાઠમારી

ચિત્રકાર • શ્રી માર્કંડ ભટ્ટ એમ. એ. (એમનો પરિચય આ અંકમાં આપ્યો છે.)

પ્રચંડ આવેગ અને બળની ટક્કર થતી જોવામાં માણસમાત્રને એક જાતનો રસ પડે છે, કેમકે પૃથ્વી પરનાં બળોને મહાત કરવા માણસજાત આદિકાળથી મથી રહી છે. માતેલો સાંઢ પોતાના પ્રદેશમાં બીજા હરીફને ઊભેલો પણ જોઈ શકતો નથી અને ગમે તે ભોગે હરીફ મળતાં યુદ્ધનો હુંકાર કરતો ધસે છે. શીંગડાંની ઢીક એના હુમલાનો પ્રકાર છે. બળના પ્રતીક તરીકે સાંઢને યોજનાર ગોપાલક હિંદુસ્તાનમાં આ ચિત્રના અનેક પ્રકારો પૂર્વે થયા છે. અજંટાના કલાકારોએ આ યુદ્ધની સંવેગદર્શી રેખાઓ બતાવી છે તે સૌપ્રથમ શ્રેષ્ઠ નમૂનો છે. શ્રી માર્કંડ ભટ્ટે ફરી આ યુગમાં તે જ વિષય પર હાથ અજમાવ્યો છે અને તે સાથે અદ્યતન પદ્ધતિનું નવા પ્રકારનું ચિત્રવિધાન. વિવિધ વાંકાં તથા વજનદાર પિંડસમુચ્ચયનો ખ્યાલ આપવામાં સફળતા મેળવી છે. અત્યારના જગતના બે હરીફ સત્તાશીલ વાદોની ટક્કરો આ ચિત્ર દ્વારા પ્રતિધ્વનિત કરવા તેમણે તેમાં પૂર્વ ને પશ્ચિમના પ્રતીક રંગો—પીળા અને આસમાની—નું આયોજન કર્યું છે. અમેરિકાનાં પ્રદર્શનોમાં એ ઘણું પ્રશંસા પામ્યું હતું ને ફ્રાન્સના જગન્માન્ય મૉડર્નિસ્ટ કલાકાર માટીસે (Matisse)એ આ ચિત્ર માટે ભાઈ માર્કંડને અભિનંદન આપ્યાં હતાં.

કુમાર

મે ૧૯૫૦

અંક ૩૧૭

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત મુદ્રણ-પ્રકાશનસ્થાન, કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ. વાર્ષિક ટેક્સ સાથે રૂ. ૭ાા; પરદેશમાં રૂ. ૯ાા અથવા શિ૦ ૧૫ છુટક નકલના બાર આના

હે અંધકાર!

· મિશ્ર ·

મ્હોરી રે'છે તેજમાં કાંચનાર:
તો મ્હેકે છે મધુર નિશિગંધા થકી અંધકાર.

હે અંધકાર!
તારાં મહા ગૌરવથી અજાણ–
અંધારમાંથી દ્યુતિને પથે જવા–
મેં ઝંખના કૈં કીધ વારવાર.
એ સર્વ હેલના...
ને તોય,
હે પ્રેમલ સ્નિગ્ધ સૌમ્ય!
પ્રશાન્ત તારાં સઘળાં રહસ્યનાં
તેં તો ઉઘાડી દીધ છે દુવાર.

મેં તેજની સૃષ્ટિનું કીધ દર્શન:
જ્યાં રૂપ છે રંગીન...
જ્યાં મધુસ્વરે
આનંદમાં ગીતનું નિત્ય વર્ષણ.
તથાપિ એ તેજ થકી જ તે બની
રહે અરે સીમિત દૃષ્ટિ નેણની,
ને શબ્દના નૂપુરનો જ્યહીં ધ્વનિ
ત્યાં મૌનની સ્પંદનને પિછાનવા
મારાં નહીં જાગ્રત કર્ણ.
રે ઘણું
ઘણુંય એ તેજ નહીં લહ્યા થકી
અદીઠ તે જાય રહી અલક્ષણ.

તારે નહી સીમ...
ન ભિન્ન વર્ણની
સોહામણી ચંચલ કોઈ છે કલા.
અવર્ણનીય હે!
તું સ્હેજમાં જ્યોતિ અનંત વિશ્વનાં
દર્શાવતો, જે પ્રગટે પ્રતિક્ષણ;
દિક્કાલથી જ્યાં થઇને અબાધિત
મારાં રમે લોચન સ્ફૂર્તિપૂર્ણ.

તારે નહીં સૂર...
તથાપિ સૃષ્ટિનાં
સૌ મંડલોની ગતિ કેરું લાસ્ય જે,
અશ્રાવ્ય એના લય સંગ છંદમાં
મદીય જે અંતર તાલ દે રહે...
એ કંપનોની અનુભૂતિ શી પ્રિય!

રે શાન્ત આનંદની સૌમ્યમૂર્તિ હે!
આ સર્વથી યે પણ કૈં વિશેષ—
તેં પક્ષ્મની ભીતરના પ્રદેશમાં
સુગોપ્ય મારું મૂલ રૂપ જે રહ્યું
તેનું ય તે દર્શન છે મને દીધું.
તારું કશું ગૌરવ હે ઉદાર!
હે અંધકાર!

રાજેન્દ્ર શાહ

બુગદામાંથી પસાર થતાં

· મંદાક્રાન્તા ·

સર્જ્યાં તેં આ ગિરિવર, અમે ભવ્ય અટ્ટાલિકાઓ;
તારા વ્હેતા નદ થકી વહાવ્યા જ વિદ્યુતપ્રવાહે;
તારાં પંખી, ગગન અમ આ વેગીલાં વાયુયાનો;
તારી બ્હોળી પ્રકૃતિ, નગરો શોભીતાં કૈં અમારાં.
તારી પૃથ્વી ઉપર નકશો ફેરવીએ મનસ્વી,
વીંધી પ્હાડો તુજ નીકળીએ તીર જેવા તરસ્વી;
પૂર્યાં સિન્ધુ, ધરતીઉરથી વારિ ખેંચ્યાં ફુવારે,
તારાં સૂકાં રણ રસળવા હામ હૈયે અમારે!

કાલે જન્મ્યો મનુ વિકસતો વામનેથી વિરાટ!
વ્યાપી જાશે ત્રણ ભુવનમાં વર્ધતો આ અફાટ.
તારા મત્સ્યસ્વરૂપ સરખો એકથી અન્ય પાત્રે
થાતો ન્યસ્ત ક્ષણક્ષણમહીં, દીર્ઘથી દીર્ઘ ગાત્રે!
આકાશો સૌ સભર મનુથી; તું તદા ક્યાં જ હોશે?
કે, ત્યારે એ મનુસ્વરૂપમાં હે પ્રભો, તું જ રહેશે?

પ્રજારામ

પ્રશાંત-નીરવ

· પૃથ્વી ·

અખંડ રમણા અહો હલન કેરી વિશ્વે મચી!
અનંત નભતારલા ઘુમરતા ફરે ફૂદડી;
સદૈવ મરીચિ ક્રમે ગગન; ઘૂમી પૃથ્વી રહે;
વહે અનિલ; નીલ આ નભ ધરે નવા રંગને;
ખીલે મુકુલ; સૃષ્ટિની સકલ ચીજ,–રે ધૂલિનો
કણેકણ ક્ષણેક્ષણ સ્થિર લહે પરિવર્તન;
અને સમીર મંદમાં ઝુલત ખીલતાં પુષ્પશી
પ્રતિક્ષણ ધરિત્રી નવ્યતર રૂપ ધારી લસે.

અહીં અખિલ કિંતુ છે પ્રખર ગ્રીષ્મ-મધ્યાહ્ન શું
પ્રશાંત-નીરવ; પ્રચંડ નવ ઊર્મિ-વંટોળની
ચડે ડમરી; વાયુ-લ્હેર સમ સૂક્ષ્મ સંવેદનો
ન કે કયહીં ઊઠે; બધું જ બસ શૂન્યમાં મૂર્છિત!
અને અહીંતહીં પડેલ મુજ સ્વપ્નનાં દર્ભ સૌ
પલેપલ ચહી રહે ભીષણ વિશ્વ-ઝંઝાનિલ!

શ્રીકાન્ત માહુલીકર

¶ 'અંધકાર'નું ગૌરવ ગાતા આ કાવ્યમાં, પ્રકાશ ને અંધકારની સરખામણી કરીને શરૂમાં બે વૃક્ષનાં પ્રતીકથી સૂચન મૂકયું છે. પછી કહે છે મેં તો 'અંધકારમાંથી પ્રકાશમાં જવા'ની ઝંખનાઓ કરેલી; પણ એ અવહેલનાને ગણકાર્યા વિના તેં તો તારાં રહસ્યનાં દ્વાર પ્રેમથી મારી આગળ ખોલી દીધાં. તેજની સૃષ્ટિ ભલે સુંદર હોય, પરંતુ એના પ્રકાશ વડે આંખની દૃષ્ટિ મર્યાદિત પણ બની જાય છે. ને ઘણી અદીઠ વસ્તુઓ પરખ્યા વિનાની રહી જાય છે. એને મુકાબલે, હે અંધકાર, તારે નથી કોઈ સીમા, કે નથી કોઇ સોહામણી ચંચલ કલા. તું તો સહેજમાં અનંત વિશ્વના જ્યોતિ દેખાડી રહે છે. અને તેથી યે વધુ તો એ કે, પાંપણની પાછળના અંતરતમ પ્રદેશમાં છુપાએલું પડેલું મારું સાચું મૂળ રૂપ તેં મને બતાવી દીધું. ¶ 'બુગદામાંથી પસાર થતાં' એવા સાદા મથાળા નીચે, રેલવેની મુસાફરીમાં નજરે પડતાં દૃશ્યો પરથી આવતા વિચારો દર્શાવ્યા છે. તેમાં માણસે, જાણે ઇશ્વરની સૃષ્ટિ સામે હોડ માંડી હોય તેમ, પર્વત, નદી, આકાશ, કુદરત, બધે પોતાના પુરુષાર્થ વડે જે સમાન સૃષ્ટિ ખડી કરી છે તેનું વર્ણન છે. આમ, વામનમાંથી વિરાટ થતો માણસ શું ત્રણે ભૂમીને વ્યાપી જશે? અને પછી પ્રશ્ન કર્યો છે કે બધાં આકાશો માણસથી ભરાઇ ગયાં હશે ત્યારે હે પ્રભુ તું ક્યાં હશે? કે પછી એ માણસના સ્વરૂપમાં જ તું સોહી રહ્યો હોઇશ? ¶ 'પ્રશાંત-નીરવ' લાગતા ગ્રીષ્મના પ્રખર મધ્યાહ્નનું વિશદ આલેખન કરતા આ કાવ્યમાં એ શાંતિની પાછળ રહેલી એવી જ પ્રખર કોઈ ક્રાંતિની ઝંખના આલેખી છે,—ઉનાળાના બપોરની આકરી અકળામણમાં બારે મેઘ તોડી પાડે એવા ઝંઝાનિલની આપણે ઝંખના કરીએ છીએ તેવી.

સામયિક વિચાર

જાતકમાઈનું ભણતર

વડોદરાના વિશ્વવિદ્યાલયે ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદ કરવાની યોજના ઘડવા માટે એક સમિતિ નીમી છે તે સમિતિ ગરીબ વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન કોઈ જાતનું કામ શોધી આપી તેની કમાણીમાંથી અભ્યાસનું ખર્ચ કાઢવાનો માર્ગ વિદ્યાર્થીઓ માટે રજૂ કરશે. આવી જાતની યોજના અતિ અગત્યની છે.

અમેરિકામાં તો બધી જ યુનિવર્સિટીઓમાં લગભગ સાઠ ટકા ઉપરાંત વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસ માટેનું ખર્ચ પોતે જાતે કાંઈ કામ કે ઉદ્યોગ કરીને મેળવી લે છે. આ બધા જ કાંઈ ખાસ ગરીબ વિદ્યાર્થીઓ નથી હોતા. સાધનસંપન્ન માતપિતાનાં સંતાનો પણ (છોકરાઓ તેમજ છોકરીઓ બંને) માબાપને ભારરૂપ થવાનું યોગ્ય ધારતાં નથી અને કામ કરીને પોતે કમાઈ અભ્યાસનું ખર્ચ કાઢવામાં ગૌરવ માને છે. હૉટેલોમાં, ખેતરોમાં, ખાનગી ઑફિસોમાં, છાપખાનાંઓમાં, છાપાં વેચવામાં, ઘરકામમાં, નાના ઉદ્યોગોની મદદમાં, છોકરાં સંભાળવામાં ને એવાં અનેક કામોમાં ફુરસદ ને રજાનો સમય ગાળી તેઓ કમાય છે; અને ત્યાંની પ્રજા પણ ખુશીથી કામ આપે છે. કાયમના કામદારો, મદદનીશો, ઘરકામના નોકરો, બાળકોની અમુક કલાક માટે સંભાળ લેનારાં, વગેરે પ્રકારના ધંધાદારી ત્યાં ઝાઝા હોતા નથી અને જેટલા છે તે બહુ મોંઘા હોય છે, એટલે આવાં છૂટક કામ કરનારાં સસ્તાં પડે છે અને તેઓ ભણેલાં હોવાથી તે સારું કામ કરે છે. આમ, બંને પક્ષને ફાયદો થાય છે.

આપણા દેશમાં શાળા-કૉલેજોમાં ગરીબ વિદ્યાર્થીઓ માટે કેટલીક માફીની સંખ્યા રાખવામાં આવી છે, પરંતુ એ બહુ ઓછી છે. એના કરતાં ઘણી વધારે સંખ્યા ગરીબ વિદ્યાર્થીઓની હોય છે. સ્કૉલરશિપો તો અભ્યાસમાં જે ઊંચે નંબરે આવે તેને માટે હોય છે. પરિણામે સંખ્યાબંધ વિદ્યાર્થીઓને, આર્થિક અનુકૂળતા ન હોવાથી ઉચ્ચ અભ્યાસનો લાભ જતો કરવો પડે છે. અમદાવાદની એક ખાનગી શાળામાં એવી પ્રથા હતી કે માફી વિદ્યાર્થીઓની માહિતી માત્ર હેડમાસ્તરને જ હોય, અને ફીને દિવસે બાળકો તેમની પાસેથી ફી લઈ આવી વર્ગમાં આપે. એ હેડમાસ્તર માનતા કે વિદ્યાર્થી માફી હોય એ બીજાની નજરમાં તેને હલકો પાડનારું છે. પણ ખરું તો વિદ્યાર્થીને જ ભાન થવું જોઇએ કે માફી ભણવામાં માનહાનિ છે.

એ સ્થિતિ લાવવા માટે વિદ્યાર્થીને કામ આપવાની યોજના બહુ આવકારપાત્ર છે. શાળા અને કૉલેજનાં કામ, આજુબાજુનાં ઘરો, દુકાનો, ઉદ્યોગાલયો, રેલવે, બૅન્કો, ઑફિસો, છાપખાનાં, મોટરબસ તથા નાના ધંધાનાં કામ, ઘેરઘેર ફરીને વેચવાનું કામ વગેરે અનેક કાર્યો વિદ્યાર્થીઓ પોતાના ફુરસદના અને લાંબી રજાના સમયમાં કરી શકે. હાલ પણ મોટરબસના કંડક્ટર, ચેકર, પ્રુફરીડર, દુકાનનો હિસાબ કિતાબ લખનાર, સિનેમાના ડોર-કીપર, સ્ટેશનરી સાબુ વગેરે વેચનાર, છાપાં વ્હેંચનાર, એવા અનેક ધંધા કરનાર વિદ્યાર્થીઓ અમારા જાણવામાં છે. તેઓ આ રીતે પોતાના અભ્યાસનું ખર્ચ કાઢે છે. પરંતુ ખરી રીતે તો વિદ્યાર્થીઓને કામ આપવાની વ્યવસ્થિત યોજના કરવાનું અને તેની જવાબદારી લેવાનું યુનિવર્સિટી અગર કૉલેજના સંચાલકોને માથે હોવું જોઇએ. આવી યોજના વિચારાઈ તેને વ્યવસ્થિત સ્વરૂપ આપવામાં આવે તો ઘણા વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શિક્ષણનો પ્રબંધ થઈ શકે.

વિદ્યાર્થીઓને કામ આપવા ઉપરાંત છાત્રાલયોનાં, કૉલેજનાં અને બહારનાં ખર્ચો ઓછાં કરવામાં આવે, નોકરો વગેરે કમી કરી પોતપોતાનું ઘણું કામ વિદ્યાર્થીઓ જાતે કરી લે એવી પ્રથા કરવામાં આવે, તોપણ ખર્ચમાં બચત થવાથી માતપિતાનો આર્થિક બોજો ઓછો થાય અને વિદ્યાર્થીઓને સ્વાશ્રયનો પાઠ મળે. અત્યારે છાત્રાલયો અને કૉલેજોમાં નોકરચાકર, ચાપાણી, મિજબાની, ટૉઇલેટ, પોષાક વગેરેમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ ગજા ઉપરાંતનાં ખર્ચ કરે છે. આમાં પણ વ્યવસ્થાપૂર્વક કામ લેવાય, નોકરચાકરની મદદ ઓછી થાય, ખાવાપીવામાં વધારે સાદાઇ રખાય અને રસોઈઆ ઉપર દેખરેખ રખાય તો કેટલોક બોજો ઓછો થાય. અત્યારે જે સ્થિતિ પ્રવર્તે છે તેમાં મધ્યમ વર્ગનાં માતપિતાને પોતાનાં બાળકોને ઉચ્ચ શિક્ષણ આપવાનું, આર્થિક દૃષ્ટિએ, લગભગ અશક્ય જેવું બની ગયું છે.

એટલે, વિદ્યાર્થીઓને સ્વાશ્રયી બનાવીને માતપિતાનો આર્થિક બોજો હલકો કરવાની વડોદરા યુનિવર્સિટીની આ યોજના બધી યુનિવર્સિટીઓએ અપનાવવા જેવી છે.

ઊગતી પેઢીનું આરોગ્ય

ગયા માસના ત્રીજા અઠવાડિયામાં અમદાવાદમાં શારીરિક શિક્ષણની ને આરોગ્યના પ્રશ્નવિષે વિચાર કરવા માટેની પરિષદો ભરવામાં આવી હતી. તે પ્રસંગે પ્રદર્શનો ઉપરાંત અંગબળના, કવાયતના, લશ્કરી તાલીમના અને એવા બીજા અનેક પ્રયોગો કરવામાં આવ્યા હતા, જે વિદ્યાર્થીઓની શિસ્ત, મનોહર વ્યૂહરચનાઓ ને ઊંચી તાલીમના સુંદર દૃષ્ટાન્તરૂપ હતા.

પરંતુ આ બધા પ્રયોગો અને સમારંભો છતાં ગુજરાતની પ્રજાનું સામાન્ય આરોગ્ય અને શારીરિક વિકાસ તથા બળ બહુ અસંતોષકારક છે એવું, એ પરિષદ પ્રસંગે હાજર રહેલા હજારો વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના દેખાવ ઉપરથી સહજ જણાઇ આવતું હતું. આપણા પ્રાંતની ઊછરતી પ્રજા વ્યાયામ પ્રત્યે એકંદરે ઉદાસીન વૃત્તિ ધરાવે છે. આવા સમારંભોથી કદાચ થોડી પ્રેરણા ને ઉત્સાહ જાગૃત થાય, પરન્તુ જ્યાં સુધી આપણી રહેણીકરણીના ધોરણમાં ફેરફાર થાય નહિ, આપણી સુંવાળાશ જાય નહિ, આપણને અગવડ અને હાડમારી વેઠવાની વધારે ટેવ ન પડે ને શરીરની નબળાઈ ને નાજુકાઈમાં વડાઇ માનવાની આપણી મનોવૃત્તિ બદલાય નહિ ત્યાં સુધી આપણી શારીરિક સ્થિતિ સુધરવાનો સંભવ નથી.

લશ્કરી તાલીમ માટે પણ ગુજરાતની પ્રજામાં જરા યે ઉત્સાહ નથી. પ્રાદેશિક દળ માટે ભરતી કરવાનું પરિણામ આપણા પ્રાંતમાંથી લગભગ શૂન્ય આવેલું.

વ્યાયામ, પોષાક, ખોરાક, સ્વચ્છ હવાપાણી, એ બધાં સાધનો છે. સાધ્ય તો શરીરનું આરોગ્ય અને શરીરનું ખડતલપણું (તાપ તડકા વગેરે વેઠવાની શક્તિ અને શારીરિક શ્રમનાં કામો થાક લાગ્યા સિવાય કરવાની શક્તિ) છે, એવી વૃત્તિ આપણી ઊછરતી પ્રજામાં કેળવવાની જરૂર છે. શાળામાં અને કૉલેજમાં ભણતી બાળાઓ નાજુકાઇને ને નબળાં શરીરને સુંદરતા ગણે છે, અનારોગ્ય તબિયત ને ઓછા ખોરાકમાં વડાઈ માને છે એ તેમની મનોવૃત્તિ ફેરવવાની જરૂર છે. અત્યારનાં નનામડા શરીરનાં, ફિક્કા ચહેરાનાં, જરાજરામાં થાકી જનારાં, માઇકાંગલાં યુવકયુવતીઓ જોઈને તો ગુજરાતની ભાવી પ્રજાના આરોગ્ય વિષે ચિંતા ઉપજે તેવું છે.

(જ્યોતિર્ધર) —ગ. ગો. મુ



માર્કંડ ભટ્ટ એમ.એ.

ગુજરાતના
પહેલા
કલાપદવીધર
અને

વડોદરા યુનિવર્સિટીના કલાવિભાગના નિયોજક

★

લેખક
રવિશંકર રાવળ

શ્રી માર્કંડ ભટ્ટ


છેલ્લાં પચ્ચીસ વર્ષમાં ગુજરાતના જુદાજુદા ભાગમાંથી કલાની સાધના કરતાં અનેક યુવક-યુવતીઓએ આખા ભારતવર્ષમાં ગુજરાતની સંસ્કારપ્રિયતાને નવી પ્રતિષ્ઠા અપાવી છે. જે કાળે સરકારી તંત્રમાં પાઠ્ય પુસ્તકોની બહારનો કોઈ પણ પ્રયોગ કે કાર્યક્રમ બગાડો અથવા ધાંધલ ગણાતું, એવા વખતમાં જે થોડી સંસ્થાઓએ શાળાના શિક્ષકસમુદાયમાં કળાકારનો સમાગમ અને શિક્ષણ અગત્યનાં માન્યાં હતાં તેમાં ભાવનગરના શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનનો ફાળો નોંધપાત્ર છે. ત્યાં શ્રી નાનાભાઇ ભટ્ટે શરૂમાં સંગીત અને પછી ચિત્રકળાના અધ્યાપકોને બીજા પદવીધર શિક્ષકો જેવા જ આદર અને સગવડોથી અપનાવ્યા હતા. એમાં ચિત્રશિક્ષક તરીકે ગુજરાતને રંગભર્યા ચિત્રોની મોટી હારમાળા આપનાર શ્રી સોમાલાલ શાહ પર તેમની પસંદગી ઊતરી હતી; અને છેલ્લાં કેટલાંક વર્ષોથી એ સંસ્થા બંધ થવા છતાં પણ શ્રી સોમાલાલે સૌરાષ્ટ્રની ભૂમિને અપનાવી સૌરાષ્ટ્રમાં ચિત્રના વિદ્યાર્થીઓ અને સૌરાષ્ટ્રનાં માનવપાત્રોને પોતાનું સાધનાક્ષેત્ર બનાવ્યાં છે. એમની પાસે આવેલી વિદ્યાર્થીઓની પહેલી હરોળમાં ભાઇ માર્કંડ ભટ્ટ અને ભાઇ વિનાયક પંડ્યા હતા. સંસ્થાના અભ્યાસક્રમની ઉપરાંત એ બંનેએ તો સોમાભાઇના અંતેવાસી બની કલાના વિદ્યાર્થી બનવાનો અધિકાર મેળવી લીધો. એ વખતે (૧૯૩૩માં) પણ માર્કંડના હાથના વર્ણભેદ અને રેખાંકનમાં દૃઢતા અને સુરેખતા હતાં.

વિનીત (એ સમયે મૅટ્રિક જેટલું જ ધોરણ) પૂરું કરી તે મુંબાઈની



'ઈન્ટરનૅશનલ હાઉસ ઑવ ફિલાડેલ્ફિયા'ના મુખપત્રની ઑફિસમાં તેનું તંત્રીમંડળ: એમાં શ્રી માર્કંડ ભટ્ટ કલા-સંપાદક હતા. ઑફિસની ભીંતો ઉપર શ્રી માર્કંડ ભટ્ટનાં ચિત્રો દેખાય છે.

ઉપર: ડાબી બાજુમાં-(૧) એક હિંદી વિદ્યાર્થી; (૨) ઈન્ટરનૅશનલ હાઉસના રેસિડેન્ટ ડિરેક્ટર મિ. કેરિજ; (૩) એક અમેરિકન વિદ્યાર્થિની; (૪) સ્વીડિશ વિદ્યાર્થી; (૫) ઇરાનના વિદ્યાર્થી; (૬) મોંમાં ચૂંગીવાળા શ્રી માર્કંડ ભટ્ટ; (૭) કૅનૅડિયન વિદ્યાર્થી; (૮) અમેરિકન વિદ્યાર્થિની; આગળના ભાગમાં હસતા બેઠેલા છે તે પાકિસ્તાનના વિદ્યાર્થી શ્રી અલી; તેની તરત પાછળ નૉર્વેના એક વિદ્યાર્થી.





ઉપર : એક સ્કેચ
ડાબી બાજુ : 'માટલાંનાં છાલકાં' અમેરિકા ગયા પહેલાં કરેલું સૌરાષ્ટ્રના જીવનનું એક ચિત્ર.

નીચે-કાઠિયાવાડનાં બીજા પાત્રો
ડાબી બાજુ : વુડકટમાં પાત્રાલેખન
જમણી બાજુ : ગામડાનાં ભાઈબહેન




સ્કૂલ ઑવ આર્ટમાં જોડાયા, અને ઘરના સંજોગો કઠણ હોવા છતાં ઘણી ધગશ અને ધૈર્યથી પાંચ વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો (૧૯૩૭). તેમાં લગભગ દરેક વર્ષે તેમના કામની કદર રૂપે તેમને ઇનામ કે સ્કૉલરશિપ મળી જતાં. પ્રિન્સિપાલ કૅપ્ટન સૉલૉમનની તેમના પર કૃપાદૃષ્ટિ હતી, અને તેમનું તે વખતનું એક ચિત્ર 'લોકગાયક' તો મુંબાઈના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં ખરીદાયું પણ હતું.

૧૯૩૮માં તેમણે અને તેમના સહાધ્યાયી વિનુભાઇ પંડ્યાએ ભાવનગરના નવા બંધાએલા 'નટરાજ રંગભવન'નું અલંકરણ હાથમાં લીધું અને એટલી નાની ઉંમરે એ બે તરુણોએ તે કામમાં છૂટે હાથે જે રૂપયોજનાઓ ને રંગવિધાનો કર્યા છે તે ધન્યવાદને પાત્ર ઠરે છે.

તે પછી સાહસિક ગાર્ડડ ભટ્ટે કામ શોધવા દિલ્હીનો ફેરો કર્યો







ઉપર: 'ઈન્ટરનૅશનલ હાઉસ ઑાવ ફિલાડેલ્ફિયા'ના પ્રવેશદ્વારે શ્રી ગાર્કંડ; ડાબી બાજુ : શ્રી ભટ્ટની સ્કેચની શક્તિ દાખવતા, પરભાર્યાં ફાઉન્ટનપેનથી કરેલા બે સ્કેચ : તે પૈકી આ ડું છે તે : વેનીસનું દૃશ્ય

અને ઠક્કર બાપાએ સ્થાપેલા હરિજન કેંદ્રના પ્રાર્થનામંદિરના ઉપરના ઘુમ્મટમાં હરિજન સંતોનાં આઠ ચિત્રો કર્યાં. આ કાર્યની ત્યાં એટલી સારી છાપ પડી કે તે પછીનાં યુદ્ધનાં વર્ષો (૧૯૪૦-૪૧)માં યુદ્ધ સમયને અંગે રંગભ્રમણા અથવા રૂપલોપના (કૅમોફ્લેજ) કરનારી સંસ્થામાં કૅપ્ટન સૉલૉમનના હાથ નીચે કામ કરવા માટે તેમની વરણી થઈ. ત્યાંથી છૂટીને મુંબાઈ આવીને તેમણે પોતાની સ્વતંત્ર પ્રવૃત્તિ તરીકે એક ધંધાર્થી (કૉમર્શિયલ) કલાગૃહ શરૂ કર્યું અને વેપારીઓ તેમજ સીને-કંપનીઓ માટે પ્રચારચિત્રો, અક્ષરપાટીઓ અને બીજાં ઘણી જાતનાં કામ ઉપાડયાં. ઉપરાંત, ૧૯૪૪-૪૫માં, મુંબાઈની આર્ટ સોસાયટી ઑાવ ઈન્ડિયાના મંત્રી તરીકે કામ કરીને તેમણે ઘણા કલાકારો સાથે સંપર્ક અને મૈત્રી કેળવ્યાં.

પણ આ બધું છતાં એમને લાગ્યા જ કરતું હતું કે હવેનો યુગ વિશેષ તાલીમ અને અનુભવની અપેક્ષા રાખે છે અને તે આપે એવી સંસ્થા હિંદમાં નથી. આથી એમણે અમેરિકા જવાનો સંકલ્પ કર્યો. તે માટે આરંભમાં એકબે ગૃહસ્થોએ મદદ કરવા વચન આપ્યું હતું, પણ પાછળથી તેઓ વિમુખ થયા. છતાં એથી નિરાશ ન થતાં તેમણે તો ડગ ધર્યું તે પાછું ન જ ફેરવ્યું, ને સારી આવકવાળો ધંધો મૂકીને પોતાના જ સાહસ પર તે (૧૯૪૬)માં અમેરિકા ગયા, જ્યાં મુરલ (ભીંત) ચિત્રો અને ગ્રંથચિત્રોના ખાસ અભ્યાસક્રમો ફિલાડેલ્ફિયાની 'પેન્સિલવાનિયા ઍકૅડેમી ઑાવ ફાઈન આર્ટ્સ'માં પસાર કર્યા. ત્યાર બાદ ૧૯૪૭માં બાર્ન્સ ફાઉન્ડેશન(મેરીઑન પેન્સિલવાનિયા)માં સ્કૉલર તરીકે તેમની ચૂંટણી થઇ. આ સંસ્થાની અમેરિકા તથા યુરોપમાં એટલી ઊંચી છાપ અને પ્રસિદ્ધિ છે કે તેમાં જોવાતેવાને પ્રવેશ મળવો ભારે મુશ્કેલ છે. 'બાર્ન્સ સ્કૉલર' ઠરે તે માણસની કક્ષા માટે ત્યાં કોઇ પ્રશ્ન ઠરે જ નહિ. એ સંસ્થામાં તેમણે સૌંદર્યરસશાસ્ત્ર (Esthetics) અને કલાદર્શન(Art appreciation)માં પહેલું વર્ષ પૂરું કર્યું અને પછી એક વર્ષ 'ફિલાડેલ્ફિયા મ્યૂઝિયમ સ્કૂલ ઑાવ ઇન્ડસ્ટ્રીઅલ આર્ટ'માં પ્રચાર-ચિત્રકલાના નિર્માણમાં એક વર્ષ વિતાવ્યું. ફરી તેમને બાર્ન્સ સ્કૉલર થવાની તક મળી અને કલાશિક્ષણ તેમજ પાશ્ચાત્ય ચિત્રકળાની પરંપરાનો કોર્સ અભ્યાસક્રમ પૂરો કર્યો. આ રીતે બે વર્ષનું કામ થયા પછી જ ત્યાં M.A.

માસ્ટર ઑવ આર્ટ (કલાસિદ્ધ) બન્યાનું પ્રમાણપત્ર મળે છે. દર વર્ષે તેમાં દાખલ થવા ૩૦૦૦ વિદ્યાર્થીઓની અરજીઓ આવે છે અને તેમાંથી માત્ર ૩૦ની જ પસંદગી થાય છે! આ પરથી ભાઈશ્રી માર્કંડની સિદ્ધિનો આંક સમજાશે.

આ બધી વિવિધ તાલીમથી 'ફિલાડેલ્ફિયા પ્રિન્ટ ક્લબ'ના તે સભાસદ થઇ શક્યા, ને ઇચિંગ, લિથોગ્રાફી, સિલ્ક-સ્ક્રીન, વૂડકટ (કાષ્ઠખુદાઇ), ચીનીપાત્રનું ચિત્રકામ વગેરેમાં આખુ વર્ષ વિતાવ્યું.

વચ્ચેવચ્ચે તેમણે બીજી પ્રવૃત્તિઓ પણ કરી હતી. ફિલાડેલ્ફિયામાં કળાના અધ્યાપકોની પરિષદ્ મળી હતી તેમાં હાજરી આપી હતી, ને સ્થાનિક સંસ્થાઓમાં એકબે વખત વ્યક્તિગત પ્રદર્શનો પણ કર્યાં હતાં. ફિલ્કો રેડિયોના કેન્દ્ર પરથી ટેલીવીઝનમાં કળાના પ્રત્યક્ષ પ્રયોગો પણ તેમણે કરી બતાવ્યા હતા, તેમજ ત્યાંના શિક્ષાકેન્દ્રના સમાદરથી હિંદી કળા પર વાર્તાલાપો પણ આપ્યા હતા.

કળાશિક્ષણનો આ ઉચ્ચ અભ્યાસક્રમ સંપૂર્ણ કરી તેમણે યુરોપની સર્વ શૈલીઓ તપાસવાને લાંબો પ્રવાસ કર્યો. તેમાં ઇંગ્લંડ, હૉલંડ, ફ્રાન્સ અને ઇટલીનાં ચિત્રાલયો તથા સંગ્રહસ્થાનો અને કળાશાળાઓ તેમણે જોઈ નાખ્યાં. આ રીતે ઉત્કૃષ્ટ વિદ્યાર્થીજીવન અને પછી વિક્રમશીલ વિદ્યાલયજીવન વિતાવી ભાઇ માર્કંડે ફરી ગુજરાતની સેવા કરવાનું યોગ્ય સ્થાન મેળવ્યું છે તે એક સદ્ભાગ્ય છે.

તે એક ઉત્સાહી, સંકલ્પશીલ, નિશ્ચયાત્મક બુદ્ધિના તરુણ છે અને ગુજરાતની સાધારણ ઢબે સંસારની ઝપટમાં આવ્યા નથી તેથી કલાની સાધના એકાગ્રપણે વધારી શક્યા છે; અને હવે તો તેમણે પોતાના તપથી મેળવેલા પ્રસાદના યોગે ગુજરાતના ભાવિ કલાકારોને ઝડપી ને તેજસ્વી માર્ગદર્શન આપવાનું પદ સ્વીકાર્યું છે,—એટલે કે વડોદરાની શ્રી સયાજીરાવ યુનિવર્સિટીના કળાવિભાગના મુખ્ય નિયોજક નિમાયા છે અને ડીન તરીકે ચુંટાયા છે; અને એ દરજ્જે કલાના સર્વ પ્રકારના અભ્યાસક્રમોની યોજના તે કરી રહ્યા છે. તેમની નજરમાં કળાના આરંભિક તેમજ પ્રાગતિક વિદ્યાર્થીઓ માટે જુદાજુદા અભ્યાસક્રમો ને યોજના સ્પષ્ટ આલેખાઇ ગયાં છે.

તેમણે પોતે હિંદની કળાનો સારો પરિચય પ્રથમ સાધી લીધો છે, અને આજના જગતમાં જે અનેક પ્રકારના કળાપ્રવાહો અને પ્રકારો પ્રવર્તી રહ્યા છે તેથી પૂર્ણ માહિતગાર છે, એટલું જ નહિ પણ સર્વ પ્રકારોમાં તેમણે હાથ પણ અજમાવ્યો છે. રંગની વૈજ્ઞાનિક યોજના, આકારો ને રેખાઓનાં નવાં સંમિશ્રણો, સાધનોના અભિનવ પ્રયોગો ને ચમત્કારો, એ બધા ઉપરાંત કલાકારો માટે તેમણે જીવનનિર્વાહ, બુદ્ધિવિહાર કે રસદર્શન એ પ્રત્યેક કલાકાર્ય માટે નિશ્ચિત ધોરણો તૈયાર કરેલાં છે.

વડોદરા યુનિવર્સિટીના કળાના આવા પાઠ્યક્રમમાં પાર થએલો પદવીધર કલાકાર હવે માત્ર મૂંગો ચિત્રકાર નહિ રહે, પણ પોતાના સમાજમાં અને પોતાના વર્તુલમાં કળાની ચર્ચા, મીમાંસા, પ્રશ્નોત્તરો અને નિર્ણયો પ્રકટ કરી શકશે, સ્થાપી કે પ્રવર્તાવી શકશે ને કલાદ્વારા જનમંડળમાં નવી રસિકતા ને વિચારપૂર્ણ રંગરચના તથા રૂપવિધાનથી સંસ્કાર ને સુરુચિની સ્થાપના કરશે, એવી શુભેચ્છા સફળ હો.

આ અંકના પૂઠા પરનું ચિત્ર જે પદ્ધતિએ આલેખાયું છે તે

લીથો-છાપ

છાપાં-ચોપડીઓ અને આલ્બમોમાં જે ચિત્રો છપાય છે તે વિવિધ મુદ્રણ પદ્ધતિઓથી છપાય છે, જેમાં કૅમેરાની મદદથી તેની પ્રતિકૃતિ પતરા, પત્થર કે રબર ઉપર ઉતારીને, અને અમુકને તો અત્યંત બારીક બિંદુઓમાં છેદીને છાપ લેવામાં આવે છે. આમ, એક રીતે ચારાણીએ ચળાઇને ત્રીજે હાથે જે છાપ મળે તેમાં મૂળ કલાકૃતિની અદ્દલ પ્રતિકૃતિ ન મળતા મૌલિકતાના અંશની કંઈક ને કંઇક ઊણપ રહી જ જાય છે. પણ બેચાર પદ્ધતિઓ એવી છે કે જેમાંથી આપણને કલાકારની કલમની કે હસ્તકૃતિની સીધી જ છાપ મળી શકે છે: 'વૂડ-કટ' એટલે કે કાષ્ઠખુદાઇમાં, કલાકારે સ્વહસ્તે લાકડામાં કોરેલી કલાકૃતિ ઉપર સીધો કાગળ દાબીને છાપ મળી શકે છે; 'ઇચિંગ' એટલે ત્રાંબાના પતરા ઉપર તીણી અણિયાળી સોય વડે કલાકારે કોરેલી કૃતિની પણ એ જ રીતે દાબ-છાપ મળે છે. એવી જ એક પદ્ધતિ 'લીથોગ્રાફી' છે. એમાં એક ખાસ બનાવટના કરકરા પત્થર કે જસતના પતરા ઉપર, કલાકાર એક વિશિષ્ટ બનાવટની ચીકણી પેન્સિલ કે ક્રૅયોન વડે ચિત્ર આલેખે છે, ને તેના પર એવી જ ચીકણી શાહી લગાડીને છાપ ઉતારાય છે. પણ કોતરણીથી થતાં 'વૂડકટ' અને 'ઈચિંગ'માં કલાકારને એક મર્યાદા નડે છે. એમાં તેને પોતાની કૃતિ કેવી નીવડી છે તેનો હૂબહૂ ખ્યાલ તો તેની છાપ ઊતરે ત્યારે જ આવી શકે છે; જ્યારે લીથોગ્રાફીમાં તો પેન્સિલ વપરાતી હોવાથી, તે ચીતરતો જાય છે તે સાથોસાથ તેની નજર સામે જ કૃતિ વિકસતી જાય છે; એટલે તેમાં કાંઈ ઊણપ રહેતી હોય તો તે સુધારતો જઈ શકે છે. 'વૂડકટ' ને 'ઇચિંગ'માં બીજી એક મર્યાદા એ છે કે તેમાં કેવળ નક્કર તીવ્ર રેખાઓ જ ઊતારી શકાય છે; જ્યારે લીથોગ્રાફમાં પેન્સિલ ને ક્રૅયોન વડે ચડઊતર પલટા આલેખી શકાય છે અને ઈચ્છા હોય તો પીંછી વડે પણ કામ કરી શકાય છે. ઉપરાંત રેખાચિત્રો તો આલેખાય જ છે.

પણ લીથોગ્રાફીમાં એક મર્યાદા એ છે કે આલેખવાનો પત્થર, કલાકાર પોતાની ઈચ્છા મુજબ સાથે ફેરવી શકતો નથી. આથી મોટે ભાગે કાગળ ઉપર ખાસ ચીકણા ક્રૅયોન વડે કરેલું આલેખન પત્થર ઉપર ટ્રાન્સ્ફર કરી લેવાય છે. એમાં કલાકારને એક બીજો પણ લાભ છે. વૂડકટ તથા ઇચિંગની માફક, લીથોના પત્થર કે પતરા ઉપર તો તેને અવળું ચિત્ર આલેખવું પડે છે; તો જ તેના ઉપર દાબેલી છાપ સવળી ઊઠે, પણ ટ્રાન્સ્ફર પેપર ઉપર તો તે સવળી જ કૃતિ ચીતરી શકે છે, જે પત્થર પર ઉતારતાં અવળી પડે અને તેના પરથી કાગળ દાબીને સવળી છાપ ઊતરે.

આ પછીની, ટ્રાન્સ્ફર કરવાની ને છાપ લેવાની ક્રિયાઓ એટલી બધી અટપટી, કાળજીભરી, અને ટેકનિકલ છે કે તેને સમજાવતાં મોટો લેખ થાય. તેની વળી કોઇ વાર વાત. હાલ અહીં તો તેનો ઉલ્લેખ એટલા પૂરતો જ છે કે નામી કલાકારની મૂળ હસ્તકૃતિ પણ માફકસર મૂલ્યથી આ પદ્ધતિ દ્વારા મળી શકે છે. આ અંકના પૂઠા ઉપરની કૃતિ એક લીથોગ્રાફનો નમૂનો છે.

વડોદરાની શ્રી સયાજીરાવ યુનિવર્સિટીમાં જૂન ૧૯૫૦થી, હિંદભરમાં સૌ પ્રથમ એવો, મૅટ્રિક પાસ થએલા વિદ્યાર્થીઓ માટે ચાર વર્ષનો ડિગ્રી-કૉર્સ શરૂ થશે. તે ઉપરાંત ત્યાં ચિત્ર, પ્રતિમા અને શિલ્પના વિવિધ અભ્યાસક્રમો માટે સર્ટિફિકેટ કોર્સ, ડિપ્લોમા કોર્સ વગેરેની ગોઠવણ પણ છે. તેની તાલીમ નિષ્ણાતો જ આપશે. ચિત્ર-કલા ઉપરાંત ત્યાં સંગીતનો પણ એવો જ અભ્યાસક્રમ યોજાયો છે. એ બંને પૈકી કોઇ પણ માટે વિગત જાણવા ઈચ્છનારાઓએ નીચેને સરનામે લખવું: ફાઈન આર્ટ્સ ઑર્ગેનાઇઝર, શ્રી સયાજીરાવ યુનિવર્સિટી, પુષ્પબાગ, યુનિવર્સિટી રોડ, વડોદરા.



'દરેક માણસ મહાન ન થઈ શકે પણ ઉત્તમ નાગરિક જરૂર થઇ શકે' એ સૂત્રને સામે રાખી, ગરીબીમાંથી આપબળ, અભ્યાસ ને આદર્શભક્તિ વડે ઉન્નત જીવનવિધાન કરનાર

The ultimate truth in man is not in his intellect or in his material wealth; it is in his imagination of sympathy, in his illumination of heart, in his activities of self sacrifice, in his capacity for attending love far and wide across all barriers of caste and colour, in his realizing this world not as a storehouse of mechanical power, but as a habitation of man's soul with the eternal music of beauty and its inner light of divine presence.

મનુષ્યજીવનનું ખરું મહત્ત્વ તેના બુદ્ધિવૈભવમાં કે ધનદોલતમાં નથી; પણ એનામાં દયાભાવ જાગૃત હોય, હૃદય પ્રકાશમાન હોય, સ્વાર્પણ માટે હમેશાં તત્પરતા હોય, ને જાતભાતના વાડા વટાવી તે વિશાળ પ્રેમભાવ વિસ્તારી શકતો હોય; તથા આ જગત કેવળ યંત્રબળની જમાવટ કરવાનું થાણું જ માત્ર નહિ, પણ સૌંદર્યનું અનંત જ્ઞાન ગાતા માનવઆત્માનું નિવાસગૃહ છે ને તેમાં પરમાત્મા સતત પ્રકાશી રહેલો છે એવું તે ભાન ધરાવે; તેમાં જ તેના જીવનની સાર્થકતા છે. (રવીન્દ્રનાથે અમદાવાદ સાહિત્ય પરિષદમાં આપેલા ભાષણમાંથી).

ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ

લેખક - રવિશંકર રાવળ

અમદાવાદમાં ઇ. ૧૯૨૦માં ભરાએલી છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ એક યાદગાર પ્રસંગ બની ગઇ. તેમાં ડૉ. હરિપ્રસાદનો ફાળો ખરેખર નોંધપાત્ર હતો. તેનો દરેક પ્રસંગ ભવ્ય અને લોકભોગ્ય કેમ બને તેની તેમને બહુ ધગશ હતી. સાહિત્ય પરિષદ માત્ર ભાષણો અને નિબંધો વાંચવાનો મેળાવડો જ બની રહે એ તેમને ગમતું નહોતું. સ્વ. રણજિતરામની ભાવના પ્રમાણે દેશના સર્વ સંસ્કારોને વિકસાવે એવો સાહિત્યનો ઉદ્દેશ હોવો જોઇએ. તે સમયમાં સાહિત્ય પરિષદ તરફ જનતાનું બહુ ઓછું આકર્ષણ હતું. સ્વ. રણજિતરામના પ્રયાસથી કલાપ્રદર્શનનો વિભાગ શરૂ થયો હતો, તેથી મારા જેવાને પણ કંઈક કામ મળ્યું. પણ દાક્તર તો મહત્ત્વાકાંક્ષી હતા. એ વખતે બંગાળના સાહિત્ય તરફ ગુજરાતને બહુ આકર્ષણ હતું, અને કવિવર ટાગોરને નોબેલ પારિતોષિક મળ્યું ત્યારથી તો તેમનાં કાવ્યો બહુ વંચાવા લાગેલાં. મૂળ બંગાળી તો કોઈ બેપાંચ જણે વાંચેલાં હશે, પણ એમની અંગ્રેજી 'ગીતાંજલિ' અને 'બીજનો ચંદ્ર' (ક્રેસન્ટ મૂન) તો સાહિત્યપ્રેમીઓ અને કૉલેજિયનો ઉમળકાથી વાંચતા. આવા જગપ્રસિદ્ધ સાહિત્ય સર્જકનો ગુજરાતને પરિચય થાય તો ગુજરાતના સાહિત્યમાં નવચેતના આવે અને સાહિત્યનું ગૌરવ લોકો સમજતા થાય, એ વાત કાર્યવાહક મંડળમાં મુકાતાં સૌને ખૂબ ગમી ગઈ. પણ એવા મહાપુરુષને આમંત્રણ કોણ આપે કે જેથી એઓ નકારી ન શકે. ડૉકટરે એ ગાંધીજી દ્વારા કરાવવા બીડું ઝડપ્યું. ગાંધીજી પાસે તો એ લગભગ રોજ જતા. વાત સાંભળતાં જ ગાંધીજીએ કહ્યું, 'કાગળ લખતાં ટાગોર આવશે તો જરૂર, પણ એ તો રાજવંશી જેવા છે; એમનો નિવાસ, વાહન, સગવડો વગેરે એમના મોભા પ્રમાણે થવાં જોઇએ.' એ વાતનો તોડ પણ ડૉકટરે કાઢ્યો. ડૉકટરના મિત્ર સ્વ. કરુણાશંકર કુબેરજી ભટ્ટ શ્રી સરલાદેવી અંબાલાલ સારાભાઇના શિક્ષક બન્યા હતા ને તેમના સંપર્કથી એ કુટુંબમાં વિદ્યા અને સાહિત્ય તરફ સદ્‌ભાવ જાગૃત થયો હતો. તેમણે ટાગોર વિષેની સાહિત્યસભાની મુશ્કેલી ત્યાં જણાવી. એ પરથી ગુરુદેવના ઉતારાની સર્વ ચિંતા શ્રી સરલાદેવીએ ઉપાડી લીધી અને ૧૯૨૦ની તા. ૨-૩-૪ એપ્રિલે ગુરુદેવ ટાગોરની હાજરી નીચે એ સાહિત્ય પરિષદનો ઉજ્જ્વલ સમારંભ સંપન્ન થયો.

એક તરફ ડૉકટરે ગુરુદેવને જેમ મેળવી આપ્યા, તેમ બીજી તરફ તેમની આગળ ગુજરાતની લાક્ષણિક સંસ્કારિતા રજૂ કરવાના કાર્યક્રમો પણ ગોઠવ્યા. રાણીબાગમાં ગુરુદેવ માટે જે સમારંભ રચ્યો તેમાં કન્યાઓના ગરબા ને ભજનિકોની મંડળીઓ ગોઠવી. એકતારા અને ભજનોની ધૂન ચાલતી હતી ત્યાં શ્રી સરલાદેવી સાથે ટાગોર અને ગાંધીજી આવ્યા. દાક્તર તેમને બધે દોરતા હતા. ભજનમંડળી પાસે ટાગોર ખૂબ ઊભા રહ્યા. ડૉકટરે તેમને ભજનોનો અર્થ અંગ્રેજીમાં સમજાવ્યો અને કહ્યું કે ગુજરાતની જનતાના અંતરનો આ જ્ઞાનપ્રવાહ હજુ યે સજીવ છે. કન્યાઓના ગરબા જોઇને તો ટાગોરે પ્રસન્ન થઈ કહ્યું 'એમને (ગરબા ગાનારીઓને) શાંતિનિકેતન મોકલો; હું રાજવંશીની જેમ મારે ત્યાં રાખી તેમની પરોણાગત કરીશ અને બંગાળી બાળાઓને આ ગરબા શીખવાડી તેમને તરત વિદાય કરીશ.'

પ્રજાજીવનની સર્વ રસસામગ્રી માટે ડૉકટરને પ્રબલ સદાગ્રહ હતો અને તેનું પુનર્જીવન થઈને પ્રજા ફરી પોતાનાં રસપાત્રોનું સન્માન કરે એ તેમના અહોનિશ નિષ્કામ પ્રયત્નો હતા. સાહિત્ય પરિષદનું



કલાપ્રદર્શન મુંબાઈના કલારસિક શેઠ સ્વ. પુરુષોત્તમ વિશ્રામ માવજી-એ ખુલ્લું મૂક્યું, તેના પ્રારંભમાં પણ ડૉકટરે અમદાવાદનાં કલા-સ્થાનો અને જૂના કલાકારો તથા કારીગરોને માટે ખૂબ કુમળકાથી બિરદાવલી કરી હતી. 'હિંદદેવી'ના ચિત્રકાર મગનલાલ મારતરની કલા, સોમનાથ ભૂધર મિસ્ત્રીનાં પેઢીઉતાર ઉત્કૃષ્ટ લાકડાનાં કોતર-કામ, અને સ્વ૦ શિલ્પીઓ રણછોડ તથા ગુલાબજીની કારીગરીનો એમણે પરિચય આપ્યો; અને અમદાવાદની જગવિખ્યાત મસ્જિદો મંદિરો ને કારીગરો સાથે સહકાર્યકર્તાઓને પણ તે ભૂલ્યા નહોતા.

ટાગોરની પ્રસાદીનો રસ લેવા અધીરા ગુજરાતી યુવાનો અને વિદ્વાનો માટે આ સમારંભ વેળા એક બીજો પ્રસંગ પણ રચાઈ ગયો. ગુરુદેવની સાથે શાન્તિનિકેતનના વિદ્વાન આચાર્ય ક્ષિતિમોહન સેન પણ આવેલા. તેમની અને કરુણાશંકરભાઇની ઠીક ગાંઠ બેઠી. તેઓ હિંદી સારું જાણતા અને કરુણાશંકરભાઈ અંગ્રેજી મુદ્દલ ન જાણતા, એટલે તે બધી વાત હિંદીમાં જ કરતા. તેમને વિનતિ કરવાથી તેમણે ટાગોરનાં મૂળ બંગાળી કાવ્યો વાંચી હિંદીમાં સમજાવવા માટે તજવીજ કરી. ત્યાં પહેલી જ વાર ઘણાએ બંગાળી ઉચ્ચારણમાં કવિનાં કાવ્યો સાંભળ્યાં. તેની સાથોસાથ થતાં ક્ષિતિમોહનસેનનાં વાર્તિકથી બધાંને પરમ સંતોષ થયો અને ઘણા ઊગતા સાહિત્યકારોમાં સા-હિત્યનું અભિનવ દર્શન પ્રકટ્યું. મેં કવિવરનું 'સોનાર તરી' કાવ્ય એ વખતે પહેલું સાંભળ્યું. તેની અસર એટલી બધી રહી ગએલી કે ઘણાં વર્ષો પછી રઢ લઈને સ્વ. મેઘાણી પાસે તેનો ગુજરાતી અવતાર કરાવી 'કુમાર'માં છાપેલો. એ આખા યે પ્રસંગ પછી કંઈક નવી જ્યો-તિઓ ગુજરાતી સાહિત્યમાં ઝબકી ને જૂની રૂઢિના સાહિત્યજીવનમાં-થી નવી પેઢીને નૂતન અવકાશ મળ્યો. ભાઈ વિજયરાય વૈદ્ય અને સ્વ. બટુભાઈ ઉમરવાડિયાએ તો પોતાના નવા શરૂ કરેલા માસિક 'ચેતન' પત્રમાં તે સ્વીકાર્યું પણ ખરું. આ બધા પુણ્યનો યશ ડૉ. હરિપ્રસાદને આપીએ તો જરાયે ખોટું નથી.

એ પરિષદ ખૂબ સફળ ગણાઈ. પ્રદર્શનની મારી કામગીરી પણ બધાને નવા પ્રકારની અને પ્રગતિદર્શક લાગી. મારા મિત્ર સ્વ. હાજી-મહમ્મદે એ પરિષદનો અહેવાલ આપતો ડૉકટરે લખેલો લેખ તથા તેનાં ફોટો-ચિત્રો પોતાના 'વીસમી સદી' માસિકમાં ખૂબ વિસ્તારથી પ્રકટ કર્યા, તેથી અમદાવાદના મિત્રોમાં મારા માટે લાગણી વધી. પ્રદર્શન ઉપર મેં સ્વ. હીરાલાલ પારેખને એક વિવેચનનોંધ લખી આપી તે પ્રજાબંધુમાં અગ્રલેખ તરીકે છપાઈ. પ્રસિદ્ધિના ક્ષોભથી મેં મારું નામ નહોતુ આપ્યું, પણ ડૉકટરે તે વાંચી ખૂબ આનંદ દર્શાવ્યો ત્યારે મને ગુપ્ત આનંદ થયો હતો.

પરિષદના એ એક માસ સુધી મેં ઘરમાં કે મારા કામમાં ધ્યાન આપ્યું નહોતું. અમદાવાદમાં મારા ચિત્રકામના ઘરાકો હજુ દેખાયા નહોતા એટલે ખર્ચ તથા આવકમાં પણ ખૂબ ખમવું પડેલું. ઉપરાંત થાક અને ઉજાગરાથી પાછળથી તબિયત બગડી, એટલે નાઈલાજે ઘર બંધ કરી હું કુટુંબને લઈ ભાવનગર પિતાને આશ્રયે જતો રહ્યો. થોડા વખત પછી ડૉકટર, સ્વ. હીરાલાલ પારેખ, શ્રી પ્રાણલાલ કીરપારામ દેસાઈ તથા મોતીલાલભાઈ વગેરે ચારપાંચ મિત્રો સૌ-રાષ્ટ્રના પ્રવાસે નીકળ્યા અને તેમાં ભાવનગરની મુલાકાત ગોઠવી. હું તો બિછાને હતો, બેત્રણ દિવસ એ બધા ભાવનગરમાં મારે ત્યાં રહ્યા તેમાં બધા વધુ નિકટ આવ્યા અને તેમનો સંબંધ મને એ વખતના અમદાવાદમાં લીલી વાડી જેવો સુખદ લાગવા માંડ્યો. બીજી રીતે તો અમદાવાદ ત્યારે તો કેવું હતું તેને કવિવર ટાગોરના વ્યાખ્યાનનું આ વાક્ય ઉચિતરીતે લાગુ પડે છે, 'When the material makes itself too aggressive and furiously multiplies itself into unmeaning voluminousness, barmony of creation is disturbed and truth is obs-cured.' (જ્યારે ધનસંપત્તિનું બળ વધુપડતું થઇ જાય છે અને કોઇ અર્થ વિનાના પ્રમાણમાં તે ભયંકર રીતે વિસ્તાર કરે છે ત્યારે સર્જ-નનું સ્વારસ્ય બગડી જાય છે ને સત્ય અલોપ થાય છે.) પ્રદર્શનના દિવસોમાં મારા મિત્ર સ્વ. પ્રો. હરિલાલ ભટ્ટે પણ જૂનાગઢથી પત્ર (૨૪ ૪-૧૯૨૦) લખ્યો હતો કે, 'અમદાવાદ સર્વને રસહીન લાગે છે અને આનંદશંકરભાઈએ તો એ જાહેરમાં કબૂલ કર્યું છે. મહાત્મા ગાંધીજી તેને સ્વાર્થ છોડતાં અને આત્મસમર્પણ કરતાં કેટલે દરજ્જે શીખવે છે એ જોવાનું છે.' નવજીવનમાં તો ગાંધીજીના તત્સંબંધેના લેખ માટે સ્વામી આનંદે ભારતમાતાનું ચિત્ર કરાવી પ્રકટ કર્યું હતું અને તેની વાત ડૉકટરે ગર્વપૂર્વક અનેક વ્યાખ્યાનોમાં કરી હતી.

મારી બીમારી અને નિર્વાહ પૂરતી આવકના પણ અભાવને જ લીધે મને અમદાવાદ છોડી દેવાનો પણ વિચાર આવી ગયો; એવામાં કલકત્તાના ઍલ્યુમીનિયમના વેપારી જીવણલાલ કંપનીના ભાગી-દાર શ્રી રામજીભાઇ હંસરાજનો પત્ર આવ્યો કે તેઓએ શ્રી મોતી-ભાઇ અમીન સાથે બીજા કેટલાક યુવાનોને લઈ બંગાળનો પ્રવાસ ગોઠવ્યો છે અને મારે તેમાં સામેલ થવું; તે સાથે તેમણે મારી બીમારીના ખબર જાણી ગુજરાતના કલાકારની ખબર લેનાર એક વિરલ ગુજરાતી તરીકે મને ઉત્સાહ આપે એવી રકમ પણ મોકલી આપી. એ પત્રથી મને શ્રદ્ધા પ્રકટી કે મારા માટે જીવનકાર્ય પડ્યું છે અને ખબર લેનાર ભગવાન છે. મેં વિનયપૂર્વક તે પત્રનો જવાબ આપ્યો ને એ બદલ કંઇક પણ કામ મારી પાસેથી તેઓ લેશે એ શરતે તેનો સ્વીકાર કર્યો. આ પ્રવાસનું વિગતવાર વર્ણન મેં નવચેતનમાં પ્રકટ કર્યું હતું. પણ મુદ્દાની વાત એ છે કે એ પ્રવાસ પછી મારી નિરાશા ઊડી ગઈ. કલકત્તા, શાંતિનિકેતન, કાશી વગેરે જોઈ મનને ખાતરી થઈ કે મારી સાધના નકામી નહિ જાય અને હું ગુજરાતમાં





ઉપર : ડૉ. હરિપ્રસાદ-યુવાન વયે; સામેના પાના ઉપર: ડૉ. હરિપ્રસાદ મધ્ય વયે જ્યારે મૂછો રાખતા ત્યારે; લેખને મથાળે આપેલી છબિ: ડૉ. હરિપ્રસાદ છેલ્લા સમયમાં-એ રીતે, પાછળ હાથ રાખીને ઊભા રહી ભાષણ કરતા એમને સૌએ જોયા છે. સામેનું ચિત્ર: અમદાવાદની છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ વખતે ડૉ. હરિપ્રસાદે યોજેલી ભજનિકોની મંડળી વચ્ચે કવિવર રવીન્દ્રનાથ, શ્રીમતી સરલાદેવી તથા મહાત્મા ગાંધીજી. (ત્યારે ટોપી પહેરતા હતા.) પાછળની હારમાં : કવિવરની જોડે આચાર્ય ક્ષિતિમોહન સેન, તથા ગોંડળના વિદ્યાધિકારી ચંદુલાલ પટેલ.

કલાની ચેતના માટે કૃતનિશ્ચય બન્યો. વિદ્યાર્થીઓને કળાનો ઉચ્ચતર અભ્યાસ કરાવવા મેં એક 'ગુજરાત કલામંદિર' નામની સંસ્થા સ્થાપી, પીરમશા રોડ પર જીવનલાલ અમરશીના પુસ્તકભંડારમાં તેનો વર્ગ ખોલ્યો. પણ મહિનાઓ સુધી ચારપાંચ વિદ્યાર્થી ઉપર સંખ્યા વધી નહિ. ને તેમાં પણ એકબેને તો મારે જ મદદ કરી નિભાવવા પડતા. શહેરના ડ્રૉઈંગ માસ્તરોને બોલાવી બેઠકો કરી, પણ ખાતાના ચોકઠાથી બનેલું ગુલામી માનસ બદલી ન શકાયું. ઘણાને મારા પ્રયત્નો રેતીમાં બાગ કરવા જેવા લાગ્યા, પણ ડૉક્ટર વારંવાર બધા ખબર પૂછ્યા કરતા.

ભાવનગરથી આવીને મેં કલામંદિરનું પાટિયું ઉતારી લીધું અને ખર્ચ કમી કરી નાખી ઉત્સુક વિદ્યાર્થીઓને ઘરમાં જ મફત પાઠ આપવા લાગ્યો. એ વખતે ડૉક્ટરના દવાખાને શ્રી અંબુભાઇ પુરાણી વખતોવખત મળતા. તે એમના અખાડાનું એક હસ્તલિખિત માસિક ચલાવતા, જેમાં પોતે ચિત્રો પણ કરતા અને એકબે વિદ્યાર્થીઓ પાસે પણ ચિત્રો કરાવતા. તેમાં ભાઇ કૃષ્ણલાલ ભટ્ટ અને બીજા એક બે જણ હતા, તેમને લઇને એક વાર તે મારે ઘેર આવ્યા. અંબુભાઈ પણ 'મૉડર્ન રીવ્યૂ'માં કલાના નવઉત્થાનના લેખો વાંચી રાષ્ટ્રીય કળાના ભક્ત બન્યા હતા. મારી વિચારસરણી અને ઉદાર કાર્યનીતિથી તેમનો સમાગમ વધ્યો અને એમ અમે મિત્રો બન્યા. મેં ચિત્રશાળાનો બોજો કાઢી નાખ્યો હતો અને મુંબઈથી મળતાં કામો કર્યે જતો હતો. તે વખતે વાર્તાઓ અને લેખોનાં ચિત્રોનું કામ પણ મારી પાસે ઠીક પ્રમાણમાં આવતું, પણ અમદાવાદમાંથી કશું નહિ. છતાં અમદાવાદના સંસ્કારી મંડળમાં મારા માટે એક પ્રકારના આદર અને સદ્ભાવની લાગણી પ્રકટી. સુભાગ્યે મને રાયપુર બકરાની પોળમાં સગવડવાળું નવું ઘર મળ્યું ત્યારથી નિરાંતનો અનુભવ થવા લાગ્યો. આ ઘર ડૉક્ટર સાહેબના દવાખાનાથી વધુ નજીક હતું એટલે અમારો સંસર્ગ રોજનો થયો, અને કરુણાશંકર માસ્તર જે અંબાલાલભાઈ ને ત્યાં મુખ્ય અધ્યાપક હતા તે પણ ત્યાં મળતા એટલે કળા, સંસ્કાર અને શિક્ષણની અનેક વાતો ત્યાં છણાતી.

એવામાં એક અનોખો બનાવ બન્યો. અંબાલાલ શેઠે પોતાનાં બાળકોની કેળવણી માટે પોતાને ઘેર એક સંપૂર્ણ શાળા રચવાનો નિશ્ચય કર્યો હતો અને તેમાં એક ઉચ્ચ પંક્તિના કળાકાર શિક્ષક મેળવવા મુંબઇ તેમજ બંગાળનાં પત્રોમાં જાહેર ખબર આપી હતી. મને છેક છેલ્લી તારીખે શ્રી સરલાદેવીના ગૃહમંત્રી મારા મિત્ર નંદલાલ દલાલે રસ્તે મળતાં પૂછ્યું કે આ જગ્યા માટે મેં અરજી કેમ ન કરી? એમના કહેવાથી મેં એક સાદા નોટ પેપર અરજીના રૂપમાં પત્ર લખ્યો કે 'ગુજરાતમાં યોગ્ય માણસના અભાવને કારણે આપને નિરાશ થવું ન પડે એટલા માટે હું આ જગ્યા માટે મારી ઉમેદવારી મૂકું છું.' વગેરે. મને નોકરી માટે તિરસ્કાર તો હતો જ, પણ મારા મિત્ર સ્વ. હાજીમહમ્મદનો સ્વર્ગવાસ થયો હતો અને


યોગાસનો

આપણાં શરીર, મન અને જ્ઞાનતંતુઓ, ત્રણેને એકીસાથે સ્વસ્થ રાખતી અનન્ય વ્યાયામપદ્ધતિ

[૨] સર્વાંગાસન

લેખક
હારુભાઈ શુકલ

આ આસન કરવાથી શરીરનાં બધાં અંગોને કસરતનો લાભ મળે છે, તેથી તેનું નામ સર્વાંગાસન છે. જે આ કોઈપણ કારણસર શીર્ષાસન કરી ન શકે તે આ આસન કરીને પણ શીર્ષાસનના બધા લાભ મેળવી શકે છે.



પ્રથમ તમારા પાથરણાને લાંબું પાથરો અને તેના ઉપર નિરાંતે લાંબા થઈને ચત્તા સૂઈ જાઓ. પછી, બંને પગ સાથે રાખીને ધીમેધીમે ઊંચકો, અને જમીન સાથે લગભગ ૩૦ અંશનો ખૂણો થાય એટલે પગને થોડીક ક્ષણ થોભાવો. પછી ફરી પાછા પગને ઊંચકો ને ૬૦ અંશનો ખૂણો કરી થોભાવો. છેવટે પગને ઊંચકીને જમીનથી બરાબર કાટખૂણે રાખો.

હવે શરીરને કમ્મર પાસેથી ઊંચું કરો, અને હાથનો ટેકો આપીને ખભાના પાછળના સ્નાયુઓ ઉપર ઊભું રાખો. પછી, છાતીના ઉપરના ભાગમાંનાં હાડકાંથી જે લગભગ ત્રિકોણ જેવી જગ્યા થાય છે, ત્યાં તમારી હાઢીને દબાવો, ને નજરને પગ સામે રાખવાને બદલે ગળામાંની થાઈરૉઈડ ગ્લૅન્ડ (પ્રાણગ્રંથી) ઉપર મનને સ્થિર કરો. અર્ધી કે એક મિનિટથી શરૂ કરીને, જો આ આસન એકલું જ કરવું હોય તો, તે ચોવીસ મિનિટ સુધી કરી શકાય. પણ જો બીજાં આસનોની સાથે એ કરવું હોય તો એને વધારેમાં વધારે સમય છ મિનિટનો આપવો.

હવે, શરીરને જે ક્રમમાં ઊંચક્યું હતું તે જ ક્રમમાં ધીમેધીમે પાછું નીચે ઉતારો. પગને એક નીચા લેતાં અગાઉ પહેલાંની જેમ જ ક્રમવાર ૬૦, ૬૦ ને ૩૦ અંશના ખૂણા કરો, અને પછી જ પગને લાંબા કરો.

આ આસનથી પ્રાણગ્રંથીઓ અને જાતીય ગ્રંથીઓ પર ઘણી સારી અસર થાય છે અને એનાથી આખું શરીર ચેતનવાળું બને છે.

મેં તેમના સ્મરણમાં ગ્રંથ બહાર પાડવાનું માથે લીધું હતું, તેના સંપાદન માટે રોકેલા શ્રી બચુભાઈ રાવતના ખર્ચને તેમજ છાપખાનાનાં બીલોને પહોંચી વળવાનું વગેરે મને તંગ કરી રહ્યાં હતાં, એટલે હું આ તક માટે આકર્ષાયો; અને કોઈ અજબ સંકેતની પેઠે ત્રીજે દિવસે મને અંબાલાલ શેઠે બોલાવ્યો અને મેં એક વર્ષ માટે બાળકોના ચિત્રશિક્ષક બનવાનું સ્વીકારી આગળની વાત પરસ્પરના અનુભવ ઉપર રાખી.

ડૉકટર વગેરે મારું મિત્રમંડળ તો આ ખબરથી હરખાયું. કળાકારને યોગ્ય પગાર અને સગવડ સાથે ચિત્રશિક્ષણ માટે રોકનાર શ્રીમંતની પણ એ વખતે વાહવાહ ગણાઈ. પણ મારા વ્યાપક સર્જનવ્યવહાર અને લોકસંપર્ક ઉપર એથી મર્યાદાઓ આવી ગઈ તે હકીકત મારે માટે એક મહાન મનોમંથન હતું.

એ જ વર્ષમાં અમદાવાદે રાષ્ટ્રીય મહાસભાને (કૉંગ્રેસને) આમંત્રી અને ડૉકટર હરિપ્રસાદે ગાંધીજી સાથે વાદ કરીને પણ મહાસભાના મંડપમાં ફૂલો ને ચિત્રોનાં સુશોભનો કરવાનું મંજૂર કરાવ્યું. તેમની ઇચ્છા પ્રમાણે મંડપ માટે મેં છએક મુરલ ચિત્રોના સ્કેચ તૈયાર કર્યાં અને તેનું મોટા મુરલ માપમાં શ્રી કલ્યાણજીભાઈ શુકલ જે મારા કામમાં મદદ કરતા તેમને કરવાનું સોંપ્યું. ડૉકટરે એ ચિત્રો ખૂબ હોંશથી કૉંગ્રેસના મંડપમાં ગોઠવાવ્યાં. તેમાં ખર્ચ તો ઘણું થયું હતું, છતાં કૉંગ્રેસને રાહત આપવા તે ચિત્રો વેચવાનું જાહેર કર્યું. અમદાવાદમાંથી કોઈ તેનું લેનાર ન મળ્યું અને શ્રી જગનાલાલ બજાજ તે ખરીદી ગયા એથી ડૉકટરનો જીવ બહુ બળ્યો. તેમાં તેમની માનીતી ચિત્રકથાઓ હતી, જે પૈકી એકમાં દધિચિ ઋષિનો દેહત્યાગ ચીતરાવી તેમણે ગાંધીજીના સંકલ્પનું સ્મરણ કરાવ્યું હતું.

શહેર બહાર હું જ્યાં રહેતો હતો ત્યાં આસપાસ શરદીનું વાતાવરણ રહેતું. એક રાત્રે શહેરમાંથી મારતી સાઇકલે ઘેર આવ્યો ત્યારે સૂતી વખતે જણાયું કે ન સમજાય એવી શ્વાસની મૂંઝવણ થાય છે. જેમતેમ કરી મેં રાત કાઢી, ને સવાર સુધી તો જીવાશે નહિ એવું લાગવા માંડયું. સવારમાં ડૉકટર સાઈકલ પર બરોબર સાડાઆઠ વાગે ત્યાંથી સર ચિનુભાઇના બંગલે જવા નીકળતા એ મને યાદ આવ્યું, એટલે રેલવેના ફાટક આગળથી એમને બોલાવી લાવવા મારા ચિ. નરેન્દ્રને મોકલ્યો. થોડીક ઇંતેજારી પછી ડૉકટરની તંદુરસ્ત કાયા નિર્ભયતા પ્રસારતી મારી સામે હાજર થઈ. મને બરોબર તપાસી ધીમેથી કહ્યું, 'ગભરાશો નહિ, તમને આ દમની શરૂઆત છે. સૂઈ રહો ને દવા લેવા છોકરાને મોકલો.' એ પછી હું હરતો ફરતો થયો ત્યાં સુધી એમની સાઈકલ એ રસ્તે વાળી મારી ખબર રોજ લેતા ને મને આરામ થયા પછી પણ બે ઘડી ખબર અંતર પૂછી જતા. એવી સ્નેહલતા, તત્પરતા ને લાગણી જીવનભર તેમણે દાખવ્યાં છે.

દેશમાં હવે અસહકારનું પૂર ધૂઘવતું હતું. સર્વત્ર ઘણા બનાવો અને ફેરફારો થયા હતા. ડૉકટરે શહેરની મ્યુનિસિપાલિટીમાં શ્રી વલ્લભભાઇની મંડળીમાં એકનિષ્ઠપણે કામ આપવા માંડયું હતું. મુંબાઈની ચોપાટીના દરિયા પરની દીવાની હાર જોઈ કાંકરિયાની ફરતા એવા દીવા મુકાવવા તેમણે વલ્લભભાઇનો કેડો પકડયો હતો. એ પાર પાડી તેઓ મિત્રોને ત્યાં સાથે લઇ જતા અને સૂર્યાસ્ત પછી એ દીવાની રોશની પાણીમાં પડતી નિહાળી અમદાવાદ કેવું સુંદર થતું જાય છે એવો સંતોષ લેતા. અમદાવાદ એમને મન મકાનો અને માણસોનું એક નિવાસસ્થાન નહિ, પણ ગુજરાતના પાટનગરની પ્રતિમા હતું. અમદાવાદની વિવિધ બીનાઓ, તેની પ્રગતિ, ગાંધીજીની આગેકૂચ, વિદ્યાપીઠ, કૉંગ્રેસ એ બધાની વાતો કરતાં એ થાકતા નહિ.

(ચાલુ)



ઇમાન અને .... ઈનામ

લેખક
'સારંગ' બારોટ

દાદુમિયાંની પાંચેક દાયકા વિતાવી ચૂકેલી જિંદગીનો ભૂતકાળ પચરંગી હતો. જિંદગીના પહેલા દસકામાં એમણે એમના નાનાશા ગામની ગામઠી શાળાના શિક્ષકને પતરાની મજબૂત પાટીથી લોહીલુહાણ કરેલો. બીજા દસકામાં ગામના મુખીના ખેતરમાં ઝૂમતા જુવારના ઊભા પાકમાં પોતાની ઘોડી ચરાવેલી જેને પરિણામે ખૂબ જ મોટો ઝગડો જામી ગામલો તાલુકાની કચેરી સુધી પહોંચેલો અને દાદુમિયાંએ ટૂંક મુદતની સજા પણ ભોગવેલી. પણ આનું એક પરિણામ એ આવ્યું કે સજા પૂરી થતાં એ બહાર આવ્યા ત્યારે આસપાસનાં ગામોના તોફાની છોકરાઓના તે સહેલાઇથી મુખી બની શક્યા અને વ્યવસ્થિત ચોરીઓ કરનારી એક ટોળકી એમની સરદારી નીચે જામી. જિંદગીના ત્રીજા દસકાની શરૂઆતમાં દાદુમિયાંની કેટલીક ચોરીઓ પકડાઈ અને પુરવાર થઇ. થોડીક જમીન અને ઘર હતાં તે જપ્ત થયાં અને ગામના મુખી તેમજ ઠાકોર સાહેબની કરડી નજરના પરિણામે દાદુમિયાંને ત્રણ વર્ષની સખ્ત કેદની સજા થઇ. એમના સાથીઓ પણ દાદુમિયાંની આ સરકારમાન્ય મહત્તાના ઓછાવત્તા ભાગીદાર બન્યા.

એ ત્રીજા દસકાના મધ્યાહ્નકાળે બીજી વારની જેલમાંથી બહાર આવતાં જ જૂના સાથીઓ એકત્રિત કરી દાદુમિયાંએ એમના જાની દુશ્મન ગામમુખી અને ઠાકોર સાહેબની સાન ઠેકાણે લાવવા બહારવટું શરૂ કર્યું. પણ સાતેક વર્ષના એ બહારવટાની એમની કારકિર્દી ઊજળી હતી. એ દરમ્યાન ગામમુખીની જુવાન દીકરી ત્રણેક વાર એમના હાથમાં સપડાઇ, પણ ત્રણે ય વખત તેને બહેન ગણી કાપડાના પૈસા આપી જતી કરેલી, અને ત્રણે ય વખત એના બાપને કહેવડાવેલું કે 'દાદુ બહારવટું કરી જાણે છે. તારી દીકરીને હાથ નહિ લગાડું.' દાદુમિયાં સ્ત્રી, બ્રાહ્મણ અને માગણ જાતના ખેરખાં હતા.

પણ પછીનાં વર્ષોની વાતે પલટો લીધો. પાંત્રીસીએ પહોંચતાં પહેલાં એક દિવસ અચાનક જ દાદુમિયાંએ બહારવટું સંકેલી લીધું. સાથીઓને ભાવભીની આંખે વિદાય આપતાં એમણે એમને જીવનનો ખરો મર્મ સમજાવ્યો અને ચોરી-લૂંટનો ધંધો કરવો એ પાક પરવરદિગારની અવગણના કરવા જેવું છે એવો આદેશ દીધો. દાદુમિયાંનો આ ઇન્કિલાબ એક જબરદસ્ત કોયડા તરીકે દરેકના મનમાં રમી રહ્યો છે. સૌકોઈ જાણે છે તે માત્ર એટલું જ કે એમને કોઈ ફકીર મળી ગયો હતો જેની વર્ષોની મહેનત પછી દાદુમિયાં સદાચારી બન્યા હતા, અને એ ફકીરે પોતાની એક પાલિત બેટી જોડે દાદુમિયાંના નિકાહ પઢાવી દીધા હતા.

ગમે તેમ, પણ બહાદુર બહારવટિયા દાદુમિયાંનું જે નામ એક વખત લોકજીભે રમતું હતું તે શાન્તિથી વિલીન થઈ ગયું. બહારવટું સંકેલી લીધા પછી કોઈ વતનમાં તો રહી શકે એમ ન હતું, એટલે સૌ જુદીજુદી જગ્યાએ અને પરવડી શકે એટલા દૂર વિખરાઈ, કોઈ ને કોઈ ડાળે વળગી ગયા. દાદુમિયાં એમની બીબીને લઇ મુંબાઈ ગયા અને બહુપુત્રા મુંબાદેવીના પુત્રસમુદાયમાં અલોપ થઈ ગયા.

આજે એમને ત્રણ બચ્ચાં છે: બે દીકરી અને એક દીકરો. દીકરીઓ મોટી પરણાવવા લાયક થઈ ગઈ છે એ આજકાલ દાદુમિયાંની ચિંતાનો વિષય છે, કારણકે વિક્ટોરિયા ફેરવવાના ધંધામાંથી દીકરીઓની શાનદાર શાદી કરાવી શકાય એટલું ધન એ બચાવી શક્યા નથી. અને છતાં અલ્લામિયાંની બંદગી કરતા એ જિંદગીના દિવસો ટ્રામની ટોકરીઓ અને મોટરના હૉર્નથી ગાજતી મુંબાઇની સડકો પર ટૂંકા કરી રહ્યા છે. આવતી સાલ તો ગમે તેમ કરી બંને દીકરીઓના સાથે નિકાહ પઢાવવાનો એમણે પોતાની બીબી સાથે મસલત કરી નિશ્ચય કરી નાખ્યો છે. એ નિશ્ચયની ચિંતા એમના દિમાગમાં એવું ઘર કરી ગઇ છે કે ઘણી વાર એથી ઘેરાએલું એમનું મન ટ્રામની ઘંટડીના અવાજ કે મોટરનાં હૉર્ન પણ એમને સાંભળવા દેતું નથી.

એક વાર એમ શૂન્યમનસ્ક થએલા દાદુમિયાંની તંદ્રા એક સ્ત્રીના ઉપરાઉપરી આવતા અવાજે તૂટી. એમણે લગામ ખેંચી ગાડી ઊભી રાખી ને પેલી સ્ત્રી તરફ જોયું.

'અલ્યા બહેરો છે કે શું?—કોટમાં જવું છે; શું લઈશ?'

ફૂટડા ઘાટની એ ગુજરાતણના ગુલાબી હોઠમાંથી નીકળતું અપમાનજનક સંબોધન સાંભળી દાદુમિયાંએ (અનુ. પૃ. ૧૯૬મે)

ડાકોર અને ગળતેશ્વર

ગુજરાતનાં એ પ્રાચીન-અર્વાચીન તીર્થસ્થાનો વિષે અભ્યસનીય પ્રવાસલેખ · લેખક · અમૃતલાલ વ. પંડ્યા

લોકોના મનને એમ જ, કે મહીની નજીકમાં, વલ્લભવિદ્યાનગર (આણંદ) ખાતે બેઠેલા આ સંશોધકો ને સાહિત્યકારો, કે જે ગુજરાત અને ગુજરાત બહારની નવીન વાતો ખોળવા ગય્યા કરે છે, તે ઘર આંગણાનાં ડાકોર અને ગળતેશ્વર તો ક્યારના જઇ આવ્યા હશે. એટલે જે કોઇ ભેગું થાય તે અમારી સાથે ગળતેશ્વરની ચર્ચા ઉપાડે. અને શરમ સાથે મૂંડી નીચી કરી ગળતેશ્વર જોયું હોવાની અમારે ના પાડવી પડે! આ શરમને ટાળવા અનેકવાર પ્રયાસો કર્યા, પણ કંઇક ને કંઇક વિઘ્ન આવી જાય અને તે ન ટળે. હમણાં મહિના'ક દિવસના મંદવાડમાંથી હું ઠીકઠીક ઊગરી ગયો હતો અને બે'ક ટૂંકા પ્રવાસો પણ ખેડી નાખ્યા હતા (જોકે એ દરેક પ્રવાસમાંથી તબિયત બગાડીને જ પાછો ફરતો હતો), એટલે અમારી ગળતેશ્વર નહિ જોયાની શરમને ટાળવાનો નિર્ધાર કરી અમારા પ્રિન્સિપાલ શ્રી ડોલરરાય માંકડ મને આવીને કહી ગયા કે પરમ દહાડે આપણે ડાકોર થઈ ગળતેશ્વર જવાનું નક્કી કર્યું છે. પણ રાત્રે મને તબીબી સલાહ મળી કે મારે અઠવાડિયું જરાય બહાર નીકળવું નહિ. જવાનું હતું તેની સવારે શ્રી માંકડ સાહેબને મેં આ તબીબી વિઘ્નની વાત કરીને આવવા માટે અસમર્થતા દર્શાવી. પણ તેઓ કહે કે ડાકોર ખાતે છપ્પન ભોગ મળે તેની વ્યવસ્થા માટે ગઇ સાંજે અગાઉથી માણસ મોકલી દીધા છે. છપ્પન ભોગનું નામ સાંભળી આ ભાગણ ભાઈના મોંમાં પાણી આવી ગયું! થયું કે મહિના દિવસથી તો પથારીમાં છું જ, એટલે છપ્પન ભોગને લીધે બીજા પાંચ સાત દિવસ વધુ પથારી સેવવી પડે તો કાંઈ વાંધો નહિ. પણ ખાંડની અછતના આ સમયે છપ્પન ભોગની લાધેલી આ તકને તો જવા દેવી નહિ જ!

રાત્રે ૮ની ગાડીમાં અમે આણંદથી ઊપડી કલાકેકમાં ડાકોર જઇ પહોંચ્યા. અમારી મંડળીમાં પ્રિન્સિપાલ ડોલરરાય માંકડ, વલ્લભવિદ્યાનગરના બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય (એન્જીનીઅરિંગ કૉલેજ)ના સ્થાપત્યવિભાગ (Architecture)ના પ્રાધ્યાપક શ્રી રમણિકરાય ઠાકર અને હું એમ ત્રણ જણ હતા.

ગુજરાતમાં મુખ્ય વૈષ્ણવ તીર્થો બે જ છે: દ્વારકા અને ડાકોર. બંને સ્થળે રણછોડરાયજી બિરાજે છે. ડાકોર તીર્થની ઉત્પત્તિ દ્વારકામાંથી જ થઇ છે; એટલે ડાકોરજીનાં દર્શન વગર દ્વારકાની જાત્રા અધૂરી લેખાય છે, અને જે લોકો દ્વારકાની જાત્રાએ જઈ શકતા નથી તેઓ ડાકોરજીની જાત્રા કરી દ્વારકાના પુણ્યના ભાગીદાર બને છે. ડાકોરતીર્થની ઉત્પત્તિ વિષે જે દંતકથા છે તે 'કાવ્ય દોહન' ભાગ ૭ માં સદ્‌ગત શ્રી તનસુખરામ મનસુખરામ ત્રિપાઠીએ આપી છે. એ કવિ ગોપાલદાસ વિરચિત છે. બીજી કથા કપડવણજ પાસેના તોરણા ગામના એક વાણિયા કવિ રણછોડ ભગતે વિક્રમ સંવત ૧૮૬૯માં રચેલી 'રણછોડજીના ગરબા' રૂપે મળી આવે છે.

ભક્ત બોડાણો

કહે છે કે ડાકોરનું મૂળ નામ ડંકપુર* હતું. ત્યાં વજેસિંગ બોડાણા નામે રજપૂત રહેતો હતો, જે શ્રી કૃષ્ણનો મોટો ભગત હોવાથી ભક્ત બોડાણો કહેવાતો. રણછોડજીને ચડાવવા તેણે હાથમાં તુલસી ઉગાડ્યાં હતાં ને દર ચારચાર છ છ મહીને તે હરિનાં દર્શને ડાકોરથી દ્વારકા જતો હતો. આમ કરતાં કરતાં સિત્તેર વર્ષ વીતી ગયાં:

'સિત્તેર વર્ષ સેવા કરી શ્યામળિયો સમજાવાય રે,
ડાકોરથી તો દ્વારકામાંહે વર્ષે બેત્રણ ફેરા ખાય:
—રણછોડ રંગીલો.
કરમાં તુલસી વાવીને જઇ, ચતુર્ભુજને ચઢાવી રે;
પ્રભુજી તો પ્રસન્ન થયા ને, દિલમાં દયા આવી-રણછોડ૦

બોડાણો હવે ખૂબ ઘરડો થયો હતો. કથા કહે છે કે એક દહાડો દ્વારકામાં શ્રી રણછોડરાયજીએ બોડાણાને કહ્યું કે તારી ભક્તિ થકી હું પ્રસન્ન થયો છું અને વૃદ્ધાવસ્થાને લઇ તારાથી અહીં આવવાનું હવે અશક્ય બનશે માટે હું તારી સાથે ડાકોર આવું છું. તું એક ગાડું લઇ આવ. બોડાણે ડાકોરથી તૂટેલું ગાડું મેળવ્યું, ઉછીના બળદ મેળવ્યા અને આવ્યો દ્વારકા. દ્વારકાના ગૂગળી બ્રાહ્મણો બોડાણાનું ગાડું જોઈ હસવા લાગ્યા.

બોડાણો કહે 'હસો ભાઈઓ હસવા સરખી વાત રે,
ઇશ્વરઈચ્છા કોઇ ન જાણો, કેવું થશે પ્રભાત'-રણછોડ૦

બોડાણાએ ઉતારો કર્યો. અધરાતે રણછોડરાયજી તેના ગાડામાં આવી બેઠા અને તેને જગાડ્યો. ભક્ત અને ભગવાન બંને ડાકોરને પાદરે આવી પહોંચ્યા. સવાર પડતાં દ્વારકામાં ગૂગળીઓને ખબર પડી કે રણછોડરાય તો બોડાણા સાથે ડાકોર જતા રહ્યા! ગૂગળીઓ ડાકોર આવ્યા. ભગવાને કહ્યું કે દ્વારકામાં સેવંત્રી વાવમાં મારી બીજી મૂર્તિ દટાએલી છે, તેને નવ માસ પછી કાઢી તેની સ્થાપના દ્વારકામાં કરજો એટલે તમારો ધંધો ચાલુ રહેશે. અધીરા ગૂગળીઓએ મૂર્તિ નવને બદલે સાતમે મહીને વાવમાંથી ખોદી કાઢી. પરિણામે તે નાની નીકળી. એટલે જ કહે છે કે ડાકોરમાં આવેલી રણછોડરાયની અસલ મૂર્તિ કરતાં દ્વારકામાંની હાલની મૂર્તિ નાની છે. આ બનાવ ક્યારે બન્યો તે વિષે કાવ્યમાં લખ્યું છે કે:

સંવત બારસેં બારમાં પ્રભુ બાકી કશી ન રાખી રે;
દયા કરી ડાકોરમાં આવ્યા, તે સર્વે પૂરે સાખી-રણછોડ૦

ડાકોરતીર્થ

ચોખ્ખા દેશી ઘી ને શુદ્ધ કેસરની વાનીઓના છપ્પન ભોગથી, આઠ દહાડાની દવા ન કરી શકે તેવો સુધારો મેં એક રાતમાં મારી તબિયતમાં અનુભવ્યો! સવારે ૬॥ વાગ્યે દર્શનનો સમય હોઈ અમે વહેલા ઊઠીને નહાઇધોઈ પરવાર્યા. મૂર્તિને નવડાવે તે વખતે તેનાં દર્શન કરી અમારે પુરાતત્ત્વ દૃષ્ટિએ તેનો અભ્યાસ કરવો હતો.


આણંદથી ગોધરા જતી રેલવે લાઈન પર, આણંદથી ૧૯ માઈલ દૂર, ચરોતરના પ્રદેશમાં ડાકોર આવેલું છે. ડાકોરનું પ્લૅટફૉર્મ ઘણું મોટું છે, ને ત્રણેક ફર્લાંગ લાંબું હોઈ લાંબામાં લાંબા પ્લૅટફૉર્મોમાં તેની ગણત્રી થાય છે. મેળાઓ વખતે અહીં સ્પેશ્યલ ટ્રેઇનો ઘણી આવતી હોઈ અનેક પ્લૅટફૉર્મોને બદલે એક જ લાંબું પ્લૅટફૉર્મ બનાવ્યું છે કે જે પર એકીવખતે અનેક ટ્રેઇનો ઊભી રહી શકે. દ્વારકા અને

* પ્રિન્સિપાલ માંકડના કહેવા પ્રમાણે મૂળ નામ ડંકપુરને બદલે ડક્ષપુર હોવું જોઇએ, કારણ કે એમાંથી જ આધુનિક નામ સંભવી શકે છે.

બીજાં તીર્થોમાં રસ્તા પર જે ગંદકી હોય છે તે ડાકોરમાં ન દેખાઈ. શહેરમાં વીજળી તથા નળ છે અને મેળા વખતે સ્વચ્છતા જાળવવાના ખર્ચ માટે મ્યુનિસિપાલિટી જાત્રાળુ દીઠ બે આનાનો જાત્રાવેરો ઉઘરાવે છે. શહેરના મુખ્ય માર્ગોની બાંધણી સારી છે. શહેરમાં મુખ્ય તો બે જ મહત્ત્વનાં સ્થળો છે: શ્રી રણછોડરાયજીનું મંદિર અને ગોમતી તળાવ. બીજાં મંદિરો પણ ઘણાં છે. જાત્રાળુઓ માટે અનેક ધર્મશાળાઓ છે. દરરોજ સરેરાશ પાંચસો જેટલા જાત્રાળુઓ ડાકોર આવે છે. ગોધરા સુધીની સળંગ ટ્રેઈનો સિવાય આણંદથી ડાકોર એક વધારાની ટ્રેઇન દરરોજ બપોરે દોડે છે. પૂનમને દહાડે પાંચેક હજાર માણસ એકઠું થાય છે. આસો સુદ પૂનમનો મેળો મોટામાં મોટો હોય છે. અહીંના તીર્થગોર ત્રવાડી મેવાડા બ્રાહ્મણો છે. બીજાં તીર્થોની જેમ અહીંના ગોર જાત્રાળુને ત્રાસરૂપ થઈ પડતા નથી. એ લોકો વ્યવહારદક્ષ છે. શ્રીગોડ અને તપોધન બ્રાહ્મણોની વસતિ પણ ડાકોરમાં સારી છે. દ્વારકાના શંકરાચાર્યના શારદાપીઠની શાખા રૂપે અહીં પણ શંકરાચાર્યનો મઠ છે.*

ડાકોરમાં અમારી વ્યવસ્થા સાચવનાર હતા ત્યાંની સંસ્થાન હાઈસ્કુલ ને બીજી કેળવણી સંસ્થાઓના મંત્રી શ્રી ગિરિજાશંકર હરિકૃષ્ણ પંડયા, ને શ્રી ગોવિંદપ્રસાદ મોહનલાલ ત્રિવેદી (સંગીતશિક્ષક). બંને ગૃહસ્થો અમને રણછોડજીના મંદિરમાં લઇ ગયા. સ્નાન થતી વખતે મૂર્તિનાં અમે નજીકથી દર્શન કરવા ભાગ્યશાળી થયા. મૂર્તિની ઊંચાઈ ચાર ફૂટ જેટલી જણાઇ. કાળા કસોટી પત્થરની ચતુર્ભુજ વિષ્ણુની એ મૂર્તિ અગિયારમા-બારમા સૈકા જેટલી જૂની જણાઈ.

હિંદુત્વના અભિમાનીને ડાકોરજીનું મંદિર જોઇ પહેલી નજરે નિરાશા ઉપજે તેમ છે. દૂરથી તેનો ઉપલો ભાગ જોતાં એમ જ લાગે છે કે આ મંદિર હિંદુ નથી પણ પત્થરનો બાંધેલો મુસલમાની તાજિયો છે. એ ખરું જોતાં મહારાષ્ટ્રનાં હેમાદ્રિપંતી મંદિરોના શિખરનું વિકૃત રૂપ છે.




ડાકોરના રણછોડરાયજીના મંદિરનું મુસ્લિમ તાજિયા જેવું લાગતું શિખર
મહારાષ્ટ્રનાં હેમાદ્રિપંતી મંદિરોના શિખરનું વિકૃત સ્વરૂપ છે.

મંદિરનો નીચેનો ભાગ કંઈક વિશેષ જૂનો છે. મંદિર બંધાયા વિષે એવી માહિતી છે કે સંવત ૧૭૮૧ (સને ૧૭૨૫)માં જોધપુર મારવાડથી ડાકોર આવેલા અભેસિંહ રાજાએ આ મંદિર પ્રથમ બંધાવેલું. આ પહેલાં રણછોડરાયજીની મૂર્તિ એક બીજા મંદિરમાં હતી. સંવત્ ૧૮૨૮ (ઈ. ૧૭૭૨)માં પેશ્વાના શરાફ, સતારાના રહેવાશી ગોપાળ જગન્નાથ તાંબેકર નામે ગૃહસ્થે આ મંદિરને વધુ વિસ્તાર્યું.

રણછોડજીના મંદિરની સામે જ ગોમતી તળાવ છે. આ તળાવમાં પાણી બહારથી આવતું નથી; ચોમાસામાં ભરાઈ રહે છે તે જ પાણી આખું વર્ષ રહે છે ને તેમાં જ જાત્રાળુઓ બારે માસ નહાય છે. આખું ગામ તેમાં કપડાં ધૂએ છે. સૈકાઓ પહેલાં ડાકોર વસ્યું હશે ત્યારથી ગોમતી તળાવના આ પાવક જળમાં યાત્રાળુઓ પોતાનાં મેલ અને પાપ ધોતા આવ્યા છે! પરિણામે દુનિયાનાં પાપોથી તે એટલું બધું ભરાયું છે કે હવે તેનું પાણી એ પાપમાંથી છુટકારો માગે છે. તળાવ અર્ધા માઈલનો વિસ્તાર ધરાવતું હોઈ પાકું બાંધેલું છે.

શ્રી ગિરિજાશંકરભાઈ પંડયાનું આખું કુટુંબ ઉચ્ચ કેળવણી પામેલું અને સંસ્કારી છે તેમને ત્યાં ભોજન લઈ અમે ગળતેશ્વર જવા માટે સ્ટેશને ઊપડયા. શ્રી પંડયા અને તેમના પુત્ર પણ અમારા સંગાથી બન્યા અને તેથી અમને હર્ષ થયો. અમે જાણ્યું કે ગળતેશ્વરમાં મંદિર નજીક ધર્મશાળા છે અને ત્યાંથી રાત્રે સૂવા માટે ગાદલાંગોદડાં મળી રહે છે. આથી અમારા સંગાથીઓએ પોતાની સાથે આણેલાં

* દ્વારકા અને ડાકોર ઉપરાંત ગુજરાતમાં શંકરાચાર્યના બીજા મઠો પ્રભાસપાટણ (સૌરાષ્ટ્ર) અને નડિયાદ પાસે ચકલાસી ગામમાં છે.



ડાકોર, ગળતેશ્વર અને તેનાં અનુષંગી સ્થાનો દર્શાવતો મહી નદીથી પરિપ્લાવિત વિશાળ પ્રદેશ •

બિછાનાં સાથે ના લીધાં. પણ ધર્મશાળા, ને તેમાં યે તેનાં ગાદલાં-ગોદડાં વિષે મને કંઈક અણગમો હોવાથી મેં મારાં પોતાનાં સાધનો સાથે લીધાં. વળી રાત્રે ગળતેશ્વરમાં વાળુનો પ્રશ્ન હતો. માંકડ સાહેબ તો સાત્ત્વિક માણસ એટલે સાંજે જમે જ નહિ. અને કોઇ બહુ આગ્રહ કરે તો માત્ર થોડુંક દૂધ લઇ લે. ઠાકર સાહેબ અને પંડ્યા સાહેબ પણ ભગત માણસો હતા. ઇતર પ્રકારમાં હું એક જ હતો, અને જોઈતાં સુખસગવડ નહિ મળે તો નિર્જન ગળતેશ્વરને આંગણે મારું શું થશે તેની ચિંતા હતી. જોકે મારી પાશ્ચિમાત્ય જેવી જણાતી પ્રવાસ વેળાની કેટલીક આહારવિહારની ટેવો અને મુલાયમિયતને દેશી ઢબ તથા ખડતલપણામાં પલટાવી નાખવા માંકડ સાહેબ સદા પ્રયત્નશીલ રહેતા આવ્યા છે. ગમે તેમ; મને પૂછવામાં આવ્યું કે ગળતેશ્વરમાં સાંજે જમવા માટે શું લઇએ? મેં ડાકોરમાં ઠેકઠેકાણે કંદોઈઓની દુકાને 'ડાકોરના સુપ્રસિદ્ધ ગોટા'નાં પાટિયાં જોએલાં. મને થયું કે આ ગોટા તે મિષ્ટાન્નના લાડુ થતા હશે ને ડાકોરમાં છપ્પનભોગમાં હોય છે તેમ એમાં પણ કેસર, મેવા વગેરે ખૂબ નંખાતાં હશે. મેં કહ્યું કે અઢી ત્રણ શેર ગોટા લઇએ! પંડ્યા સાહેબે તુરત જ ગોટા મંગાવ્યા. પડીકાં આવી ગયાં અને થેલીઓમાં નંખાઈ ગયાં. મેં નિરાંત અનુભવી કે ગળતેશ્વરમાં હવે વાંધો નહિ.

બરોબર પોણાબારે ટ્રેઈન અંગાડી જંઇ પહોંચી, અને તુરત જ ત્યાંથી અમે બે માઇલ દૂર મહી તરફ ચાલવા માંડ્યું. રસ્તો પગદંડી હોઇ ભૂલા પડી જવાય જેવો છે; માટે અંગાડીથી ગળતેશ્વર જવું હોય તો અંગાડીથી કોઈ ભોમિયો સાથે રાખવો. (જુઓ પૃ.૧૭૩)

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની
આપકથા

બાંધ ગઠરિયાં...



આ એ જ સુરત કે જેની કીરત એક વખત ચોતરફ પ્રસરી રહી હતી. આ એ જ સુરત, જેની બરકતની નોબત દૂર દૂર દરિયાપાર ગાજી રહી હતી. આ એ જ સુરત જેના પર કુદરતના ચારે હાથ હતા, જ્યાં વેપારરોજગારની આબાદી હતી, જ્યાં ચોર્યાશી બંદરના વાવટા ફરકતા, જ્યાં દુનિયાના મશહૂર મુસાફરો અને સાહસિક સોદાગરો સફરે આવતા. આ એ જ સુરત, જેનો ઉલ્લેખ ગ્રીક મુસાફર ટૉલેમીએ ઇ.સ. ૬૩૨માં અને ભરૂચમાં આવેલા ચીની મુસાફર હ્યુએનસંગે 'સુરથ'ના નામથી કર્યો છે. આ એ જ સુરત, જેની ખ્યાતિથી ખેંચાઈ મહમદ ઘોરીનો સેનાપતિ કુતુબુદ્દીન તેરમી સદીમાં ભીમદેવને હરાવી રાંદેર સુધી આવી પહોંચ્યો હતો અને જેની દોલત દેખી ઇ. ૧૩૪૭માં મહમદ તઘલખે એને લૂટવાનો હુકમ આપ્યો હતો, પણ ૧૩૭૩માં જેની ઉપયોગિતા પ્રમાણીને દૂરંદેશી સુલતાન ફિરોઝ તઘલખે ત્યાં નાનો કિલ્લો બાંધવા હુકમ કીધો હતો. આ એ જ સુરત જેની સમૃદ્ધિ સાંભળી પોર્ચુગીઝ લુટારાઓએ વહાણોમાં આવીઆવીને ઈ. ૧૫૧૨, ૧૫૩૦ ને ૧૫૩૧માં એમ ત્રણ ત્રણ વખત એને લૂટ્યું અને બાળ્યું હતું. એનો આજનો કિલ્લો ઇ. ૧૫૪૦માં બંધાયો, જેની વાહવાહ સાંભળી ખુદ અકબરની પણ દાઢ સળકી, અને એણે રાજા ટોડરમલ્લને ચુપકીદીથી કિલ્લાની તપાસ કરવા મોકલ્યો; ને ઇ. ૧૫૭૩માં તો એ કિલ્લાના મેદાનમાં અકબરે તંબૂ નાખ્યા, કિલ્લો ઘેરી જીતી લઇ એની ફરીથી મરામત કરી, અને એમાં, એની નજરે ચડેલી તુર્કીથી પહેલીવાર અહીં આવેલી દૂર ગોળા ફેંકી શકે એવી સુલેમાની તોપો, એણે સીધી આગ્રા મોકલાવી. વળી પોતાની સાથે આવેલા જનાનામાંથી પોતાની બે બેગમોને આ સુરતના જ તાપી-કિનારેથી મક્કે હજ કરવા જવા વહાણ પર ચડાવી.

આ એ જ સુરત કે જ્યાં ૧૬૦૮માં પહેલું અંગ્રેજ વહાણ આવ્યું, ૧૬૧૨માં એમણે કોઠી નાખી અને ૧૬૧૩માં મુઘલો તરફથી વેપારનો પરવાનો મેળવ્યો; અને જ્યાં ૧૬૧૫માં સર ટૉમસ રો ઊતર્યો અને જહાંગીરને મળી કેટલાક 'હક્કો' લઇ ૧૬૧૮માં પાછો ફર્યો. આ એ જ સુરત કે જેને શિવાજીએ ને મરાઠાઓએ ૧૬૬૪માં, '૬૯માં, '૭૦માં, '૯૬માં અને ૧૭૦૨ તથા ૧૭૦૫માં એમ છ છ વખત હલ્લા કરી લૂટીને ખેદાનમેદાન કરી નાખ્યું.

અને આ એ જ સુરત જેના પર ફરી ફરીને કરાળ કાળનો પંજો વારંવાર પડતો જ રહ્યો: ૧૭૨૭માં તાપીમાં ભયંકર રેલ આવી અને ૧૭૩૨માં કારમો દુકાળ પડ્યો; ગાયકવાડ, નવાબ, સીદીઓ અને અંગ્રેજોની આ શહેર માટેની ખેંચતાણમાં જ્યાં લડાઈઓ ઉપર લડાઈઓ થયે જ ગઈ; જ્યાં ૧૮૩૭માં નવ હજાર ઘર બળી ગયાં એવી ભીષણ આગ લાગી અને તેની તરત જ પાછળ ફરીથી બીજી નાશકારક રેલ આવી; અને પછી તો આગ-રેલનાં જાણે પંચક બેઠાં: ૧૮૮૩ની ત્રીજી રેલ, '૮૯ની બીજી આગ, પાછી રેલ. પછી '૯૭ની મરકી અને ૧૮૯૯-૧૯૦૦નો સંવત ૧૯૫૬નો છપ્પનિયો દુકાળ.

આવાઆવા અનેક કારમી જખમો સુરત પર થતા જ રહ્યા, અને છતાં આ સુરતે એની ઈશ્કે મિજાજી, એનો નવાબી રંગઢંગ, એની વાકછટા ને લહેકાલટકા, એનાં ઠઠ્ઠા-ઠાવકાઇ ને એનું લહેરીમોજીપણું, એનો રહેલાણી સ્વભાવ અને એનું અજબ લોહીથી ધબકતું દિલ, બેપરવાઇથી સાચવી રાખ્યું હતું.

નર્મદે કહ્યું છે તેમ સુરતશહેરની સુરત સોનાની મૂરત નહોતી રહી, પણ એ બની'તી રોતી સૂરત: રેલ-આગ, લૂટ-લડાઇ ને દુકાળ-મરકીથી એ પીંખાઇ ગઇ હતી. એ જૂની ઝલક, એ અસલી રોનક, એ મર્દાની તંદુરસ્તી, એ મુલાયમ ખૂબસૂરતી હવે નહોતાં; સાપ ગયા હતા અને લિસોટા દેખાતા હતા. પણ 'ભાંગ્યું ભાંગ્યું તો યે ભરૂચ'વાળી કહેવતની જેમ પડ્યું પડ્યું તો યે એ સુરત હતું.

એનું ગોપીપરું અને એનો નાણાવટ, એનો મર્જન રૂમીખાની અથવા સીરિયાથી આવી વસેલા મિરઝા શામીનો ચકલો ને એની બુરહાનપુરી ભાગોળ, એની ગક્કાબારી અને એનો ડક્કા ઓવારો, એનું ચૌટું અને એનો ચોક, એવું ઘણુંઘણું જૂના ગૌરવને તાજું કરાવવા હજી હયાત હતાં.

કંચન તે કંચન, એને વળી કસોટવું કેટલું? સોનાનો ઘાટ ઘડે તે સોની, ને એ સોનીમાં જીવનના ઘાટ ઘડનારા બે: એક અમદાવાદમાં દેસાઇની પોળમાં જીવી જનાર અમર મરજીવો અક્ષયદાસ, ગુજ-



રાતને છપ્પાના ચાબખે ચમચમાવનાર, ને સાહિત્યમાં અક્ષય કીર્તિ પામનાર અખા ભગત. બીજો દાખલો તે રહીઆદાસ: ગમે તે ધાતુનો દાગીનો કરવા આપો, સો ટચના સોનાનો કરીને આપે એવા એ ભગત.

આ રહીઆદાસ નક્કી કોઇ દરિયાવ દિલનો સોની હોવો જોઇએ. દાન કરવાની એની એવી રીત પણ હોય; યા તો એના પર લક્ષ્મીની કૃપા હોવાથી નધણિયાતું ધન એને આવી મળતું હોય ને એમાંથી એ દાગીના ઘડી આપવામાં વહેંચી દેતો હોય. ગમે તેમ પણ એ પ્રખ્યાત થયો, એના નામથી સુરતનો એનો ચકલો પંકાયો, એને લઇને સોનીની ન્યાત જશવંતી થઇ અને એમણે શહેરની આબરૂ વધારી.

એ સોનીભાઈઓને અમે 'સોની મહાજન'ને નામે ઓળખતા. મામાજીનું ઘર એ મારાં બાનું મોસાળ-તે અંબાજીને ચકલે: અસલ રહીઆ સોનીનો ચકલો ત્યાં. સામે એક બાજુ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી રહે. બીજી બાજુ રાજેન્દ્ર સોમનારાયણ દલાલ રહે. એકે ગુજરાતી ભાષાનું વ્યાકરણ લખેલું, બીજાએ નામચીન નવલકથા લખેલી. પણ તે ઉપરાંત એ મહોલ્લામાં દસબાર સોનીઓનાં ઘર. નગીન બાભુ, જેકો જડિયો, મગન વાંદામારૂ, અલ્લકઝોળી, મમન ગિલ્લી,–બધા જ અઠંગ કારીગરો. દિવસના બાદશાહ ને રાતના રાજા. વાળુ કરી, દીવેલની દીવી પાસે, એરણ પર હથોડી લઇ બેસે. 'જરા લાંબી એક છેડે વળેલી' ભુંગળી વડે સહેજ ફૂંક મારી એ બંગડી કે વીંટી ઉપર દીવીના કોડિયાની જ્યોતની ઝાળ વાળતા અને સોનાને તપાવી ત્યાં પાંદડી કે બદામ, વેલ કે બુટ્ટો મઢી લેતા તે જોવાની મને ખૂબ મજા પડતી. પાછળથી અંકોડાનું ઝારણ તો મને યે આવડતું. એના જંતરડામાંથી અમે તાર ખેંચતા, અંગેઠી મોઢેથી ધમણ ધમતા, રેતીમાં અરીઠા પલાળી ગેરૂ નાખી સોનાની કંઠીઓ ધોતા. વીંટીમાં હીરા જડતા જેકા જડિયાને જોવો એ એક લ્હાવો ગણાતો. અને ત્યાં રહેતા સોની મહાજનના શિખાઉ છોકરાઓ નગીન બાભુની અંગેઠી આસપાસ કારીગરી જોવા ઘણી વાર બેસતા. પોતાને ઘેર કામ શિખાય નહિ, પણ પારકે ઘેર ચિત્ત દઇ એકી નજરે કામ જોતા. મને ત્યારે ખબર નહિ કે એ પણ એક નિશાળ ચાલતી.


પ્રભાશંકર

મગમાળા, મોહનમાળા, બોરમાળા અને રાયણમાળા બનાવવામાં નગીનભાઇ એક્કો ગણાતા. લાખની નાની લખોટી ઉપર સોનાની પતરી મઢી એને એવી તો ગોળમટોળ બનાવતા! ને કડાં-કંદોરામાં જેકિસનદાસ એક્કા ગણાતા. કડાના બે છેડા આગળ સામસામાં વાઘનાં મોં બનાવતા ત્યારે તો જેકિસનદાસ. રંગે ચડતા. એમાં જો મોં બરાબર થાય તો ઠીક છે, નહિ તો તેને મળો દેતા: 'મારો વાલો કાં જવાનો? મારા હાથમાં મોં ને સાલો સિફત કરે છે?' બરાબરના ગુસ્સે થાય. અને વાઘનું મોં ઠીક આવી જાય ત્યારે ખુશી થઇ બોલતા: 'હવે દાસ ગોઠવાયા. એને સાલાને સામે વાઘનું મોઢું લાઇવા તે નહિ ગમે. ઢગણાં વાઘણ બનાવી હોત તો તરત બેસી જતે!' ને પછી હસતા. એક વાર એમ વાઘ બનાવવા જતાં ઘાટ બેસે જ નહિ, એટલે જેકિસનદાસે એક બાજુ નાગનું મોં અને બીજી બાજુ પૂછડું બનાવી દીધું અને પછી ઘરાક આગળ જીભ ચલાવી એને પાણી પાણી કરી દીધેલો: 'સેઠ! વાઘનાં કડાં તો સૌકોઈ પહેરે છે, પણ હાથ પર નાગ વીંટાળીને ફરવું એ કોઇ જેવીતેવી વાત નથી; શિવજી ભગવાન જ એમ કરતા.'

મને સોની ગમતા. જરા ફિશિયારીખોર ખરા; પણ એમની સાકરની જીભના લ્હેકા આગળ બધું માફ છે. એમની ચાલમાં લ્હેકો, એમની જબાનમાં લ્હેકો, એમની સલામ કરવાની ઢબમાં લ્હેકો. અને પુરુષવર્ગમાં જેટલો લ્હેકો લહેરાતો એથી વધારે સોનારણોમાં ઠસ્સો ઠમકતો. છટાદાર ઠમકતી ચાલે કોઈ ઓર ઠસ્સામાં સોનારણ બનીઠનીને જ્યારે બહાર નીકળતી ત્યારે મહોલ્લો લિજ્જતમાં લપસી પડતો. અંગે આલ્પાકાનાં પીળાં-સફેદ અંગરખાં અને માથે લાલ ચટક સોનેરી લપ્પાની ભારેખમ પાઘડી પહેરી પિછોડી હલવતા સોની મહાજન ટોળે મળી લગનનાં નોતરાં દેવા નીકળતા ત્યારે જોઇ લ્યો એમની અદા! શાંતિથી, નજાકતથી, આજીજીપૂર્વક, ઉમળકે અરધાઅરધા થઈ એ વરઘોડામાં આવવાનું અને જમવા પધારવાનું નોતરૂં આપતા; ઓચ્છવ પ્રસંગે પાટ બેસવા પ્રતિષ્ઠિત વ્યક્તિઓને આગ્રહ કરીકરીને કહેતા; અને એ ટોળાની કેડે, રૂઆબભેર ચાલતી સોનારણો મલકાતી, હસતી, 'આવજો જ' એમ અંકે કરાવીને જ ઓટલા નીચે ઊતરતી.

મામાજી મુખત્યાર હતા, ને છોટાભાઇ કાયદામાં કાબેલ ગણાતા. મુખત્યાર તે વકીલ નહિ, પણ વકીલ માટેની બધી તૈયારી કરે તે. દાવો નોંધાવવા અરજી લખવી, સ્ટૅમ્પના કાગળ રાખવા, ફારગતી અપાવવી, હુકમનામાં દાખલ કરાવવાં, વિલ બનાવવાં, ફરિયાદો નોંધાવવી વગેરે જાતજાતનું અદાલતી કામ તે કરતા. બેપાંચ મોટા વકીલો સાથે સારું એટલે શાખ પણ સારી. અને મહોલ્લામાં તો વકીલ જ. સોની મહાજનને કોરટ દરબારે ભાગ્યે જ જવું પડતું, પણ મ્યુનીસીપાલીટીના ઘરવેરાનાં, ખાળ-કૂવાનાં અને નળ-કૂવાનાં કાગળિયાં આવતાં તો તરત નગીનભાઈ કે જેકિસનદાસ, ઉઘાડે શરીરે પણ માથે ટોપી નાખી, છોટાભાઇને પૂછવા આવતા. અને છોટાભાઈ લાખ રૂપિયાનું કામ છોડી તરત એમને સલાહ આપતા. 'ભાઈ, પડોશી પહેલો. ભીડ અગવડે મને એ કામ લાગશે.'

'ત્યારે, છોટાભાઇ સાહેબ! ભાણુભાઇને અહીં લઇ આઈવા એમ? ભણાવો; ભણાવો. ભણસે તો પામસે'... 'એમ ત્યારે, કાલથી શીપડો નિશાળે અને કરો કંકુના.' નગીન બાભુ ને જેકિશનદાસે બારણે આવતાં જ લલકાર્યું. એ ભાષા જ જુદી; એનો લ્હેકો જ ઓર, એની મિઠાશ જ અલાયદી. દરેક વાક્યને લ્હેકાવતા બોલવું એ પણ એક કળા જ છે. સરસ્વતીએ સોની મહાજનની જીભે એના ઘોળ ચડાવ્યા છે.

સામે વળી ઘેલાભાઈ સોની રહેતા. એ ઘેલાકાકા ચોથી કાકી લાવ્યા હતા! એક પર બીજીને હિસાબે નહિ, ત્રણને ચિતામાં સુવાડીને. એ ઘેલાકાકા તો સામેને પોતાને ઘેરથી જ લ્હેકાવતા: 'હવે એને એક જોરૂતાન બંધાવી દો, અને એક ખડિયો કલમ,—કે ગાડું ચાઇલું!'

પણ મામાજીએ તૈયારી પાકી રાખી હતી. એમને પોતાને એક પુત્ર અને ત્રણ પુત્રી, એ ચારેને ભણાવનાર મહેતાજી ઘેર આવવાના

હતા. કપાળે ટીલું, લાંબો અંગરખો અને મખમલની ગોળ ટોપી પહેરી, એક સવારે એ પરભાશંકર માસ્તર પધાર્યા. અને લાંબી ચર્ચા પછી આંક-પલાખાં, દેશી હિસાબ અને લેખાં ગણિત ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. આ જ તો મ્હોકાણ હતી. મને એમાં જરાકે ગમ પડતી નહોતી. પાંચમાંથી સાત બાદ થાય જ નહિ; અને થાય તો વદી વળી શેની લેવાની, એવદીના દશકો મગજમાં ચોંટતા જ નહિ.

થોડા દિવસ મને એક મહેતાજીની નિશાળે બેસાડેલો. મહેતાજી પાન ચાવતાંચાવતાં પચીસપચાસ છોકરાઓને એકીસાથે આંક ગોખાવતા. એમાં 'સાડાસાતનો પા' જે બોલી જાય તે પાર ઊતર્યો ગણાતો. દોઢાં-અઢિયાં સુધી તો મારું ઠીકઠીક ચાલ્યું, પણ પાછળથી ચકરડું! પરભાશંકરે બધું પોતાને માથે લઇ લીધું અને સવારના ભણવા બેસવાનું નક્કી કર્યું. પરભાશંકર મારતા નહિ, પણ ડોળો કકડાવતા ને કોઈકવાર ચૂંટી ભરી લેતા. પણ એમનો ધાક બહુ. રજાને દિવસે પરભાશંકર ભણાવવા આવ્યા છે એવી બૂમ પડતી કે પેટમાં ફાળ જ પડતી. લેસન તો કર્યું ન હોય, ને આંક તો શાના આવડે? લેખાંપલાખાંમાં મૂળથી જ રસ પડતો નહિ. માસ્તરજીની મહેનત છતાં ગણિતનો પાયો મૂળથી જ લૂલો નંખાયો ને તે આગળ ઉપર ખૂબ નડ્યા.

સુરતના મબરૂ ગોપીપરામાં ગોપીઓ નહોતી વસતી, કે નહોતો રહ્યો ત્યાં રાજા ગોપીચંદ. એનો વસાવનાર તો હતો રંગીલા દિલનો અને ગુલાબી સ્વભાવનો, બુદ્ધિશાળી ચતુર અને કુનેહબાજ, મહમદ બેગડાનો અને સુલતાન મુઝફ્ફરશાહનો દીવાન મલેક ગોપી. એક ગરીબ વિધવા બાઈનું એ એકનું એક ફરજંદ. સંગીત અને સત્તાનો શૉખીન. વારતહેવારે એ આખા શહેરનાં ગુલાબ એકઠાં કરી કરી મોજ ઉડાવતો. એણે બંધાવેલા વિશાળ ગોપી તળાવનો તો આજે પત્તો નથી; પણ ગોપીપરું હજી હયાત છે. ત્યાં મોતીનાં તોરણો બંધાતાં અને રસ્તે રૂપૈયા ભરેલાં ગાડાં ફરતાં. અત્તરની ખુશબો ઊડતી ને રંગબેરંગી રેશમી સાડીઓ ફરફરતી. આજે રૂઆબદાર ઊભેલી ત્યાંની હવેલીઓમાં એક વખત રોનક હતી. હરરોજ રંગીન હાંડીઓમાં ત્યાં રોશની થતી ને પગથિયે સાથીઆ પુરાતા. એવી એ હવેલીઓ વચ્ચે છઠ્ઠા નંબરની નિશાળનું મકાન હતું. મકાનની આસપાસના ઓટલાઓ ઉપર ઝવેરીઓની બેઠક રહેતી. સફેદ ચન્ની જેવા ગલેફથી ઢંકાએલા ગાદીતકિયા ઉપર બેસી તેઓ હીરાનાં પડીકાં બાંધતા ને મોતીના લચ્છા ટંગાવતા. નાનાંનાનાં કાચનાં બંડારિયાંઓમાં તરેહતરેહનાં મોતીઓની સેરો લટકાવતા. અને નાનકડી, નાજુક, લાકડાની ફુમતે બાંધેલી પેટીમાંથી રમકડા જેવું સુંદર ત્રાજવું કાઢી એમાં વાલ અને રતીએ હીરા જોખતા. લાલ ચટક કપડાની કોથળીમાં રૂપિયા રાખતા. ફુરસદે એ ગાદીએ લ્હેકાથી બેસી ટહેલા મારતા, શરબત કે ચા પીતા, એકાદ છાપું હાથ આવી જાય તો તે કસીકસી વાંચતા, અને મોજથી ઝૂલતા.

લગનસરાની મોસમમાં એ નિશાળ આગળથી હાથી નીકળતો. 'હાથી! હાથી!' એવી બૂમ પડતાં જ છોકરાઓ વર્ગ છોડી ઓટલે ઊભરાતા, અને થોડો માર પડતાં પાછા ક્લાસમાં બેસી જતા. પછી કોઈ છાનામાના નિશાળમાંથી સટકી જઇ ગોપીપુરાની પાછળના મેદાનમાં હાથીને રોટલા ખાતો જોવા દોડતા. ત્યા ખીમચંદ અને ખૂબચંદ હૈં હૈં આસમાની સુલતાની હંકારતા:

'અડે, નગીનચંદ સેઠે દદડોજના હજાડ રૂપિયા આપી હાઠી મંગાઇવોચ.'

'કાંઠી, સેઠ?



'સચીનના નવાબ પાસેથી. પડમ દા'ડે નવસાડી ભાગોલનં રસ્ટં આઇવો ટે મેં જોયો ક ની.'

પણ ખીમચંદને પણ ટપી જાય એવો અમારો સોભાગચંદ લગાવતો: 'હોય નહિ. આ ટો વડોદરાનો હાઠી, ગઇ સાલ માડા પોટીકા લગન વખટે હું એના પર જ બેઠો'ટો ને.'

ત્યાં તલકચંદ કહેતો કે 'આ વખતે તો નગીનચંદ સેઠ જાતે જ સોનાની અંબાડી બનાવવાના છે, સું સમજો છ? થઈ જાય, રાજ્જા!'

અમે કંઈ બહુ સમજતા નહિ, પણ એ ડંફાસોને સાચી માની, જરા ફુલાઇ, ખુશ થઈ, માવત હાથીને ચીતરતો તે ચીતરામણ જોવામાં ગુંથાઈ જતા. એની સૂંઢ અને કપાળ ઉપર સફેદ પીળો, લીલો, લાલ, ભૂરો, એવાએવા રંગ વડે એટલા સરસ વેલબુટ્ટા તે પાડતો કે હાથી ખૂબ જ સોહામણો લાગતો.

અમારી એ છઠ્ઠા નંબરની નિશાળ નીચે મોટી વિશાળ પરસાળ હતી. એમાં ચારપાંચ ક્લાસો બેસતા. વચ્ચે કોઇ પણ જાતની ભીંત કે આંતરા વિના બેસી જતા. ચોથા ક્લાસમાં કોઇને બારિટલ પર ઊભો કરે કે એ તાબૂત બધાથી દેખાય. કોઇને ક્યાંક સોટી પડે કે અવાજ ચારે બાજુ સંભળાય. આંક-પલાખાંના લલકાર તો ચાલુ જ હોય. ઘેર ભણાવવા આવનાર પરભાશંકર માસ્તર આ જ નિશાળમાં શીખવતા. ત્યાં એક બીજા માસ્તર હતા. નામે છબિલદાસ, જાતે શ્રાવક, સ્વભાવે જરા દયાળુ. તે એક દિવસ હેડમાસ્તરને મહા મહેનતે સમજાવી આખી નિશાળને છેલ્લા કલાકમાં હાથી જોવા લઇ ગયા! ઘેર મામાજી કહેતા કે નિશાળના ઈતિહાસમાં એ અભૂતપૂર્વ બનાવ હતો. અસલ તો એમ કોઈ લઇ જાય જ નહિ—લઈ જવાય જ નહિ. છબિલદાસ માસ્તરે ઘાંટા પાડીપાડીને અમને સૌને ઠાવકા રહેવાની, તોફાન નહિ કરવાની, રસ્તે બરોબર ચાલવાની, એમ જાતજાતની સૂચના આપી. પછી ટોળું નીકળ્યું. આગળ છબિલદાસ માસ્તર ચાલે: કાળો આલપાકાનો ડગલો, મખમલની ગોળ ટોપી, કપાળે પીળો ચાંલ્લો, હાથમાં નાની લાકડી, અને મોટી ભરાવદાર

મૂછો. દરેક હવેલીવાળા એને ઓળખે, અને ઓટલે બેઠેલા બધા એને સલામ કરે. કોઈ વળી પૂછી પણ લે: 'કાં ચાઈલા છબિલદાસ?'

પણ છબિલદાસ હસતાંહસતાં ઈશારતથી જ જવાબ દેતા ને બધા સમજી જતા. અને પછી તો આખું ગોપીપરું ગાજી ગયું કે નિશાળ હાથી જોવા ચાલી!

છબિલદાસે ત્યાં વળી એક નાનું ભાષણ આપી દીધું. હાથી એ કેવું પ્રાણી છે, ને વળી કેટલું હોશિયાર છે. 'એની સૂંઢથી એ ઢાંકણી પણ ઉપાડી શકે છે; નાની બે આની પણ એ ઉપાડી શકે છે.' કોઈકે કંઈ નાખ્યું ને કોઈકે કંઈ નાખ્યું. પણ માવતના હોકારા વિના હાથી કંઈ કરતો નહિ. પછી છબિલદાસે રૂમાલમાં ગજવામાંથી શોધી એક બે આની કાઢી. માવત બાજુમાં જ હતો. એને કહી છબિલદાસે બેઆની નાખી અને માવતને હોકારો કરવા કહ્યું. માવતે જાતજાતના હોકારા કીધા, પણ હાથીએ કંઈ બે આની ઉપાડી નહિ. પણ દીપચંદ ત્યાં હતો. એણે જમાવ્યું: 'અડે કંઈ વાટ છે? રોજ હું બે આની નાંખુછ ને સાલો ઉઠાવે છ, અને આજે કેમ નહિ, જોઉં ટો?—' કરી એણે બે આની નાખી અને તરત હાથીએ ઉપાડી:

અને અમે બધાએ તાળી પાડી, દરમ્યાન દીપચંદે છબિલદાસની બેઆની ઉપાડી લઈ તે તપાસી જોઈને બોલ્યો: 'અડે સું છબિલડાસ સાયેબ! ટગાડી બેઆની જ ખોટ્ટી છે ને. હાઠીને ટો એની બી સમજ છે, સમજ્યા કેની? એમ હાઠી બાઠી તમારાથી છેતરાય નહિ, હો કે?'

છઠ્ઠા નંબરની નિશાળમાં એક બે વરસ કાઢ્યાં હશે. હું રહેતો ત્યાંથી નિશાળ બહુ દૂર નહોતી. અંબાજીના ચકલા પછી ખપાટિયો ચકલો, ત્યાંથી ડાબે હાથે વળતાં ગોપીપરું, ને ત્યાં આ નિશાળ. ઉનાળામાં સવારની નિશાળ થતી ત્યારે વહેલા ઊઠવામાં બહુ મુશ્કેલી પડતી. જ્યારે મોડો ઊઠીને દોડતો નિશાળે જતો ત્યારે ત્રણ-ચાંની નાની માશી (પણ મારાથી તો મોટી) લોટીમાં ચા લઈ નિશાળે આવતી. પરભાશંકર માસ્તરની નજર પડતી કે તરત મને ચા પીવા ક્લાસ બહાર જવા દેતા. એમાં વળી કોઈ દિવસ અંગૂઠા પકડીને બારિટલ પર ઊભા રહેવાની સવારના સજા મળી હોય તો એ ફજેતો પણ માશી જોતી અને ઘેર ખબર પણ પહોંચી જતી. બપોરે મામાજી ઘરમાં હોય તો હિસાબ લેતા, પણ તેમાં તો એક જ વાત આગળ આવતી કે હિસાબમાં ભમરડો! એમાં યે આજે પણ જે વિષે લખતાં તાવ ચઢે એવા દુષ્કર, વિચિત્ર, આડકતરા પાંતીના દાખલા તો શાપ સમાન જ હતા. ત્યારે પણ હું એ સમજતો નહોતો, આજે પણ હજી સમજતો નથી.

પરભાશંકર સેતાન ફળિયામાં રહેતા. અમારા ઘરથી બહુ આઘે નહિ. નિશાળમાં કડક, ઘરમાં નરમ ગરમ. મારે એક દિવસ સવાર-ના એમને ઘેર જવાનું થયું. બારણામાં જાળી આગળ દાખલ થતાં જ અંદરથી પરભાશંકરે બૂમ પાડી: 'કોણ, ભાઈ ચન્દ્રવદન કે? આવ ભાઈ; બેસ હં, હું હમણાં આવ્યો.' હું તો બેસતો જ નહોતો. માસ્તર-ને ઘેર એમ કંઈ બેસાય? પણ એટલામાં તો ગોરાણી બહાર આવ્યાં અને વાડકીમાં દળની બે લાડુડી લાવ્યાં. પાછો અંદરથી અવાજ આવ્યો: 'ભાઈ ચંદ્રવદન! આ ખાવા માંડ, એટલામાં હું આવ્યો. આ તો પરસાદ છે. ના ન પડાય. કેમ છે બધાં?'

મેં એક લાડુડી પૂરી કરી ન હતી એટલામાં તો પરભાશંકર બહાર આવ્યા. આ કડક સ્વભાવના માસ્તરે બેપાંચ વાર તો કાન અમળાવેલા અને સજા પણ કરેલી. તે આવડા નરમ, આટલા માયાળુ, આટલા ભલા? વાત મગજમાં ઊતરતી જ ન હતી. પણ એમણે તો બેસાડયો. 'પહેલાં બેસ, પછી જે કહેવાનું હોય તે કહે.' હું બેઠો, એટલે એમણે કહ્યું: 'બોલ, ભાઈ! મામાજીએ શું કહેવડાવ્યું છે.'

'તમારે બંનેએ આજે અમારે ત્યાં જમવાનું છે; તે અગિયારેકને સુમારે આવી પહોંચજો.'

'વારુ આજે શું છે એની કંઈ ખબર છે?'

'માતાનો થાળ છે, એમ કહ્યું છે.'

'વારુ ભાઈ, કહેજે કે અમે આવી જઈશું. બીજું કંઈ કહ્યું છે?'


'ના.'

'ઠીક. તો બીજો એક લાડુ લે ભાઈ, એ ખાઈને જા.'

મેં બંને લાડુ ખાધા હતા અને ભાવ્યા પણ હતા. પણ પરભા-શંકરના આગ્રહને વશ થઈ ત્રીજો પણ ખાધો. એમને ઘેર જતાં મને બીક લાગતી હતી. પણ પાછા વળતાં મને બહુ આનંદ થતો હતો. આ પરભાશંકર?! એને આટલા માયાળુ તો કદી ધાર્યા નહોતા.

મામાજી એમને મહિને પાંચ રૂપિયા આપતા, અને એ એમનો મોંમાગ્યો પગાર ગણાતો ઉપરાંત વરસના સારા માઠા પ્રસંગે બ્રહ્મભોજન વખતે પરભાશંકરને જમવાનું નોતરું મળતું જ.

પછી તો હું ઘણીવાર એમને ઘેર જતો. એમની તબિયત ઠીક ન હોય ત્યારે ભણવા એમને ઘેર જતો. મેં ગુજરાતી અભ્યાસ પૂરો કરી અંગ્રેજી પહેલી ચોપડી શરૂ કરી, ત્યારે પરભાશં-કરની આંખમાં હરખનાં આંસુ આવ્યાં હતાં: 'હરે તો મારું કામ નહિ. ભાઈ મોટા થઈને ભણી-ને અમને ભણા-વશે.' (ચાલુ)



પ્લૅટિનમ

પરંતુ હવે પ્લૅટિનમ-મિશ્રિત ધાતુઓના બનાવાય છે.

ઓસ્મિયમ ધાતુને બાળવાથી 'ઓસ્મિક ઍસિડ' બને છે. આ પદાર્થ ચરચરાટવાળી ગંધ ધરાવે છે અને આંખોને ઇજા કરે છે. આ ઍસિડનાં દ્રાવણો સૂક્ષ્મદર્શક વડે વનસ્પતિના સૂક્ષ્મ ભાગો તપાસવામાં ઉપયોગમાં લેવાય છે.

૧૯૩૯માં કૅનેડાની પેદાશ ૧,૪૮,૯૭૭ ઔંસ પ્લૅટિનમ અને લગભગ ૧૩॥ હજાર ઔંસ પેલેડિયમ, રેડિયમ ને બીજી ધાતુઓ હતી. એ જ વરસમાં ટ્રાન્સવાલે ૫૯ હજાર ઔંસ પ્લૅટિનમ ને ૭૦૦૦ ઔંસ ઓસ્મિરીડિયમ પેદા કર્યું. એ જ વર્ષમાં બેલ્જિયન કૉન્ગોની તાંબાની ખાણોમાંથી તેર હજાર ઔંસ પેલેડિયમ કાઢવામાં આવેલું.

આમ થોડાં વર્ષો થયાં આ વિરલ ગણાતી ધાતુઓ આપણા જીવનમાં તેમજ ઉદ્યોગોમાં મહત્તા પ્રાપ્ત કરતી જાય છે.

સોના કરતાં પણ મોંઘું એવું સફેદ સુવર્ણ પ્લૅટિનમ અને તેની સાથે મળતી બીજી થોડી ધાતુઓ

લેખક - ડૉ. નરસિંહ મૂળજીભાઈ શાહ પીએચ. ડી.

આપણા રોજિંદા ઉપયોગમાં મહત્ત્વનું સ્થાન લેતી ધાતુઓમાં મોંઘામાં મોંઘી ધાતુ કઇ એમ કોઇ પૂછે તો આપણે કહેવાના કે સુવર્ણ-સોનું. પરંતુ એનાથી યે મોંઘી ધાતુઓ અસ્તિત્વ ધરાવે છે અને આ યુગમાં તેમનો ઉપયોગ સીધી તેમજ આડકતરીરીતે આપણા સામાન્ય જીવનમાં રોજ-બ-રોજ વધતો જ જાય છે. આવી ધાતુઓમાં પ્રથમ આવે પ્લૅટિનમ અને એની સાથે મળી આવતી તેના જેવી જ અન્ય કીમતી ધાતુઓ.

સોનું, રૂપું અને પ્લૅટિનમ-એ ધાતુ-ત્રિપુટી 'ઉમદા ધાતુઓ' કહેવાય છે. હિંદી રસશાસ્ત્રમાં પ્લૅટિનમને માટે શ્વેત સુવર્ણ શબ્દ વાપરવામાં આવ્યો છે. ગરમીમાં કે ઠંડીમાં ઑક્સિજન તેમજ શુદ્ધ હવાના વાતાવરણમાં તેના પર કોઇ જ જાતની અસર થતી નથી.

ઈ. સ. પૂર્વે સાતમા સૈકાના મિસર દેશના જે પુરાણા અવશેષો મળી આવે છે તેમાં વાપરેલાં ગૂઢ લિપિચિત્રોમાં પ્લૅટિનમની મિશ્ર ધાતુઓ વાપરેલી માલૂમ પડે છે. ૧૫૫૭માં મેક્સિકોની ખાણોમાંથી એક એવી ધાતુ મળી આવતી 'જેના પર અગ્નિની કાંઇ અસર ન થતી તેમજ સ્પેઈનના કારીગરોની કારીગરી તેના પર નિષ્ફળ નીવડતી.' ૧૭૩૫માં સ્પેનના મુસાફરોએ દક્ષિણ અમેરિકામાં કોલમ્બિયા પાસે એક ધાતુની શોધ કરી, અને તેના રૂપેરી રંગને લીધે સ્પૅનિશ ભાષાના શબ્દ 'પ્લાટા' એટલે રૂપું, એ ઉપરથી તેનું નામ પાડ્યું પ્લૅટિનમ. પ્લૅટિનમ ધાતુના નમૂના ૧૭૪૧માં યુરોપમાં લાવવામાં આવ્યા, તેના પર અનેક રાસાયનિકોએ સંશોધન આદર્યું અને પુરવાર કર્યું કે રૂપું અને પ્લૅટિનમ બે ભિન્ન ભિન્ન ધાતુઓ છે.

શરૂઆતમાં તો પ્લૅટિનમ નિરૂપયોગી લાગેલું. તેનો કોઈ ભાવ ન પૂછતું. ૧૭૩૮માં કોલમ્બિયાનાં ભરાણોમાંથી સોનાની સાથે તે મળી આવ્યું અને સોનામાંથી તેને જુદું પાડવામાં આવ્યું. ઓગણીસમી સદીના અંત સુધી દુનિયાને પ્લૅટિનમ ધાતુ કોલમ્બિયાની ખાણો પૂરી પાડતી. આ એનો ઇતિહાસ.

રશિયા (યુરલ પ્રદેશ), કૅલિફૉર્નિયા, બ્રાઝિલ, બોર્નિયો અને ઑસ્ટ્રેલિયામાં પણ પ્લૅટિનમનાં ભરાણો આવેલાં છે. રશિયા લગભગ એક સૈકા સુધી પ્લૅટિનમની માગણીનો પૂરવઠો પૂરો પાડતું અને લગભગ ૯૩ ટકા રશિયાનું તથા બાકીનું કોલમ્બિયાની પેદાશનું પ્લૅટિનમ દુનિયાનાં બજારોમાં આવતું. પણ હવે ૧૯૩૩થી કૅનેડાની નિકલની ખાણો લગભગ આખી દુનિયાને પ્લૅટિનમ પૂરું પાડે છે.

પેલેડિયમ, ઓસ્મિયમ, ઈરીડિયમ, રૂથેનિયમ અને રેડિયમ-એ પાંચે ધાતુઓની સાથે પ્લૅટિનમ મળી આવે છે. આ સમૂહમાં પ્લૅટિનમ સૌથી વિશેષ સર્વસામાન્ય છે. કુદરતમાંથી જડી આવતી પ્લૅટિનમ ધાતુ સામાન્યરીતે ઉપરની આ પાંચે ધાતુઓ સાથે જ મળી આવે છે. આ ઉપરાંત સોનું અને લોઢું પણ તેની સાથે હોય છે. આ ધાતુઓ ઝીણાઝીણા દાણા રૂપે મળી આવે છે.

કુદરતી પ્લૅટિનમને પારા સાથે મેળવીને પહેલાં તેમાંથી સોનું કાઢી લેવામાં આવે છે. પછી પ્લૅટિનમ ધાતુસમૂહને હાઇડ્રોક્લોરિક અને નાઈટ્રિક ઍસિડના મિશ્રણ(ઍક્વા રીજીઆ)માં ગાળવામાં આવે છે. તેની ઓસ્મિરીડિયમ ધાતુ(ઓસ્મિયમ ને ઇરીડિયમ)પર કાંઈ અસર નથી થતી એટલે તે છૂટું પડી જાય છે. પછી પ્લૅટિનમ તેના ક્ષાર રૂપે જુદું કરવામાં આવે છે અને ઇરીડિયમ દ્રાવણમાં ક્ષાર રૂપે રહી જાય છે. પ્લૅટિનમના ક્ષારને ગરમ કરવાથી પ્લૅટિનમ ધાતુ છૂટી પડે છે અને તેને ગરમ કરીને તેમાંથી શુદ્ધ પ્લૅટિનમ બનાવાય છે.

ઓસ્મિયમ, ઇરીડિયમ અને પ્લૅટિનમ અનુક્રમે સૌથી વિશેષ ભારે ધાતુઓ છે. તેમના પર ઍસિડની કે વાતાવરણની અસર થતી નથી ને તેમનું ગલનબિંદુ ખૂબ ઊંચું છે. ઓક્સિ-હાઇડ્રોજન જ્યોતની ગરમીમાં જ તે ઓગળે છે, એટલે રાસાયનિક, વીજળિક અને ધાતુ-સંશોધન ઉદ્યોગોમાં આ ધાતુઓ કિંમતી ગણાય છે. પરંતુ પ્લૅટિનમને કાર્બન અને ફૉસ્ફરસ સાથે તપાવવાથી તે બટકણું બની જાય છે.

પ્લૅટિનમનો ખાસ ઉપયોગ ઝવેરાતમાં થતો અને હજી પણ થાય છે. હવે ૩૬ ટકા ઝવેરાતની બનાવટમાં, ૨૩ ટકા દાંતના કામમાં, ૨૨ ટકા વીજળીના ઉદ્યોગમાં, ૧૪ ટકા રાસાયનિક ઉદ્યોગમાં અને ૫ ટકા પરચુરણ કામમાં પ્લૅટિનમ વપરાય છે. પ્લૅટિનમની કીમત અગાઉ સોના કરતાં છ ગણી વધારે હતી; પરંતુ કૅનૅડાનું પ્લૅટિનમ-ઉત્પાદન એટલું બધું થવા લાગ્યું કે અત્યારે સોના કરતાં પ્લૅટિનમની કીમત થોડી જ વધારે રહે છે.

પ્રયોગશાળાઓમાં ઉપયોગી સાધનો જેવાં કે મૂષકો, પતરાં, પ્યાલા, તાર વગેરેની બનાવટમાં પ્લૅટિનમ વપરાય છે. ઉદ્યોગોમાં પણ પ્લૅટિનમનાં વાસણોનો ઉપયોગ વધતો ચાલ્યો છે. ટેલિફોન અને તારનાં સાધનોની બનાવટમાં તેમજ બીજા વીજળિક ઉદ્યોગોમાં કૉન્ટેક્ટ પૉઈન્ટ તરીકે પ્લૅટિનમ ધાતુઓ વપરાય છે. એરોપ્લેનના અમુક ભાગોની બનાવટમાં પણ પ્લૅટિનમ હોય છે.

ઈરીડિયમ મિશ્ર ધાતુમાં ઉપયોગમાં આવે છે, કારણકે તે ખૂબ સખત ને ચીકણી હોય છે અને જરા યે કાટ ખાતી નથી. પ્લૅટિનમને બદલે પેલેડિયમનો ઉપયોગ આજે વધતો ચાલ્યો છે; કેમકે પેલેડિયમ એક તો સસ્તું છે અને બીજું પ્લૅટિનમ જેવું જ કામ તે આપે છે. ઈ. ૧૯૩૯માં અમેરિકાના વીજળી-ઉદ્યોગે ૩૨,૫૪૮ ઔંસ પેલેડિયમ વાપર્યું હતું; જ્યારે પ્લૅટિનમ તેનાથી અરધું જ વપરાયું હતું.

બનાવટી દાંત અને પોલાણો ભરવા માટે પેલેડિયમનો ઉપયોગ પણ વધતો ચાલ્યો છે. ખૂબ સખ્ત ઉષ્ણતા માપવા માટે, રેઝિસ્ટન્ટ થર્મૉમીટરો અને થર્મોકિપલોની બનાવટમાં પ્લૅટિનમમિશ્ર રેડિયમ, ઇરીડિયમ વગેરે ધાતુઓ વપરાય છે. ઇન્જેક્શન આપવા માટે વપરાતી સોયો, ફાઉન્ટન પેનની ટાંકો, ઘડિયાળનાં ધરાં તથા ચંદા, સર્ચલાઇટના પરાવર્તકો વગેરેની બનાવટમાં આ ધાતુઓ જુદી-જુદી રીતે ખૂબ વપરાય છે. પ્લૅટિનમનો તાર એક ઇંચના એકવીસ-હજારાંશ જેટલો પાતળો બનાવી શકાય છે!

પ્લૅટિનમ ને કાચનો પ્રસ્તરણાંક લગભગ સરખો હોવાથી સૂક્ષ્મ કાચમાં પ્લૅટિનમ દાખલ કરીને ઠંડું પડતાં ઢીલા પડવાનો કે તૂટી જવાનો ભય રહેતો નથી. વીજળિક બલ્બોમાં વપરાતા તાર પહેલાં પ્લૅટિનમના બનાવાતા, (અનુસંધાન જુઓ સામેના પાનાને છેડે)



ગજ-ગ્રાહ

અઢાર અઢાર જબરદસ્ત મર્દોની બધી જ શક્તિના પ્રવાહનું વાહન બનેલું દોરડું સ્થિર રહેતું તમે કદી જોયું છે? સામસામા એકબીજાને ખેંચતા નવનવ જણાની તાકાત એવી તો સરખેસરખી હોય કે દોરડું ન તો આ બાજુ ચસકે કે ન પેલી બાજુ. ત્યારે દોરડું, એકબીજાની તાકાતના ત્રાજવાની દાંડી સરખું, પાંચ, દસ, બાર કે પંદર સેકન્ડ વીતવા છતાં સ્થિર થઈ જાય એ પળની તંગ પરિસ્થિતિનો રોમાંચ સમજાવવો મુશ્કેલ છે.

ખેંચવું એ માણસની એક કુદરતી પ્રવૃત્તિ છે; ને તેથી, કાયાનાં કૌશલનો ક્યાસ કાઢતી કસોટીઓમાં ખેંચવાની શક્તિ માપવાની યોજનાનો પણ સમાવેશ કરવામાં આવે છે.

કોઇ પણ એકલી વ્યક્તિની ખેંચવાની શક્તિનું નિરપેક્ષ માપ કાઢવાને બદલે જ્યારે બે વ્યક્તિઓની ખેંચવાની શક્તિનો તુલનાત્મક ક્યાસ કાઢવામાં આવે છે,—એટલે કે જ્યારે એકબીજાને પોતપોતાની તરફ ખેંચવાનું આવે છે ત્યારે, જોકે વ્યક્તિની ખેંચવાની શક્તિનો આંક તો નથી મળતો; પણ કોણ વધારે તાકાતવાન છે એ તો સમજાય જ છે. વધારામાં, ભાગ લેનારને તથા જોનારને બંનેને એમાં ખૂબ મઝા પડે છે, કારણકે માપવાની એ ક્રિયા એક રમતનું સ્વરૂપ લે છે.

તેમાં યે બે વ્યક્તિને બદલે બે સમૂહો કે ટુકડીઓનો આ પ્રમાણે તુલનાત્મક ક્યાસ કાઢવામાં આવે ત્યારે તો વળી એ ક્રિયા ખૂબ જ ઉત્તેજક અને આકર્ષક બને છે. એ જોરદાર અને આકર્ષક ક્રિયા, એનું જ નામ ગજ-ગ્રાહ. પોતાને પાણીમાં ખેંચી જતા ગ્રાહ (મગર) સામે બલપૂર્વક જાતને ટકાવી રાખી સહાય માટે પ્રભુપ્રાર્થના કરતા ગજ (હાથી)ની પુરાણોમાંની ગજેન્દ્રમોક્ષની કથા ઉપરથી આ રમતનું નામ પડ્યું છે.

બે ટુકડીઓ, પોતાની ખેંચવાની શક્તિનો પરચો દેખાડવા માટે, તેમની વચ્ચે મૂકવામાં આવેલું દોરડું પોતાની બાજુ ખેંચી લઈ જવાનો પ્રયત્ન કરે (એટલે કે, પોતે ખેંચાઈ ન જતાં સામી ટુકડીને પોતાની તરફ ઘસડી લાવવાનો પ્રયત્ન કરે) એ આ રમતનો મુખ્ય મુદ્દો હોય છે. એ એટલી તો સરળ અને સ્વાભાવિક છે કે તેને કોઇ પણ એક દેશની પોતાની રમત ન જ કહી શકાય. હુતુતુતુ અથવા ખોખો તો અમુક જ ભાગોમાં રમાતી હોવાનો સંભવ છે, અને જ્યાંજ્યાં રમાતી હોય ત્યાંત્યાં પણ તેમાં પ્રકાર ભેદ અને નિયમ-ભેદ પણ હશે. પણ ગજગ્રાહ? એ તો, દુનિયાના કોઈ પણ ભાગમાં જાઓ તો પણ એક જ સ્વરૂપે જોવા મળશે. હા, કદાચ એટલો ફેર પડે કે કોઇ જગ્યાએ, વિજય મેળવવા માટે દસ ફૂટનું ખેંચાણ જરૂરી હોય, તો કોઈક જગ્યાએ બાર ફૂટનું.

છતાં આ રમતને વ્યવસ્થિત કરવા માટે કેટલાક નિયમો તો ઘડવા જ પડ્યા છે. દાખલા તરીકે, બંને ટુકડીમાં નવ નવ લડ્ડા જ રાખી શકાય. વળી દોરડાની લંબાઈ, જાડાઈ વગેરે માટે પણ મર્યાદાઓ છે. પણ એ બધા નિયમોમાં ખાસ જાણવા જેવો અગત્યનો નિયમ તો એક જ છે: દોરડાની બરાબર વચ્ચેના ભાગમાં એક ખાસ નિશાની કરવામાં આવે છે. પછી એ વચ્ચેના ભાગથી છ છ ફૂટને અંતરે, બંને બાજુ, બીજું એક એક નિશાન કરવામાં આવે છે. વચ્ચેના નિશાનને 'મધ્યપટ્ટી' અને બાજુઓનાં નિશાનને આપણે 'બાજુપટ્ટી' કહીશું. જેવી દોરડા ઉપર આ ત્રણ નિશાની, એવી જ ત્રણ નિશાની જમીન ઉપર: એક લીટી વચમાં અને તેનાથી છ છ ફૂટને અંતરે બંને બાજુ બીજી એક એક લીટી. વચ્ચેની લીટીને 'મધ્યરેખા' અને બંને બાજુની રેખાઓને 'બાજુરેખા' કહેવામાં આવે છે.

હવે, રમત શરૂ થતાં પહેલાં, દોરડાને જમીન પર એવી રીતે મૂકવામાં આવે છે કે મધ્યપટ્ટી બરોબર મધ્યરેખા ઉપર અને બંને બાજુપટ્ટીઓ બાજુરેખાઓ પર રહે. પછી દરેક ટુકડી એક એક બાજુરેખાની પાછળ પોતાના નવ નવ લડ્ડ ભેરૂઓને તેમની તાકાતના પ્રમાણમાં ગોઠવી દે છે. પછી પંચ રમત શરૂ કરવાની સંજ્ઞા આપે તે સાથે જ દોરડું પોતાની તરફ ખેંચવાની રસાકસી શરૂ થાય છે, અને એ રસાકસીને અંતે જે ટુકડી સામેની 'બાજુપટ્ટી'ને પોતાની 'બાજુરેખા'ની અંદરની તરફ ખેંચી લાવે (એટલે કે દોરડું પોતાની તરફ બાર ફૂટ જેટલું ખેંચી જઇ શકે) તે ટુકડી જીતી ગણાય છે. અને આવી

'હુતુતુ'માં બધા ભિલ્લુઓ એક જ શરીરનાં જુદાંજુદાં અંગ બની સમૂહકાર્ય કરે છે; 'ખોખો'માં એકનું આદર્યું તત્પરતાથી ઉપાડી લઈ બીજો પૂરું કરે છે, જ્યારે ગજગ્રાહમાં તો બધા જ ભેરૂઓ એક જ રંગે રંગાઈ જાય છે, એકસરખા બની જાય છે, જાણે એક જ વ્યકિત બને છે. સંઘમેવ શક્તિનું આ રમત સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.

કુલ ત્રણ તકમાંથી જે ટુકડી બે વાર જીતે તે વિજેતા થઇ ગણાય છે.

પણ આ રમત આમ સમજવામાં જ સહેલી છે. રમવામાં તો તે એટલી બધી ભારે છે અને એમાં એટલા તો શ્રમની જરૂર પડે છે કે કેટલાક નિષ્ણાતો તેને નુકસાનકારક ગણે છે! એટલે જ વિશ્વઑલિમ્પિકમાંથી એને બાતલ કરવામાં આવી છે, અને ભારતના રમત-ઉત્સવમાંથી પણ તેને ભગાડી મૂકવાની ભલામણ થઇ ચૂકી છે.

પણ છતાં રમત છે તો ફાંકડી. અઢાર અઢાર જબરદસ્ત મર્દોની બધી જ શક્તિના પ્રવાહનું વાહન બનેલું દોરડું સ્થિર રહેતું તમે કદી જોયું છે? એક બાજુવાળા નવ જણા સામી બાજુવાળા નવ જણને હડાફ કરતા પોતાની બાજુ ખેંચી લાવે એમાં એ ખેંચી લાવનારની સરસાઈ ભલે દેખાઈ આવતી હોય, પણ એમાં કાંઇ રમતની મઝા નથી. પણ સામસામી એકબીજાને ખેંચતા નવ નવ જણાની તાકાત એવી તો સરખેસરખી હોય કે દોરડું ન તો આ બાજુ ચસકે કે ન તો પેલી બાજુ. ત્યારે દોરડું, એકબીજાની તાકાતના ત્રાજવાની દાંડી સરખું, પાંચ સેકન્ડ, દસ સેકન્ડ, બાર સેકન્ડ કે પંદર સેકન્ડ પસાર થઈ જવા છતાં સ્થિર થઈ જાય એ પળની તંગ પરિસ્થિતિનો રોમાંચ સમજાવવો મુશ્કેલ છે. એ તો નજરોનજર જ જોવું પડે.

અને એ વખતની રમનારની સ્થિતિનો ખ્યાલ પણ જાતે રમ્યા સિવાય નહિ આવે. તેમને કોઈ પણ ભોગે સામા પક્ષના કરતાં વધારે કૌશલ્ય દેખાડીને દોરડું આખું આ બાજુ ઘસડી લાવવું છે. કૌશલ? હા, કૌશલ પણ ખરું જ; માત્ર તાકાત નહિ. રમત છે તો ભલે તાકાતની, પણ એમાં એકલી તાકાતથી કામ નથી પતતું. શરીરમાં તાકાત હોય પણ તેને કામે લગાડતાં ન આવડતી હોય તો કામ ન આવે. એ કામે લગાડવામાં ખ્યાલ ખાસ રાખવાનો છે તે શરીરના ખૂણે ખાંચરે પડેલી બધી જ શક્તિને એક બિન્દુ પર એકાગ્ર કરવાનો. ને શક્તિની એવી એકાગ્રતા મજબૂત ઈચ્છાશક્તિ વિના ન જ સંભવે.

સાચી વાત જ એ છે કે આ રમતમાં સૌથી પહેલી અને સૌથી છેલ્લી જરૂરિયાત ઈચ્છાશક્તિની જ છે. શરીરની બધી જ શક્તિને ભેગી કરવાનું, અંગના કોઇ પણ અવયવને ખૂણે શક્તિનો કણ પણ બાકી ન રહે તે રીતે સમગ્ર શરીરશક્તિને દોરડાના એક જ કેન્દ્ર ઉપર બહાર લાવવાનું કામ દૃઢ ઈચ્છાશક્તિ વિના શક્ય ન બને. 'કોઇ પણ ભોગે દોરડું ખેંચી જ જવું છે' એવો મજબૂત સંકલ્પ હોય તો જ બાકીનું કામ શક્ય બને. અને છેલ્લે પણ ઇચ્છાશક્તિની જ જરૂર છે. દોરડું જઈ લાગે, સામો પક્ષ આપણને એક ફૂટ, બે ફૂટ, ત્રણ ફૂટ ખેંચી ગયો છે એમ લાગે, ત્યારે પણ દૃઢ ઈચ્છાશક્તિ ઉપર જ બધો આધાર રહે છે. એવા પણ અનેક પ્રસંગો જોવા મળે છે કે જેમાં સારી તાકાતવાળી ટુકડી પણ ત્રણેક ફૂટ ખેંચાઇ જતાં દોરડું મૂકી દે છે; અને એવા પ્રસંગો પણ ઠીક જોવા મળે છે કે સામાન્ય તાકાતવાળી ટુકડી છેક સાડાઅગિયાર કે પોણાબાર ફૂટ ખેંચાઇ ગયા છતાં પણ હિંમત ન હારતાં પ્રયત્ન ચાલુ રાખીને પ્રબલ ઇચ્છાશક્તિને છેલ્લી ઘડીએ કેન્દ્રિત કરીને સામી ટુકડીને પોતાની બાજુ (એટલે કે કુલ લગભગ ૨૪ ફૂટ) ઘસડી લાવે છે!

આવી પ્રચંડ ઈચ્છાશક્તિના પ્રેર્યા ખેલાડીઓ જ્યારે કામે લાગી પડયા હોય છે ત્યારે તેમને પોતાને તો ઝાઝી ખબરે નથી હોતી કે તેમનું શું થઈ રહ્યું છે. પણ જોનારા જો રમત જોવાનો રસ બાજુએ રાખી દરેક ખેલાડીનું નિરીક્ષણ કરે તો તેને ખબર પડે કે દરેક જણ શું કરી રહ્યો છે. કેટલી પ્રચંડતાથી શરીરની પેશી યે પેશીમાંથી શક્તિનો કણેકણ નિચોવી નિચોવીને દોરડા પર એકાગ્ર કરી રહ્યો હોય છે.

ખેંચવું એ ક્રિયા તો હાથની જ છે; પણ રમનારાને રમી રહ્યા પછી જ ખબર પડે છે કે તેના એકલા હાથ જ નહિ પણ આખું શરીર દુઃખે છે. તેમાં ય કમ્મર અને જાંગ તો ખલાસ થઈ જાય છે. ચતુર પ્રેક્ષકોને તો આ નજરોનજર દેખાતું જ હોય છે. ખેંચનારના પગના અંગૂઠાથી માંડી તેની પીંડી, જાંગ, કમ્મર, પેટ, પીઠ, છાતી, ખભા, ગરદન અને હાથ બધું જ કામે લાગ્યું હોય છે. ત્યારે મોં જ એકલું બાકી રહેતું હશે? ના'મોંનું તો રોમેરોમ એટલું તંગ બની જાય છે કે તે અરીસો બની જાય છે,—અરીસો નહિ પણ તેમની કામગીરી જોવાનું-માપવાનું યંત્ર-'મીટર'.

પંચ રમત શરૂ કરવાની સંજ્ઞા આપે ત્યારથી જ ધ્યાનથી જોવા માંડો તો જણાશે કે ખેલાડીનું સમગ્ર શરીર કેવું તો કામે લાગી જાય છે. દરિયાના કોઈ જબ્બર મોજાની 'સ્લો-મોશન'થી ફિલ્મ ઉતારી હોય ને તેમાં જેમ મોજું ખૂબ ધીમે ધીમે પોતાની પ્રચંડ તાકાત સાથે ગતિ કરતું દેખાય છે તેવું જ એ દૃશ્ય હોય છે.

આ રમતમાં સફળતા મેળવવા ખેલાડીઓએ નાનીમોટી જુદી-જુદી યુક્તિઓ પણ શીખી લીધી હોય છે: પગ કેમ ઠેરવવા, હાથથી પકડ કેમ લેવી, કયારે પકડ બદલવી, કયારે આંચકો આપવો વગેરે. પણ આ બધી પ્રયુક્તિઓના સાર રૂપ બાબત એક જ છે. અને તે છે આખી ટુકડીએ એક જ સાથે, એક જ દિશામાં, એક જ બિન્દુ પર પોતાની શક્તિનો અણુ યે અણુ કેન્દ્રિત કરવો. ટુકડીને જો વિજય મળવાનો જ હોય તો તે આમાં જ મળે. અને આમાં જો ચૂક થઇ તો સફળતા ચૂકવાનો પૂરેપૂરો સંભવ. અને આમ, સફળતા મળે એટલા માટે આખી ટુકડી એકીસાથે શક્તિનો અણુ યે અણુ કામે લગાડે ત્યારે કેટલી પ્રચંડ તાકાત એ દોરડા પર ભેગી થતી હશે.

હુતુતુ, ખોખો, ગજગ્રાહ અને બીજી રમતોમાં પણ સમૂહકાર્ય (ટીમ-વર્ક)ની જરૂર તો પડે જ છે. પણ તે બધાંનો પ્રકાર જરા જુદો રહે છે. હુતુતુમાં બધા ભિલ્લુઓ એક જ શરીરનાં જુદાંજુદા અંગ બની સમૂહકાર્ય કરે છે; ખોખોમાં એકનું આદર્યું તત્પરતાથી ઉપાડી લઇ બીજો પૂરું કરે છે; જ્યારે ગજગ્રાહમાં તો બધા એક જ રંગે રંગાઇ જાય છે, એકસરખા બની જાય છે, નવ મટીને જાણે એક જ વ્યક્તિ બને છે: એક ચાંપ દાબતાં એકસામટી નવ તોપો ફૂટે એમ. સંઘમેવ શક્તિનું આ રમત સર્વોત્કૃષ્ટ ઉદાહરણ છે.

વાસુદેવ ભટ્ટ

મથાળાના ફોટોગ્રાફમાં ગજ-ગ્રાહ ખેલતી દર્શાવેલી ટુકડી અમદાવાદમાં ઘણાં વર્ષોથી અણ-જીત રહી છે; અને વડોદરામાં હિન્દવિજય જિમખાના તરફથી થતી હરીફાઇઓમાં પણ જ્યારેજ્યારે તેણે ભાગ લીધો છે ત્યારે દરેક વખતે વિજેતા થઇને જ આવી છે. એ ટુકડીએ કાંઈક એવી ખૂબી હસ્તગત કરી છે કે સામેની ટુકડી ગમે તેવી મજબૂત અને વજનદાર હોય છતાં થોડા જ સમયમાં અને સહેલાઈથી તેને ઘસડી લાવે છે. એ ટુકડી અમદાવાદના ખાડિયા સાર્વજનિક વ્યાયામ શાળાની છે.

ગંગોત્સવ : દશહરા

ઈક્ષ્વાકુ કુળના પ્રતાપી રાજા સગરે અશ્વમેધ યજ્ઞ શરૂ કર્યો. યજ્ઞનો ઘોડો સૈન્ય સાથે રાજાનું ચક્રવર્તીપણું કબૂલ કરાવવા નીકળ્યો. અશ્વને નીકળી ગયે ઘણો લાંબો સમય થઇ ગયો, છતાં અશ્વ કે સેના કોઇ જ પાછું ફર્યું નહિ એટલે રાજાને ખૂબ ચિંતા થવા માંડી. તેણે પોતાના ૬૦ હજાર પુત્રોને અશ્વની શોધમાં મોકલ્યા; પણ તે ય પાછા આવ્યા નહિ, એટલે સગર રાજાની ચિંતા વધી. છેવટે સગર રાજાનો પૌત્ર અંશુમાન યજ્ઞના અશ્વને શોધવા નીકળ્યો. ફરતાં ફરતાં તે કપિલઋષિના આશ્રમમાં આવ્યો. ત્યાં તેણે યજ્ઞના અશ્વને ચરતો દેખ્યો. કપિલ ઋષિએ કહ્યું, 'હે વત્સ, તારા કાકાઓ મારા રોષને કારણે અહીં ભસ્મ થઇ પડ્યા છે. તેમનો જો ઉદ્ધાર કરવો હોય તો ફક્ત એક જ રસ્તો છે. ગંગાના પવિત્ર પ્રવાહને જો આ રાખ પરથી તું વહેવડાવે તો જ તેમનો ઉદ્ધાર થાય.' અંશુમાન અશ્વને લઈ ઘેર આવ્યો અને યથાવિધિ યજ્ઞ પૂરો કર્યા બાદ પોતાના કાકાઓના ઉદ્ધાર માટે ચાલી નીકળ્યો. ગંગાને પ્રસન્ન કરવા તેણે કડક તપશ્ચર્યા આદરી. પણ તે ગંગાને પ્રસન્ન કરી શક્યો નહિ. તેના પછી તેના પુત્ર દિલીપે પણ એવી જ રીતે ગંગાને પ્રસન્ન કરવા તપ કર્યું; પણ તેને ય સફળતા મળી નહિ. દિલીપ પછી તેના પુત્ર ભગીરથે ગંગાને પ્રસન્ન કરવાનો ભીષ્મ નિર્ધાર કરી આસન પર પલાંઠી વાળી. તેની તપશ્ચર્યામાં અનેક વિઘ્નો આવ્યાં, પણ ભગીરથ પોતાના ધ્યેય કે કાર્યથી જરાપણ ચ્યુત થયો નહિ. તેની એ ભીષણ તપશ્ચર્યા જોઇ આખરે ગંગા પ્રસન્ન થયાં અને ભૂલોક પર આવવાનું કબૂલ કર્યું. સ્વર્ગમાંથી વિષ્ણુના ચરણ પાસેથી તે નીકળ્યાં અને શંકર ભગવાનના મસ્તક ઉપર થઇ પૃથ્વીતલ પર વહેતાંવહેતાં હરિદ્વાર, પ્રયાગ, વારાણસી વગેરે ઠેકાણે થઈ, જ્યાં સગર રાજાના પુત્રો ભસ્મ થઈ પડ્યા હતા ત્યાં આવી પહોંચ્યાં અને તેના પર વહી તેમનો ઉદ્ધાર કર્યો. સગરના પુત્રો જ્યાં ભસ્મ થઇ પડ્યા હતા તેની પાસેના સમુદ્રને 'સાગર' નામ મળ્યું.

ગંગા સ્વર્ગમાંથી જેઠ સુદ ૧૦ને મંગળવારે હસ્ત નક્ષત્ર વખતે ભૂલોક પર આવેલાં. આ દિવસ ગંગોત્સવના નામે પ્રસિદ્ધિ પામ્યો અને તહેવાર તરીકે ઉજવાવા લાગ્યો. ગંગામાં સ્નાન કરવાથી દશ પ્રકારનાં પાપ દૂર થાય છે એમ કહેવાય છે. તે દશ પાપ આ પ્રમાણે: કઠોર ભાષણ, અસત્ય ભાષણ, ચાડી ખાવી, વૃથા બોલવું, ચોરી, હિંસા, અનીતિકારક વિષયભોગ, પરાપહાર, અનિષ્ટ ચિંતન અને દુરાગ્રહ. આ દશ પ્રકારનાં પાપ ગંગાસ્નાનથી દૂર થતાં હોવાથી ગંગાને દશહરા પણ કહે છે.

હિંદુ ધર્મમાં નદીઓને અને નદીસ્નાનને ઘણું ઉચ્ચ સ્થાન મળેલું છે. પવિત્ર નદીમાં સ્નાન કરવાથી દશ પ્રકારનાં ફળની પ્રાપ્તિ થાય છે અને મૃત્યુ બાદ ઉત્તમ યોનિમાં જન્મ મળે છે એમ શાસ્ત્રમાં કહેલું છે. પણ સૌ નદીઓમાં ગંગાનું માહાત્મ્ય અનેરું છે. દેવોની નદી ગણાતી એ પવિત્ર ભાગીરથીના પ્રવાહમાં એક વાર સ્નાન કરવાની પ્રત્યેક હિંદુમાત્રની જન્મથી જ ઇચ્છા હોય છે. મૃત્યુ સમયે જો તેનું એકાદ ટીપું પાણી મરનારના મુખમાં પડે તો સદ્‌ગતિ મળે એમ મનાતું હોવાથી ઊંચા વર્ગના હિંદુઓ ગંગાજળ લાવીને પોતાના ઘરમાં રાખી મૂકે છે. મરનારનાં અસ્થિ ગંગામાં નાખવાં એ એક અત્યંત ધાર્મિક કૃત્ય ગણાય છે. દર સાલ લાખો જાત્રાળુઓ ગંગાના કાંઠે કાશી, પ્રયાગ, ગંગોત્રી આદિ સ્થળે જઈ ગંગાનું દર્શન કરી આવે છે. ગંગાની મહત્તા અનેક સાધુસંતોએ ગાઈ છે. શંકરાચાર્ય જેવાએ તેનું સ્તવન કરતાં કહ્યું છે કે, 'હે દેવી, તારા જલનું પાન કરીને સર્વ વિષયોથી અલિપ્ત થઈ હું ભગવંતનું પૂજન કરું એવી મારી ઇચ્છા છે. તું ત્રિવિધ તાપનું નિવારણ કરનારી છે ને સ્વર્ગમાં જવા માટે નીસરણી જેવી છે.' કવિકુલગુરુ કાલિદાસ ગંગાની સ્તુતિ કરતાં કહે છે, 'હે દેવી, તારે કાંઠે જે રહે છે તેમને ગર્વ નથી. તે જ્ઞાની છે, મિતાહારથી તેમણે પોતાનો દેહ શુદ્ધ કર્યો છે અને રાજમંદિરો તથા રાજ્યોપભોગનો ત્યાગ કરીને તેઓ આનંદમાં રહે છે.'

ગંગોત્સવનો ઉત્સવ જેઠ સુદ ૧થી૧૦ સુધી ચાલે છે. તે વખતે ગંગામાં રોજ સ્નાન કરવું, ગંગામાતાની પ્રતિમા બનાવી દેવીની માફક તેની પૂજા કરવી, એ મુખ્ય વિધિ છે. તે દિવસે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, સૂર્ય, હિમાલય તથા ભગીરથની પૂજા કરી દસદસ શેર તલ તથા જવ અને દસ ગાયો બ્રાહ્મણને દાન આપવાથી દસ જન્મનાં પાતક નાશ પામે છે એમ સ્કંદ પુરાણમાં જણાવ્યું છે. વળી નદીમાં રહેનારાં માછલાં, દેડકાં તથા બીજાં જલચર પ્રાણીઓ તેમજ હંસ ક્રૌંચ વગેરે પક્ષીઓની પ્રતિમા કરીને તેમને નદીમાં પધરાવવી, તલ ઘી અને સકતુના અર્ઘ્ય આપવા, અને દસ બ્રાહ્મણોને ભોજન કરાવવું આદિ વિધિઓ તે દિવસોમાં ચાલે છે. આ તહેવાર ફક્ત ગંગાને કાંઠે જ પળાય છે એવું નથી. કૃષ્ણા, ત્રિવેણી, ગોદાવરી, નર્મદા આદિ નદીઓને કાંઠે આવેલાં પ્રસિદ્ધ તીર્થોમાં પણ ઉપર મુજબ ઉત્સવ થાય છે.

આમ ગંગોત્સવ એ મુખ્યતઃ ધાર્મિક તહેવાર છે; પણ તેની પાછળ ઐતિહાસિક સંબંધ હોય એમ પણ લાગે છે. ગંગાવતરણની જે કથા ઉપર આપી છે તેમાં ઈક્ષ્વાકુ કુળની પરાક્રમગાથા ગૂંથી હોય એમ જણાય છે. ઇક્ષ્વાકુ કુળના સગર રાજાના હજારો પ્રજાજનો પૂર્વ તરફનો પ્રદેશ જીતવા ગએલા. તેમનાથી તે કાર્ય ન થતાં સગરના પુત્રોએ તે માટે પ્રયત્ન કર્યો. ત્યાર બાદ અંશુમાન તથા દિલીપે પ્રયત્ન કર્યો. છેવટે ભગીરથ આર્યોની વિજયપતાકા ગંગાસાગર પર ચડાવવા સમર્થ થયો હોવો જોઇએ. અને એમ થતાં પોતાના પૂર્વજોનું ઋણ તેણે ચૂકવ્યું એટલે તેમનો ઉદ્ધાર થયો અને તેઓ સ્વર્ગમાં ગયા એવો અર્થ એ કથામાંથી નીકળી શકે. આમ, ગંગોત્સવ એ આર્યોના પ્રાચીન પરાક્રમનું સ્મરણ કરાવતો ઐતિહાસિક તહેવાર પણ છે.

આ તહેવારમાંથી ચારિત્ર્યઘડતરની દૃષ્ટિએ ઉચ્ચ બોધ રહેલો છે. કાર્ય નાનું હોય કે મોટું, સહેલું હોય કે વિકટ, પણ એક વાર તે હાથમાં લીધા પછી તેને ગમે તે ભોગે પાર પાડવું જ જોઇએ એ ભગીરથના દૃષ્ટાંતમાંથી આપણને શીખવા મળે છે. આજે કોઈ પણ કામ માથે લઇ તે પૂરું કરવાની મહત્ત્વાકાંક્ષા આપણામાંથી નષ્ટ થતી જાય છે. કર્તૃત્વશક્તિ પર વિશ્વાસ રાખવાને બદલે આપણે દૈવવાદી બની ગયા છીએ. એવે વખતે કોઇ પણ એક ધ્યેય આંખ આગળ રાખીને તે પાર પાડવા માટે ભગીરથ પ્રયત્ન કરવાનો સંદેશ આપતો આ તહેવાર પ્રેરક છે. કર્મકાંડનાં જાળાંમાં ગૂંચવાઇને નહિ પણ આ ભાવનાથી જ તે ઊજવવો જોઇએ.

ગળતેશ્વર મંદિર અને તેનું સ્થાપત્ય (પૃ. ૧૬૪થી ચાલુ)

અંગાડીથી ગળતેશ્વરનો રસ્તો કોતરોવાળો હોવાથી અમે ચડ-ઊતર કરતા કલાકેકમાં મહીની[1] નજીક જઈ પહોંચ્યા અને ગળતેશ્વરનું મંદિર દેખાવા લાગ્યું. પ્રભાસપાટણ(સૌરાષ્ટ્ર)માં હિરણ્યા નદીના કાંઠે (નગરમાં) જે સુપ્રસિદ્ધ સૂર્યમંદિર છે તેના જેવો આકાર આ મંદિરનો દેખાયો. હવે અમે એક નાની નદી[2] ઓળંગી. એનું નામ હતું ગળતી. એમાં પાણી ગળ્યા કરતું હોય તેમ વહેતું હોઈ લોકો એને ગળતી કહે છે, અને આ ગળતીનો સંગમ જ્યાં મહી સાથે થાય છે તે સ્થળે જ ગળતેશ્વરનું મંદિર આવેલું છે. એક નાનો ટેકરો ચડીને અમે મંદિરે આવી પહોંચ્યા. મંદિરની બાજુમાં જ ધર્મશાળા હતી. તેમાં કાયમ રહેનારા બેત્રણ સાધુઓ હતા. મોટા સાધુના પટ્ટશિષ્ય મદ્રાસી સાધુ હતા. ઊતરવા-કરવામાં આ લોકોએ અમારી સગવડ સાચવી. ગળતેશ્વર વિષે પૂછતાં મદ્રાસી સાધુએ અંગ્રેજી-તામીલ-ગુજરાતી અને હિંદુસ્તાનીની મિશ્ર ભાષામાં ઉત્તર આપ્યો: 'ઑલ ઇન્ડિયામેં ગળતેશ્વર બડા મોટ્ટા તીરથમ્ છે. રાતકુ ડીમમેં ભગવાનકા લિટ્ટર (letter) અમારા ગુરુજીને મળ્યો, અને મોટું દ્રવ્યમ્ ખરચ કરીને આ મંદિર રીપેર કરાવ્યું છે; સમજ ગયા તમે લોક?'

ગળતી નદીના નામ પરથી આ મંદિર ગળતેશ્વર કહેવાય છે. મહીના કાંઠે પ્રાચીન શિવમંદિર હોવાનો એકમાત્ર ઉલ્લેખ માળવાના પરમાર રાજા સીયક બીજાના વિક્રમ સંવત્ ૧૦૦૫ (ઇ.૯૪૯)ના હરસોલના તામ્રપત્રમાં છે. શક્ય છે કે એ 'શિવનાથ'નું મંદિર તે આ ગળતેશ્વરનું જ મંદિર હોય. તેના ઇતિહાસ પર પ્રકાશ પાડનાર બીજી કોઈ પ્રાચીન નોંધ કે શિલાલેખ ગળતેશ્વરમાં મળી આવ્યાં નથી.

મંદિર એટલે દેવમૂર્તિનું સ્થાન. ઈસ્વી સનના આરંભકાળ સુધી ભારતમાં પત્થરનાં દેવમંદિરો બંધાયાની પરંપરા જણાતી નથી. હિંદુ મૂર્તિપૂજાનો વિકાસ પણ ગુપ્તકાળ(ઈ.૩૫૦-૬૫૦)થી જ નજરે પડે છે. મંદિરના ભાગોમાં અંદરનો મુખ્ય ભાગ ગર્ભગૃહ (ગભારો) કહેવાય છે. એમાં દેવમૂર્તિ વિરાજતી હોય છે. એના પર શિખર (ઘુમ્મટ) હોય છે, ને શિખર પર આમલક (ઇંડું). ભક્તો જ્યાં દર્શન કરવા ઊભા રહે છે તે મંડપ કહેવાય છે. એના પર પહોળું અને નાનું શિખર હોય છે. પગથિયાં ચડીને જ્યાંથી મંડપમાં દાખલ થવાય છે તે અર્ધમંડપ કહેવાય છે.

કોઈ પણ મંદિરને ઓળખવાની નિશાની છે તેનું શિખર. એની ઉત્પત્તિ હજુ અજાણી છે. પ્રાચીનતમ મંદિરોને શિખરો ન હતાં. ગર્ભમંડપ પર ધીમે ધીમે શિખર આવીને ઊંચું થતું ચાલ્યું છે. ગુપ્ત કાળનાં મંદિરોનાં શિખરો ઘણાં નાનાં હોય છે. શિખરના વિકાસનો ઇતિહાસ સૌરાષ્ટ્રમાં સારીરીતે જોવા મળે છે. ગુપ્ત કાળનાં ગોપ, કદવાર વગેરેનાં મંદિરોનાં નાનાં શિખરો ૧૧-૧૨મા સૈકામાં ખૂબ ઊંચાં બની જાય છે. એ કાળ પછીના હિંદના મંદિરસ્થાપત્યમાં ત્રણ શૈલીઓ સ્પષ્ટ રીતે નજરે પડે છે:(૧) ઉત્તરની નાગર(Indo-Aryan); (૨) દક્ષિણની દ્રવિડ; અને (૩) એ બંનેના સમ્મિશ્રણરૂપે કર્ણાટકની ચાલુક્ય (Chalukya) કે વેસર. આ વર્ગીકરણ શિખરોના પ્રકાર પર આધાર રાખે છે. વળી કોઈ પણ મંદિરની તપાસમાં શિખર ઉપરાંત તેના પાયાના આકારનો અભ્યાસ પણ કરવાનો હોય છે.

ઇ. ૯૬૧માં મૂળરાજ સોલંકી (આ વંશને ઇતિહાસકારો સોલંકી નહિ પણ ચૌલુક્ય કહે છે, કારણ કે આ વંશના રાજાઓ પોતાના લેખોમાં પોતાના વંશનું નામ સોલંકી નહિ પણ ચૌલુક્ય લખે છે) અનહિલ્લપુર પત્તન(ઉત્તર ગુજરાતના પાટણ)ની ગાદીએ બેઠો. એની પહેલાંનાં મંદિરો તળ ગુજરાતમાં હજુ સુધી ક્યાંય પણ મળી આવ્યાં નથી, પણ સૌરાષ્ટ્રમાં તે વખતનાં કેટલાં યે મંદિરો છે. સૌરાષ્ટ્રના આ ચૌલુક્ય પૂર્વ કાળનાં મંદિરોમાંનાં જૂનામાં જૂનાં ગુપ્ત કાળ જેટલાં જૂનાં ખરાં. આ મંદિરોના પાયાનો આકાર લગભગ ચોરસ છે, જ્યારે ચૌલુક્ય કાળનાં મંદિરોનો લગભગ ગોળાકૃતિ છે. બન્ને આકૃતિ વચ્ચે આ મુખ્ય તફાવત છે. સૌરાષ્ટ્રનાં આ પુરાતન મંદિરો નાગર શૈલીનાં છે અને પાયા તથા ઘુમ્મટના આકારની દૃષ્ટિએ ઓરિસ્સાના ભુવનેશ્વર વગેરેનાં મંદિરો સાથે તે ખૂબ મળતા આવે છે. તેથી કેટલાક પુરાવિદો માને છે કે મંદિર સ્થાપત્ય આપણે ત્યાં ઓરિસ્સાથી આવ્યું છે. પણ હું આ અભિપ્રાયની વિરુદ્ધ છું. મારી માન્યતા પ્રમાણે ગુજરાત-સૌરાષ્ટ્રનું મંદિર સ્થાપત્ય તળપદી ઉત્પત્તિનું છે, કારણ કે સૌરાષ્ટ્રનાં મંદિરો ઓરિસ્સાના ભુવનેશ્વરાદિનાં મંદિરો કરતાં વિશેષ જૂનાં છે, અને આપણે ત્યાં આપણા આ તળપદી શૈલીના વિકાસના બધા અંકોડા મળી આવે છે.

પાટણના ચૌલુક્યોએ એક નવી જ મંદિર-સ્થાપત્ય-શૈલી ગુજરાતમાં દાખલ કરી ને તે 'ચૌલુક્ય શૈલી'; (જે ચાલુક્યથી જુદી કહેવાય છે.) આ મૂળ તો આપણા પ્રાંતની નાગર વર્ગની તળપદી શૈલી જ, પણ તેમાં થોડાંક કર્ણાટકની વેસર શૈલીનાં દાક્ષિણાત્ય તત્ત્વો આવતાં આ નવી શૈલી ઉત્પન્ન થઈ હતી. ગુજરાતના ચૌલુક્યો મૂળ કર્ણાટકના હતા, તેથી તેમના સમયે ગુજરાતમાં કર્ણાટકનાં તત્ત્વો ખૂબ આવ્યાં છે ને તેના જ પરિણામ રૂપે આ શૈલી આપણે ત્યાં ઉદ્‌ભવી. આ દાક્ષિણાત્ય તત્ત્વો હોવા છતાં તેની ગણત્રી ઉત્તરની નાગર શૈલીમાં જ થાય છે. રુદ્રમાળ, મોઢેરા, આબુ, ગિરનાર, પ્રભાસ વગેરેનાં બધાં ચૌલુક્યકાળનાં મંદિરો આ શૈલીનાં છે અને ગુજરાતની આ શૈલીની અસર તેની આજુબાજુના તેની સંસ્કૃતિથી પ્રભાવિત થએલા પ્રદેશો જેવા કે માળવા, ડાહલ (જબલપુર), મારવાડ, ઉત્તર મહારાષ્ટ્ર વગેરેની તત્કાલીન સ્થાપત્યશૈલીઓ ઉપર પણ થએલી.

આપણે જોયું કે મંદિર-સ્થાપત્યની બે પ્રાચીન શૈલીઓ ગુજરાતમાં મળી આવે છે: સૌરાષ્ટ્રના ચૌલુક્યપૂર્વ કાળનાં મંદિરોની નાગર વર્ગની એક વિશેષ શૈલી, અને ચૌલુક્ય કાળનાં ગુજરાત-સૌરાષ્ટ્રનાં મંદિરોની નાગર-વેસર મિશ્રિત વિશિષ્ટ શૈલી. એમાં આખા ગુજરાતમાં એક માત્ર ગળતેશ્વરનું જ મંદિર એવું છે કે જે આ બંનેમાંથી બીજા એક પણ વર્ગમાં પૂરેપૂરું આવતું નથી. ગળતેશ્વરના મંદિરના પાયાનો આકાર લગભગ ચોરસ છે અને આ દૃષ્ટિએ તે ચૌલુક્ય શૈલીનાં મંદિરોથી જુદું પડતું હોઈ સૌરાષ્ટ્રનાં મંદિરોની સાથે મળતું આવે છે; પણ શિખર અને બીજા બાહ્ય ભાગોની કળાની દૃષ્ટિએ તે ચૌલુક્ય મંદિરોના જેવું જ છે. સને ૧૯૨૦માં હિંદી સરકારના પુરાતત્ત્વ ખાતાના એક અમલદાર સુપ્રસિદ્ધ પુરાવિદ્ ડૉ. બર્જેસે તેની તપાસ ચલાવી હતી. તેમના કહેવા પ્રમાણે આ મંદિર ગુજરાતની ચાલુક્ય શૈલીનું હોવાને બદલે કર્ણાટકની ચાલુક્ય શૈલીનું હોવાનું વધારે જણાય છે. ગર્ભગૃહનો આકાર ચોરસ છે ને આ દૃષ્ટિએ તે કલ્યાણ પાસેના અંબરનાથના પ્રાચીન મંદિર સાથે સામ્ય ધરાવે છે. ગર્ભગૃહનાં દ્વાર પરની કોતરણી ગુજરાતનાં ચૌલુક્ય મંદિરો કરતાં કર્ણાટકનાં ચાલુક્ય મંદિરોના જેવી છે. ગર્ભગૃહનો પાયો તારાના આકારનો હોઈ કર્ણાટકમાં ડમ્બલમાં આવેલ દોદાબાસપ્પાના મંદિર સાથે સમાનતા ધરાવે છે. આ સિવાય બીજી રીતે ગળતેશ્વરનું મંદિર

[1] એ જાજરમાન નદી મહી વિષે આ જ લેખકનો એક માહિતીપૂર્ણ તથા અભ્યસનીય લેખ, નકશાઓ સાથે આવતા અંકમાં આવશે.

[2] નાની નદીઓ માટે ગુજરાતના જુદાજુદા ભાગોમાં જુદાંજુદાં નામો છે; દા૦ત૦ સૌરાષ્ટ્રમાં 'વોંકળો' ને દક્ષિણ ગુજરાતમાં 'ખાડી.'

ગુજરાતની ચૌલુક્ય શૈલીનું છે. મોઢેરાના મંદિરની જેમ આ મંદિરની આસપાસની કોતરણીમાં ભોગાસનોનાં શિલ્પો ખૂબ છે.

ગળતેશ્વર-મંદિરનો પત્થર તેની નજીકમાં જ થતો એક વેળુ-પાષાણ છે, જેનો રંગ ભૂખરો લાલ છે. ક્યાંક ક્યાંક મહીકાંઠાના કાળા પત્થરનો પણ ઉપયોગ થયો છે. મંદિરનો કેટલોક ભાગ પડી જતાં પુરાતત્ત્વ ખાતાએ તેનું સમારકામ કરાવ્યું છે, પણ શિખર હજી અર્ધું જ છે અને તેના પત્થરો આજુબાજુ પડ્યા છે.

ગળતેશ્વર આગળ મહીનો પટ ખડકવાળો છે. તેથી અહીં મહી અનેક ધારાઓમાં વહેંચાઇ ગઈ હોવાથી ઊંડી પણ નથી. આથી ભરેલાં ગાડાં અહીં મહીને ઓળંગી શકે છે. વળી અહીં નદીનો ઢાળ વિશેષ હોવાથી પૂર વખતે પાણી થોડાક વખતમાં જ ઊતરી જાય છે ને રેતીનો અભાવ છે. આથી પણ અહીં જ મહીને ઓળંગવી સુગમ હોઇને ખંભાતથી માળવાનો મહામાર્ગ અહીં મહીને ઓળંગતો હતો અને અવરજવરની આ પરિસ્થિતિને લઇ ગળતેશ્વર જેવું સુંદર મંદિર અહીં બંધાયું. જોકે હવે તો આ પ્રદેશ નિર્જન જેવો લાગે છે.

સરનાળ

મહીમાં અમે સહુ નાહ્યા અને ત્યાંથી નજીક એક માઈલ આવેલા સરનાળ આગળ પ્રાચીન 'ચંદ્રહાસ' નગરીના અવશેષો જોવા ગયા. અહીં પૌરાણિક ચંદ્રહાસ રાજા રાજ્ય કરતો હોવાની દંતકથા છે. પણ દંતકથા કંઈક જુદું જ કહેતી હોય છે ને સંશોધન કરતાં ખરી વસ્તુ કંઈક જુદી જ નીકળે છે. અવશેષો વિસ્તૃત છે અને તે પ્રાચીન સરનાળ ગામના હોવા જોઇએ. સરનાળ (એનું મૂળ નામ કળી શકાતું નથી) દસમા-અગિયારમા સૈકામાં મહીકાંઠે એક ઠીક ઠીક વ્યાપારિક મથક હશે. પ્રાચીન સાહિત્યમાં એની નોંધ નથી. એના આંગણે બનેલા મુઘલાઈ જમાનાના એક ઐતિહાસિક બનાવની નોંધ અકબરના તવારીખનવેશ અબુલ ફઝલે લીધી છે. ગુજરાતની મુસ્લિમ સલ્તનતની પડતીના વારામાં અહીં રાજકીય અંધાધૂંધી ફેલાએલી ને તેમાં કેટલાય મુસલમાન સરદારોએ બંડ ઉઠાવેલું, એટલે સમ્રાટ અકબર ગુજરાત પર ચડી આવ્યો. ઈબ્રાહીમહુસેન મિરઝા નામનો સરદાર સરનાળ જઇ સંતાઈ રહ્યો. અકબરને વડોદરામાં સમાચાર મળતાં તે સરનાળ પર સૈન્ય લઈ ચડી ગયો અને ઈ. ૧૫૭૨ના ડિસેમ્બર માસની ૨૩મી તારીખે યુદ્ધમાં સરનાળને આંગણે અકબર અને તેના એક મંત્રી રાજા ભગવાનદાસના જીવ જોખમમાં મુકાયા. એ યુદ્ધમાં રાજા ભગવાનદાસનો ભાઇ મરાયો. મિરઝા ઇબ્રાહીમ-હુસેન સરનાળના ગઢના બીજા દરવાજા વાટે મારવાડ નાસી ગયો. અબુલફઝલના વર્ણન પરથી લાગે છે કે ૧૬મી સદીમાં સરનાળ શહેર હતું અને તેને ગઢ પણ હતો. આ ગઢના અવશેષો ક્યાંક ક્યાંક નજરે પડે છે. આજે તો સરનાળમાં માત્ર સો સવાસોની વસતિ છે.

દિવસ ઢળવા લાગ્યો અને હવે મારું મન સરનાળના અવશેષોને બદલે ગળતેશ્વર મંદિરની ધર્મશાળામાં પડેલી અમારી થેલીઓની અંદરના મઘમઘતા ડાકોરના ગોટાઓ તરફ વધુ ને વધુ વળવા લાગ્યું. જેમતેમ અમે મંદિરે પહોંચ્યા. સમાચાર મળ્યા કે મોટા મહારાજ ઊઠી ગયા છે અને જે માણસ પાસે ગાદલાં-ગોદડાંની ખોલીની ચાવી રહે છે તે પણ સરનાળ જતો રહ્યો છે. પરિણામે અમને બેએક ગાદલાં તો પેલા મદ્રાસી સાધુની કૃપાથી મળ્યાં, પણ ઓઢવા માટે કશું મળ્યું નહિ. એટલે ચિંતા થઇ કે આવા ખુલ્લા સ્થાનમાં અને વળી નદીના કાંઠે આ શિયાળાની રાત શી રીતે ગાળવી. જેમતેમ દૂધ મેળવ્યું, પણ તે ઉકાળેલું નહિ હોવાથી મેં ન પીધું. મને તો થતું હતું કે ક્યારે પેલી થેલીઓના મોં ઊઘડે. અંતે પંડ્યા સાહેબ થેલીઓ લાવ્યા ને મને થયું કે હવે મહેફિલ જામશે. પણ પડીકાંના દોરા છૂટતાં તેમાંથી વેસણના ગોળ ગોળ મોટાં ભજિયાં થાળીમાં ગબડી પડ્યાં! મેં કહ્યું કે પંડ્યા સાહેબ આ તો ફૂલવડી (સૌરાષ્ટ્રમાં કહેવાય છે તે પ્રમાણે) છે, પણ પેલા મીઠા મીઠા ડાકોરના ગોટા ક્યાં? પંડ્યા સાહેબ કહે કે, 'એ જ ડાકોરના ગોટા!' હું તો આભો જ બની રહ્યો. મેં નિરાશ થઈ માંકડ અને ઠાકર સાહેબને કહ્યું કે તમે કેમ મને કહેલું નહિ કે ડાકોરના ગોટા મિઠાઈ નહિ પણ એક પ્રકારનાં ભજિયાં થાય છે? એ બંને સદ્‌ગૃહસ્થો બોલ્યા કે અમને પોતાને ય ખબર નહિ કે ડાકોરના ગોટા એ મિઠાઇ નહિ પણ ભજિયાંનો એક પ્રકાર છે. મેં કહ્યું કે ડાકોરમાં વિષ્ણુ ભગવાને છપ્પન ભોગ આપ્યા ત્યારે ગળતેશ્વરના મહાદેવ આપણી પાસેથી હવે છપ્પન 'ભોગ' લેશે એમ લાગે છે. અને ખરેખર એમ જ બન્યું. પથારી પૂરતી મળી નહિ; ખાવાનું ફારસ થયું; પાણી ન મળ્યું ને પંડ્યા સાહેબ સાવ અંધારામાં અર્ધો માઇલ ચાલી થોડુંક પાણી બે વાર ભરી લાવ્યા; સખત ઠંડીમાં સહુ ઉઘાડા પડી રહ્યા; ઠંડીને લઈ મને તાવ ચડી આવ્યો; ચાર વાગે ઊઠીને અમે ચાલતા થયા; લોકોએ અગાઉથી કહેલું કે સવારે અંગાડીને રસ્તા જતા નહિ, કારણ જોખમી રસ્તો છે, એટલે છ માઇલને લાંબે રેતાળ રસ્તે ઠાસરા સુધી ચાલતા ગયા; અને ટ્રેનમાં જગ્યા મળી નહિ! આમ, વલ્લભવિદ્યાનગર પહોંચતાં સુધીમાં તો ગળતેશ્વરના મહાદેવે અમારી પાસેથી છપ્પન 'ભોગ' પૂરા કરી લીધા!

(સામેના પાનેથી ચાલુ) લુટારૂઓએ એમને પણ જતા રોક્યા. કશું યે પડાવી લેવાજોગ નારદ પાસેથી ન નીકળ્યું એટલે ગુસ્સામાં ને ગુસ્સામાં એમણે સાધુને ખૂબ માર માર્યો. સાધુ તો બીચારા આખી રાત ત્યાં ને ત્યાં પડી રહ્યા.

સવારે ઊઠીને નારદે જોયું તો ગઈ કાલે પોતાને લૂંટનાર ટોળા તથા એક બીજા લુટારૂઓના ટોળા વચ્ચે ઝપાઝપી થતી હતી. ગઈ કાલના ટોળાનો એમાં કચ્ચરઘાણ વળી ગયો. એક લુટારો એમાં બહુ ઘાયલ થયો હતો એટલે એને પડ્યો રહેવા દઈ સૌ પલાયન કરી ગયા.

બધાના જવા પછી નારદે ત્યાં જઇને જોયું તો ગઈ કાલે પોતાને માર મારવામાં જે સૌથી આગળપડતો હતો એ જ લુટારો દુઃખથી પીડાતો ત્યાં પડ્યો હતો. બંનેએ એકબીજાને ઓળખ્યા. લુટારાની આંખમાંથી આંસું સર્યાં. નારદે લુટારાની માવજત કરવા માંડી, પણ એનો અંત પળે પળે પાસે આવતો હતો.

'મારું એક કામ કરશો?' લુટારાએ માંડમાંડ પૂછ્યું. 'તમે મને નહિ ઓળખતા હો. મારું નામ મહાદત્ત. હું પાંડુ શેઠનો ગાડીવાળો. પાંડુ શેઠ સામે વેર લેવા હું લુટારો બન્યો; એમનું હતું એટલું લૂંટી લીધું; મારા મનને શાંતિ વળી......પણ ના; એ મારી ભૂલ હતી. અપકારને પણ ઉપકારથી વાળવો એ આજ તમે મને શીખવ્યું. મને એમાં જ ખરી શાંતિ લાગે છે.' મહાદત્તને આટલું બોલતાંમાં ડચકું આવ્યું. 'ભગવન્, હવે આટલું કરજો. જુઓ, પેલી દૂરની ગુફામાં પાંડુ શેઠનું બધું ધન પડ્યું હશે. તમે એ બધું એમને પહોંચાડશો? મને એથી જ સાચી શાંતિ વળશે.'

મહાદત્તને છેલ્લું ડચકું આવ્યું. એકલે હાથે મહાદત્તનો અગ્નિ-સંસ્કાર પતાવી નારદ પાંડુ શેઠ પાસે ગયા ને બધી વાત કહી. મહાદત્તે કહી હતી એ ગુફામાંથી બધું ધન નીકળ્યું. એને લીધે બૌદ્ધ વિહાર બંધ થતો અટક્યો. એ દિવસથી પાંડુ શેઠનાં મદ ને ગર્વ ચાલ્યાં ગયાં. એમણે ચોક્કસ માન્યું કે દેવળ કે મહાદત્ત પોતાના કરતાં કોઇ રીતે ઓછા તવંગર નહોતા.' —૫૦

પચ્ચીસ વર્ષ પહેલાં

અંક ૧૭ · વૈશાખ ૧૯૮૧ (મે) ૧૯૨૫

વૈશાખી પૂર્ણિમાએ કુમાર સિદ્ધાર્થને જ્ઞાન લાધ્યું અને તે 'બુદ્ધ' થયા. એ નિમિત્તે 'કુમાર'ના એ વૈશાખ અંકમાં કાકાસાહેબ કાલેલકરનો, અત્યંત સરળ રીતે ટૂંકમાં, ભગવાન બુદ્ધનું ચરિત્ર તથા તેનો બોધ સમજાવતો સુંદર લેખ આપેલો. ગયા જ અંકમાં બોધિજયંતી નિમિત્તે એ ચરિત્રસ્મરણ કરેલું હોઇ અહીં એ નહિ લઈએ. પણ ભગવાન બુદ્ધના ક્ષમાના અને ઓદાર્યના ઉપદેશને મૂર્ત કરતી બે ચોટદાર વાર્તાઓ એ અંકમાં આવેલી, તેમાંની એક ઉતારીએ:

'મહાદત્ત, હજુ જલ્દી.' કાશીને માર્ગે એક ગાડી તાબડતોબ જતી હતી. પળે પળે માત્ર ચાબુકના અવાજ આવતા. પણ હવે ચડઊતર રસ્તો આવ્યો એટલે ચાબુક પણ નકામી હતી. પાંડુ શેઠે ગાડીમાંથી બહાર ડોકિયું કર્યું તો એક બૌદ્ધ સાધુ એમની નજરે ચડ્યા.

'આપને કઈ તરફ જવું?' પાંડુ શેઠે પૂછ્યું.

'વારાણસી.' એ ટૂંકા જવાબમાં પણ જાદુ હતું.

'તો તો બેસી જાઓ.' કાશી પહોંચવા અશાંત બનેલા મનને શાંત કરવા પાંડુ શેઠે ઉપાય શોધ્યો. ઘડી બે ઘડીમાં તો બંને જણ મોહ અને મોક્ષની ગહન વાતોમાં ગુંથાઈ ગયા.

ત્યાં ગાડી ઓચિંતી ઊભી રહી ગઇ. જોયું તો ચોખાની ગુણોથી ભરેલું એક ગાડું રસ્તો રોકી ઊભું હતું. આ જોતાં વેંત શેઠનું મગજ તપી ગયું. 'મહાદત્ત, મૂઢ માફક બેસી શું રહ્યો છે? ઊતર નીચે, અને ગાડામાંથી કોથળા ફેંકી દે, એટલે ગાડું સહેલાઇથી ફરી શકશે.'

ગાડીવાળાએ શેઠનો હુકમ પાર પાડ્યો ને ગાડી આગળ ચલાવી. પણ ત્યાં તો એક પણ અક્ષર બોલ્યા વિના સાધુ બહાર કૂદી પડ્યા.

'કેમ, કેમ?' શેઠે અધીરાઈથી પૂછ્યું.

'બાપુ, ક્ષમા. આ ગરીબ ખેડૂતના ચોખા ધૂળ ભેગા કર્યા એમાં તમને શું મળ્યું? એણે બીચારાએ તો પોતાનું બધું ખોયું. હું હવે એને વીણવામાં મદદ કરીશ.'

'આપ તો પ્રભુના માણસ છો. કોઈ દુનિયાદારીને તો આવી નિરર્થક દયા ન પાલવે.' હસીને આટલું કહી શેઠે ગાડી આગળ હંકાવી મૂકી. દયાની એક દૃષ્ટિ નાખી સાધુ એને જોઇ રહ્યા.

પછી સાધુ ગાડાવાળા દેવળને મદદ કરવા ગયા. બંનેએ વેરાએલા ચોખા વીણી સાફ કરી નાખ્યા. દેવળને આ અદ્‌ભુત લાગ્યું. પરવારીને તેણે ગાડું આગળ ચલાવ્યું. સાધુ પણ એમાં જ બેસી ગયા. રસ્તામાં બંને અપકાર અને ઉપકાર પર વાતો કરતા હતા, ત્યાં દેવળની નજરે એક સાપ પડ્યો. એ જોઈ બીકને લીધે એનાથી ચીસ નીકળી ગઇ.

પણ એ કેવળ ભ્રમ હતો. બારીકાઇથી સાધુએ જોયું તો એ સાપ નહિ પણ સોનામહોરોથી ભરેલી કેડે બાંધવાની વાંસળી હતી. તરત જ એમણે ધારી લીધું કે એ પાંડુ શેઠ સિવાય બીજા કોઈની હોય નહિ. એટલે સાધુએ દેવળને કહ્યું, 'ભાઇ, અપકારનો બદલો ઉપકારથી વાળવો એ મેં તને હજુ હમણાં જ કહ્યું. તારે માટે એ તક આવી પહોંચી છે. તારા ચોખા જેમણે વેરી નંખાવ્યા એ શેઠની જ આ વાંસળી છે. એમને એ તું ન આપી આવે?'

દેવળને આ વાત જરા ન રૂચી. પણ સાધુને એ ના પાડી શકે એમ ન હતું. ઘણી વારે એણે ડોકું હલાવી હા કહી.

કાશીએ જઇને દેવળ જુએ છે તો કાંઇ નવો જ તમાશો હતો. બજારચોકમાં મહાદત્તની પીઠ પર સિપાઈના કોરડા પડતા હતા. તપાસ કરતાં દેવળને જણાયું કે મહાદત્ત એના શેઠની સોનામહોરોની વાંસળીની ચોરીના આરોપ માટે પકડાયો હતો. આ સાંભળતાં તો દેવળનું હૈયું ધ્રુજી ઊઠ્યું. તરત જ તેણે બૂમ પાડી, 'એ નિર્દોષને ન મારો; વાંસળી તો આ રહી.'

દેવળે વાંસળી વિષે બધી હકીકત કહી, એટલે મહાદત્તને છોડી મૂકવામાં આવ્યો. પણ પાંડુ શેઠ સામે મહાદત્તનું દિલ વેરથી બળતું હતું. એ વેરમાં ને વેરમાં તે ક્યાંક અદૃશ્ય થઇ ગયો.

પાંડુ શેઠનું મન વિચારોથી ઊભરાવા લાગ્યું. દેવળની ઉદારતાનો ખ્યાલ કરતાં તેમને પોતા તરફ તિરસ્કાર છૂટ્યો. પણ એટલામાં એને પેલા સાધુ સાંભર્યા. શેઠે નક્કી માની લીધું કે દેવળની આ ભલમનસાઈનું મૂળ કારણ તો એ સાધુ જ હશે. એમનું નામ નારદ છે એટલું તો ગાડીમાં વાતવાતમાં શેઠે જાણી લીધું હતું.

શેઠે એ નારદ શ્રમણની તપાસ આદરી. આખરે પત્તો મળ્યો. શેઠ એમનાં ચરણમાં ઢળી પડ્યા. 'આપનો ઉપકાર કેમ કરી વાળીશ?' શેઠે આર્ત સ્વરે પૂછ્યું. નારદ તો કાંઇ જ ન બોલ્યા; માત્ર થોડું હસ્યા.

'મારી એક વિનતિ સ્વીકારશો? કોસામ્બી નગરીમાં એક બૌદ્ધ વિહાર બંધાવવા મારું મન છે. આપ ત્યાં પધારી લોકોને સન્માર્ગે ચડાવવાનું માથે ન લો?' નારદે એટલું સ્વીકાર્યું.

થોડા માસમાં તો કોસામ્બીમાં બૌદ્ધ વિહાર બંધાઇ ગયો. દેશદેશનાં ધર્મપ્રેમી લોક શ્રમણ નારદનો ઉપદેશ સાંભળવા ત્યાં આવવા લાગ્યાં. ટૂંક સમયમાં તો આ વિહારની ખ્યાતિ ચોમેર ફેલાઈ ગઈ.

અને સાથે સાથે પાંડુ શેઠની કીર્તિ પણ આથી બહુ વધી ગઈ. દેશના મોટામાં મોટા ઝવેરીઓમાં એનું નામ પહેલું ગણાવા લાગ્યું.

ઓચિંતા એક દિવસ શેઠને પાસેની નગરીના રાજા માટે સોનાનો એક મુકુટ બનાવવાનો હુકમ મળ્યો. બને તેટલો સુંદર મુકુટ એમણે તયાર કર્યો. રાજા કદાચ વધારે ખરીદી કરે એમ ધારી, થોડાં બીજાં જવાહર પણ સાથે લઇ, શેઠ એ નગરી તરફ જવા નીકળ્યા. સાથે હથિયારબંધ માણસો હતાં.

ને તો ય રસ્તામાં શેઠ લુંટાયા. લુટારૂઓના એક મોટા ટોળાએ શેઠને પળવારમાં ભિખારી કરી નાખ્યા. શેઠને આ લૂટથી ભારે નુકસાન પહોંચ્યું અને આ આવી પડેલા સંકટને અંગે બૌદ્ધ વિહાર કાઢી નાખવો પડશે એ વિચારે એમના દિલમાં દુઃખની કંપારી છૂટી.

એ જ સાંજે નારદ એ રસ્તે થઈને જતા હતા. એક હાથમાં પુસ્તકોથી ભરેલી ઝોળી અને બીજા હાથમાં ભિક્ષાપાત્ર સિવાય એમની પાસે ત્રીજું કાંઇ યે ન હતું. છતાં પેલા (સામેના પાનાને છેડે જુઓ.)

ઇમાન અને ઈનામ (અનુ. પૃ. ૧૬૨થી ચાલુ) એક નિસાસો નાખ્યો અને પૂછ્યું: 'કોટમાં કઈ જગ્યાએ બૅાન ?'

'ફાઉન્ટન:—ફ્લોરા ફાઉન્ટન. આવવાજવાનું શું લઈશ ?'

'ત્રણ રૂપિયા બૅાન, બેસો.' દાદુમિયાંએ ગાડીની બેઠક તરફ હાથ કરતાં કહ્યું.

'બે રૂપિયા મળશે' કહી એ ગુજરાતણ હાથમાંનું મોટું પ્લાસ્ટિકનું પાકિટ રમાડતી, બીજી ગાડીની શોધમાં હોય તેમ, રસ્તા પર નજર ફેરવવા માંડી.

'પાયલું ઓછું આલજો બૅાન!' દાદુમિયાંને કાલબાદેવીના ભરચક લત્તામાં રસ્તા પર રકઝકમાં ઝાઝો વખત ગાડી રોકાએલી રાખવામાં પોલીસદાદાનો ડર હતો.

'નહિ, બે રૂપિયા મળશે' કહી પેલી ફરી આમતેમ જોવા લાગી.

એ સ્ત્રી ફુટપાથ પર જે જગ્યાએ ઊભી હતી ત્યાં જ, એની પાછળ આવેલા એક મોટા માળાના મુખ્ય દરવાજામાંથી એક આધેડ ઉમરનો પુરુષ નીકળ્યો અને બહાર આવતાં જ સ્ત્રીને પૂછ્યું: 'ગાડી ઠરાવી ?'

'પોણા ત્રણ રૂપિયા માગે છે, આવવા-જવાના.'

'અઢી રૂપિયા આપીશું બડેમિયાં! ચલો.' કહી એ શેઠ જેવા લાગતા લાંબા ડગલાવાળા ગુજરાતીએ ગાડીમાં બેઠક લીધી અને ગુજરાતણ એની બાજુમાં આવી બેસી ગઈ. દાદુમિયાંએ ગાડી કોટ તરફ હંકારી.

ગાડીમાં બેઠેલા શેઠની ઉમરની સરખામણીમાં યુવતી લાગતી હતી તો એમની પુત્રી જેવડી, પણ બંને ધણીધણિયાણી હતાં એ વાત મુંબઇનાં નમરજનોથી ટેવાએલી દાદુમિયાંની નજર તુરત પારખી ગઇ હતી. ગાડી વેગમાં લેવા ઘોડાના કાન આગળ ચાબુકનો સટાકો બોલાવતાં દાદુમિયાં મનમાં ખુદાને બંદગી કરવા લાગ્યા :'હે અલ્લા! તારી મહેરબાની છે કે મારી દીકરીઓનું તેં આવા બાપ-ઉમરિયા ખાવિંદ જોડે પાનું નથી પાડ્યું...'

અને એમની નજર આગળ, એમની બેઉ પુત્રીઓના નક્કી થએલા ભાવિ પતિના ચહેરા ફરી વળ્યા. એ ગુલાબી ચહેરાઓનાં દર્શન થતાં જ લજામણીના છોડ જેવી એમની દીકરીઓ સકીના અને નજમા નજરે પડી. બીબીનું ચિંતાછાયું નિસ્તેજ મોઢું દેખાયું અને ફરી પાછું દાદુમિયાંનું દુઃખ એમના મન પર સવાર થયું. ગાડીનાં પૈડાંની સાથે દાદુમિયાંના મનના વિચારો ચકરાતા હતા. ડામરની સડક સાથે અથડાતા ઘોડાની નાળજડી ખરીવાળા દાબડાનો સંવાદી અને તાલબદ્ધ અવાજ દાદુમિયાંના હૈયાના નગારા પર ડંકા વગાડી ભૂતકાળના આબાદીભર્યાં દિવસોનું સ્મરણ જગાડી જતા હતા. એક વખત દાદુ બહારવટિયાના નામથી ધરતી ધ્રૂજતી; આજે એક રેશમી ડીંગલીએ, એ કંપાવનારા નામના ધણીને 'અલ્યા બૅરો છે કે શું?' કહી જમાનાની તાસીરનું તાદૃશ ચિત્ર દાદુમિયાંની આંખ આગળ દોરી આપ્યું હતું.

'વખત વખતની વાત છે, ભઇ!' જાણે પોતાના ઘોડાને સંબોધતા હોય એમ કહી દાદુમિયાંએ એક ઊંડો નિસાસો નાખ્યો, અને મનની વરાળને જાણે વિખેરી નાખી ગાડીનો વેગ વધારતાં ફરી વાર ઘોડાના કાન આગળ ચાબુકનો સટાકો બોલાવ્યો.

ગાડી ફ્લોરા ફાઉન્ટન પહોંચી. 'પેલી બૅંક આગળ ઊભી રાખ.' ગાડીમાંથી શેઠનો અવાજ સંભળાયો. ઘરાકના સૂચન મુજબ દાદુમિયાંએ ગાડી ઊભી કરી. આથમતી જવાનીનો એ માલિક એની ઘરવાળી જોડે બૅંકના સેઈફ ડિપૅાઝીટ-વૉલ્ટમાં ગયો ને દાદુમિયાં પોતાની દાઢી પર હાથ ફેરવતા હમેશના વિચારોમાં લીન થઇ ગયા.

ચોમાસાના દિવસોમાં મુંબાઈનું ઋતુમાન એ શહેરના લોકોના મિજાજ જેવું જ અનિશ્ચિત હોય છે. શેઠ અને શેઠાણી સેઈફ-ડિપૅાઝીટ-વૉલ્ટમાં ગયા કે દસ જ મિનિટમાં તો વાદળાં ઘેરાઇ આવ્યાં અને વરસાદ પડવા માંડયો. દાદુમિયાંએ પોતાની કોચવાનની બેઠક પરથી ઊતરી ગાડીની છત્રી ચડાવી અને વરસાદથી બચવા ગાડીની અંદર બેઠા. વાદળાંને લીધે ચોમેર અંધકાર છવાઇ ગયો હતો. દાદુમિયાંએ ખિસ્સામાંથી બીડી કાઢી સળગાવી અને દીવાસળીને બહાર વરસતા પાણીમાં નાખી ઓલવાતી જોઈ રહ્યા. થોડી વારે વરસાદનો મારો વધ્યો અને પાણીના રેલા વહેવા લાગ્યા. દીવાસળી પાણીના ધસારાથી જરાક ખસી અને તરવા લાગી, પણ એથી જરાક આગળ પડેલી સિગારેટની એક ખાલી ડબ્બીની આડ નડવાથી એની ગતિ અટકી પડી. દાદુમિયાં એ રમતને જોઈ રહ્યા. વરસાદ વધતો ચાલ્યો તેમ રેલાનું જોર પણ વધ્યું, ને વધતા જતા પ્રવાહમાં પેલું સિગારેટનું ખોખું જરાક ખસીને બાજુએ થઈ ગયું. દીવાસળીને ફરી પાછો વેગ મળ્યો ને એની મજલ આગળ વધી. દાદુમિયાં દાઢી પસવારતા એક આછા સ્મિત સાથે મનમાં જ બોલ્યા: 'અલ્લામિયાંની દુઆથી મુસીબતો આમ આસાન બની જાય છે.' અને ફરી પાછા એ એમની વિચારતંદ્રામાં પડ્યા.

દાદુમિયાંની વિચારધારા આડાંઅવળાં વહેણોમાંથી પસાર થતાં એક જગ્યાએ સ્થિર થઇ અને એમને ભાન થયું કે આવા ભારે વરસાદમાં તો પોતે કોટમાંથી શહેરમાં કોઈ દૂરને સ્થળે ભાડે જવાના ચારપાંચ રૂપિયા તો સહેલાઈથી કમાઈ શકે. શેઠશેઠાણીને લટકતાં રાખી જો એ ઘરાક મેળવે તો પણ નફો જ હતો. પણ એમ કરવું એમને ઠીક ન લાગ્યું. વિચારનું વહેણ જરાક બદલાયું અને એમને થયું કે પેલા શેઠ પાસે જ વધારે ભાડું કેમ ન માગવું? પણ પોતે અઢી રૂપિયામાં બંધાઈ ચૂકયા છે એ વાતનું નૈતિક બંધન એમને મૂંગળાવતું હતું અને છેવટે વિજય એ નૈતિક બંધનનો જ થયો. શેઠ-શેઠાણી આવ્યાં. દાદુમિયાં ગાડીમાંથી નીચે ઊતર્યાં ને ધોધમાર વરસાદથી બચવા એક જૂના ઓવરકોટમાં શરીર ઢાંકતાં પોતાની કોચવાનની જગ્યા સંભાળી, અને એમની લાક્ષણિક ઢબે ચાબુકનો સટાકો બોલાવી ગાડીને વેગમાં લીધી.

કાલબાદેવી પહોંચતાં દાદુમિયાંએ ગાડીને પેલા મોટા માળાના દરવાજા આગળ ઊભી કરી. એમનું ઘરાક-યુગલ એમને અઢી રૂપિયા આપી વરસાદથી બચવા દોડતું દોડતું એ દરવાજામાં પેઠું અને અંધકારમાં ખોવાઈ ગયું.

અતિશય વરસાદ ને વહેલી સવારથી જોડેલા ઘોડાનાં લથડતાં ડગલાંએ દાદુમિયાંને તબેલા તરફ દોર્યાં.

દાદુમિયાંએ ગાડી તબેલામાં મૂકી ઘોડો છૂટો કર્યો અને ગાડીની બત્તીઓ બુઝાવવા લાગ્યા. બીજી બત્તી ઓલવવા જતાં એમની નજર ગાડીની બેઠક પર અપરિચિતરીતે ચળકતી કોઈ વસ્તુ પર પડી અને એમણે જોયું તો એ પ્લાસ્ટિકનું એક મોટું ચમકતું પાકિટ હતું. તુરત જ એમને પેલી ઘરડા વરની ફૂટડી યાદ આવી, જે ગાડી ઠરાવતાં આ જ પાકીટ સાથે રમત કરતી હતી. ખભે લટકતા ભીના અંગૂછામાં સાવચેતીથી પાકીટને વીંટાળી દાદુમિયાં એમની ઓરડીમાં પહોંચ્યા અને ઘરમાં પેસતાં જ પાકીટ અભરાઈએ ચડાવ્યું.

'શું સંતાડયું અબ્બાજાન ?' મોટી દીકરી સકીનાએ ટહુકો કર્યો.

'કાંઈ નહિ બેટા, એ તો...'

પણ ત્યાં સુધીમાં તો સકીના, નજમા, મહમદ અને દાદુમિયાંની બીબીએ મળી એ ચળકતી ચીજનો કબજો લઈ લીધો હતો અને પાકીટની અંદરની વસ્તુઓ જોવા માટે જાણે યુદ્ધ આદર્યું હતું.

'કયાંથી મળ્યું અબ્બા?' નજમાએ પૂછ્યું.

'ઘરાકનું છે, બેટા! ભૂલથી રહી ગયું ગાડીમાં. શું છે અંદર?'

'અંદર તો ઘણું છે. ઘરમાં રાખીએ તો દીકરીઓના વિવા' રંગેચંગે થાય એટલું.' સકીનાની માએ કહ્યું ને બહાર નીકળતી વસ્તુઓ સૌ જોઈ રહ્યાં. બે સોનાનાં કડાં; ચાર મોતીની બંગડી; એક મોતીની માળા; એક હીરાની વીંટી; એક સો રૂપિયાની નોટ; કેટલીક છુટ્ટી નોટો અને થોડુંક પરચુરણ પાકીટમાંથી સકીનાએ બહાર કાઢ્યું. દાદુમિયાંએ કડાંને હાથમાં લઈ વજનનો અંદાજ કાઢ્યો; મોતીની માળા અને બંગડીઓની કારીગરી પર આંખ ફેરવી; હીરાની વીંટીનો ચમકાટ તપાસ્યો. વેરાએલી નોટોને એકત્રિત કરી સરખી ગોઠવીને ગણી; ને ત્યારબાદ એક પછી એક બધું ચીવટપૂર્વક પાકીટમાં મૂકી એને બંધ કર્યું ને બીબીના હાથમાં આપતાં મોટી દીકરી તરફ જોઈ બોલ્યા: 'સકીના, બેટી! તારી અમ્માને આટલા વર્ષે તારા બુઢ્ઢા અબ્બાજાનનું પારખું લેવાનું સૂઝ્યું છે. એ પાકીટને અભરાઈએ મૂક, બેટી! અને ખાવાનું થયું હોય તો આપ. મારે વાળુ કરીને કાલબાદેવી જવું પડશે. પારકી થાપણ ઘરમાં રાખવી ઠીક નહિ.' આટલું કહી દાદુમિયાંએ બીબીના મોં તરફ જોયું તો ત્યાં સ્મિત રમી રહ્યું હતું.

પાકીટ બગલમાં મારી દાદુમિયાં કાલબાદેવી જવા નીકળ્યા ત્યારે વરસાદ બંધ થયો હતો. મુંબાઈના રસ્તાઓ સ્નાન કરી સ્વચ્છ બન્યા હતા અને ધીમીધીમી શીતળ હવા ગંદી ગલીઓના વાતાવરણને નિર્મળતાનો ઓપ આપી રહી હતી. દાદુમિયાં મોટા રસ્તાના નાકે આવી કાલબાદેવી તરફ જતી ટ્રામની રાહ જોતા ઊભા.

પાકીટના માલિકના રહેઠાણની દાદુમિયાંને જાણ હતી, એટલે માળો તો એમને મળ્યો; પણ ત્રીસેક કુટુંબને સંઘરતા એ મોટા મકાનમાં શેઠ-શેઠાણીને નામ જાણ્યા વિના શોધી કાઢવાનું કામ જરા આકરું હતું. પહેલા અને બીજા માળે થોડીક પૂછપરછ કરી, પણ શેઠનો પત્તો મળ્યો નહિ ત્રીજા માળે પહોંચી દાદુમિયાંએ એક કુટુંબને પૂછ્યું: 'ભાઇ! આ માળમાં એક શેઠ રહે છે, જેમના થોડાક દાગીના ખોવાયા છે; એમને મળવું છે મારે.'

'હા હા, એ તો પાંચમે માળે રહે છે.' પેલા કુટુંબના મોવડીએ કહ્યું: 'નામ રામદાસ શેઠ; પાંચમે માળે દીવાનખાનામાં પૂછજો.'

દાગીના ખોવાયાની વાત પવનવેગે માળામાં પ્રસરી ચૂકી હતી. દાદુમિયાં શેઠ-શેઠાણીના દરવાજે જઇ ઊભા ત્યારે એ બંનેના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. પાકીટ શેઠાણીને આપતાં દાદુમિયાંએ કહ્યું: 'સંભાળી લ્યો બૅન! બધું ય જેમનું તેમ જ છે;—જોખમને આમ રખડતું ન મૂકીએ.'

શેઠાણીએ ઝડપથી પાકીટ ખોલી અંદરની વસ્તુઓ પર નજર ફેરવી લીધી. શેઠ દાદુમિયાં તરફ જોઈ ઉપકારવશ બની બોલ્યા: 'અમે તો આશા છોડી હતી, બડેમિયાં! પોલીસને પણ જાણ કરી છે. હમણાં જ પોલીસને ખબર આપું છું કે ખોવાએલી વસ્તુઓ મળી ગઇ છે. અઢી હજારની મતા આમ ઘેર બેઠાં કોઇ પહોંચતી કરશે એનો તો સ્વપ્ને પણ ખ્યાલ ક્યાંથી આવે'

શેઠ એમના વિશાળ ઓરડાના ખૂણે શોભતા ટેલીફોન તરફ ગયા અને પોલીસ ચોકીનો નંબર જોડી વાતચિત કરવા લાગ્યા.

'બૅન! ગરીબની મતિ ફરી જાય એટલું જોખમ આમ રઝળતું મૂક્યું? તમને એટલી ય ખબર ન રહી?' દાદુમિયાંએ શેઠાણીને કહ્યું.

'વરસાદની ઝડીમાં હું તો ભૂલી ગઇ; દીવાનખાનામાં પેસતાં જ યાદ આવ્યું એટલે પાછી દોડી, પણ રસ્તા પર તમારી ગાડી દીઠી નહિ. આજે આ દાગીના ન મળ્યા હોત તો કાલે હું પહેરત શું? મારી ભાણેજનાં લગ્ન છે, મિયાં સાહેબ!'

'સારું બા, સારું. શાદી મુબારક હજો, હવે હું જાઉં.' કહી દાદુમિયાં બારણામાં ઊભા હતા ત્યાંથી પીઠ ફેરવી દાદર ભણી ચાલ્યા.

શેઠની પોલીસ જોડેની વાતચીત પૂરી થઇ હતી. દાદુમિયાંને જતા જોઈ એમણે ટેલીફોન નીચે મૂકતાં હાક મારી એમને પાછા બોલાવ્યા: 'ભલા માણસ! એમ તે જવાતું હશે. લ્યો આ ચા-પાણી જોગ થોડું.' કહી શેઠે પોતાની પત્નીના હાથમાંથી પાકીટ પોતાના હાથમાં લીધું અને એમાંનું પરચુરણ હથેલી પર કાઢી માંહેથી એક આઠ આની ઊંચકી, બાકીનું પરચુરણ પાછું પાકીટમાં નાખી શેઠ અધેલી દાદુમિયાંને આપવા લાગ્યા.

'ના શેઠ, રહેવા દ્યો. આપ જેવાની મે'રબાનીથી ચા-પાણીની ખોટ નથી; રહેવા દ્યો શેઠ.' દાદુમિયાંએ કહ્યું.

'અરે એમ તે ચાલે, ભાઇ?' કહી શેઠે દાદુમિયાંની અનિચ્છાની દરકાર કર્યા વિના આઠ આની એમના ખિસ્સામાં ઠેસવી દીધી.

દાદુમિયાં કશું જ બોલ્યા નહિ. દાદરો ઊતરી તે કાલબાદેવીના મોટા રસ્તા પર આવ્યા અને ટ્રામની રાહ જોતા ઊભા.

'...તેરે બાલબચ્ચોં કી તંદુરસ્તી કાયમ રહે, બાબા! અંધા લાચાર હૂં.' એક ફકીરનો અવાજ દાદુમિયાંના કાને પડ્યો.

એમણે ખિસ્સામાં હાથ નાખી પેલી અધેલી બહાર કાઢી ફકીરના હાથમાં મૂકી. અને જાણે એ આઠ આનીનો બોજ ઊતરી જતાં એક મોટી હળવાશ અનુભવતા હોય તેમ એક લાંબો શ્વાસ લીધો.

'તેરે મન કી મુરાદ પૂરી હો, સખી દાતાર! અલ્લા તેરી રોજીમેં બરકત કરેગા......'

'અલ્લાકે પ્યારે! તેરે બાલબચ્ચોંકી ખેર...સખી દાતાર...' એવી આગળ વધતા ફકીરની દુઆ સાંભળતા દાદુમિયાં પોતાની દાઢી પસવારતા સ્મિત કરી રહ્યા.

નવાં પુસ્તકો

યુગવીર આચાર્ય ભાગ રજો: પંજાબકેસરી શાશન પ્રભાવક આચાર્ય શ્રી વિજયવલ્લભ સૂરીશ્વરજીનો ચરિત્ર-ગ્રંથ. પ્રયોજક: ફુલચંદ હરિચંદ દોશી 'મહુવાકર'. પ્રકાશક: આત્માનંદ જૈન સભા—મુંબાઈ, ૨-૮-૦; **સંત જ્ઞાનેશ્વર અને મહાત્મા એકનાથ**નું કિશોરો માટે સરળ ભાષામાં લખાએલું સંક્ષિપ્ત જીવનચરિત્ર, લેખક: પ્રફુલ્લ પ્રા. ઠાકોર, પ્રકાશક: શ્રી રામકૃષ્ણ સેવા સમિતિ—અમદાવાદ, ૦-૬-૦; **શ્રી જગદ્‌ગુરુ શંકરાચાર્ય**નું સંક્ષિપ્ત જીવનચરિત્ર, લેખક: પુરુષોત્તમરાય શિવરાય ભટ્ટ મવાડાકર, પ્રકાશક: નવભારતી કાર્યાલય રાજકોટ, ૧-૦-૦; **વીર વ્યક્તિઓ**: હિંદની ઐતિહાસિક ૧૯ વ્યક્તિઓની જીવનકથાઓનું, ત્રીજા ધોરણનાં બાળકો માટેનું પાઠ્યપુસ્તક, લેખકો: રતનશી પુરુષોત્તમ અનડા ને મહાશંકર ઇન્દ્રજી દવે, પ્રકાશક: અનડા બુકડીપો-અમદાવાદ, ૦-૯-૦; **સત્યાગ્રહ સંવત્સરી મોહર્રમ**: હિંદુ-મુસ્લિમ ઐક્યનો સબક આપતી નાનકડી પુસ્તિકા; સંસ્કરણકાર ને પ્રકાશક: હબીબ મામનાની-રાજકોટ, મૂલ્ય: 'જિજ્ઞાસા' **સુખ મહેમાન**: ડૉ. જીલા દંત સાહિત્યમાળાનું ૪૦મું પુસ્તક; લેખક અને પ્રકાશક: ડૉ. કેખશરૂ દો. જીલા—નવસારી. **भारत की सांस्कृतिक दिग्विजय**: પ્રાચીન કાળમાં વિદેશોમાં વિસ્તરેલી ભારતીય સંસ્કૃતિની યશકથા; લેખક: પ્રો. હરિદત્ત વેદાલંકાર, પ્રકાશક: સર્વોદય સાહિત્ય સંસદ-ન્યૂ દિલ્હી, ૦-૧૨-૦; **નિમિષ**: મીનુ દેસાઈનાં ઊર્મિગીતો ને મુક્તકોનો સંગ્રહ; પ્રકાશક: વલ્લભજી સુંદરજી કવિ-મુંબાઈ. ૨-૮-૦.

Our Friends Abroad

[જગતસંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ]

આ પત્ર મેળવનાર : ગિરધારીલાલ ઑફ ૭૧૧/૩, સાકર બજાર, અમદાવાદ-૨

પ્રિય ગિરધારીલાલ,

સુંદર ફોટોગ્રાફો સાથેના તમારા મઝના પત્ર માટે હજારો શુક્રિયા. ફરી તમારા સમાચાર મળતાં ઘણો જ આનંદ થયો. તમારો પત્ર મળતાં પહેલાં જ મેં થોડાં સામયિકો ને ટિકિટો તમને મોકલ્યાં છે, ને ત્રણેક અઠવાડિયાં પર થોડી ટિકિટો, સિક્કાઓ, સ્ટેમ્પ-કેટલૉગ અને બીજી કેટલીક વસ્તુઓ પણ મોકલી છે. આશા રાખું છું કે તમને તે બધું વહેલું મળી જશે. કંઈક વજનદાર હોવાથી મેં તે સાદી ટપાલથી જ મોકલેલ છે.

છેલ્લા પત્રમાં તમે મને કેટલીક બાબતો વિષે પૃચ્છા કરેલી. તેમાં પહેલું તો અમારા દેશનાં સ્ત્રી-પુરુષોના પોષાક વિષે પૂછેલું. આ સાથે અમારા દેશના જુદાજુદા પ્રાંતોના વિશિષ્ટ પોષાકો પહેરેલા માણસોનાં થોડાં ચિત્રો મોકલ્યાં છે. પણ એ પોષાકો રવિવાર કે બીજા કોઇ રજાને દહાડે જ તેઓ પહેરે છે. બીજું, તમે મને સ્વીડનની ભાષા શીખવવા વિષે લખ્યું હતું, પણ તે એટલું સહેલું નથી. હું નથી ધારતો કે તમે તે બરોબર બોલી શકાય એટલું શીખી શકો; કેમકે અમારે ત્યાંના ઉચ્ચારો બહુ ગૂઢ છે. પણ છતાં તમે વાંચતાં તો શીખી શકો.

સૌ પ્રથમ તો હું તમને સ્વીડિશ મૂળાક્ષરોના ઉચ્ચારો શીખવીશ. તે થોડા ફેરફારવાળા છે : Aનો ઉચ્ચાર અંગ્રેજી શબ્દ Bullમાંના u જેવો છે; B, C અને D અંગ્રેજી પ્રમાણે જ; Eનો ઉચ્ચાર અંગ્રેજી wayમાંના a જેવો, capitalમાંનાં a જેવો પહોળો નહિ; F, G અને H અંગ્રેજી મૂળાક્ષરો માફક જ; I નો પણ ઉચ્ચાર અંગ્રેજી I માફક જ, પણ પહેલા પુરુષ એકવચનના I જેવો નહિ; J નો ઉચ્ચાર અંગ્રેજી wayમાંનાં y જેવો; K અંગ્રેજી માફક જ, પણ kneeમાંના k જેમ તેનો ઉચ્ચાર અધ્યાહાર નહિ; L અંગ્રેજી શબ્દ littleમાંનાં પહેલા L જેવો, છેલ્લા L જેવો નહિ; M અને N અંગ્રેજી માફક જ; O નો ઉચ્ચાર અંગ્રેજી શબ્દ doમાંના o જેવો ઉકારવાળો, home કે moreમાંના સાંકડા o જેવો નહિ; P અંગ્રેજી માફક જ; Q તો અમારે ત્યાં જવલ્લે જ વપરાય છે; Rનો ઉચ્ચાર German માંના R જેવો અર્ધ ઉચ્ચાર, French કે Garbo માંના r જેવો નહિ; S અંગ્રેજી s મુજબ જ, પણ ક્યારેય તેનો સ્વતંત્ર ઉચ્ચાર થતો નથી; T અંગ્રેજી જેમ જ; U નો ઉચ્ચાર તમારે માટે કરવો લગભગ અશક્ય જ છે, પણ તમે અંગ્રેજી, જર્મન કે ઉત્તર યુરોપની બીજી કોઇ ભાષામાં ન હોય એવા સ્વરનો ઉચ્ચાર કરી શકો; એમ ન ફાવે તો અંગ્રેજી more માંના o ના ઉચ્ચારને મળતો કરી શકો; V અને W બંને અંગ્રેજી V માફક જ—w જેવા નહિ; Y જર્મન ü માફક; X તથા Z પણ અમારામાં ભાગ્યે જ વપરાય છે. આ ઉપરાંત, A ઉપર એક ટપકું મૂકતાં તેનો ઉચ્ચાર અંગ્રેજી more માંના o જેવો સાંકડો; A ઉપર બે ટપકાં મૂકતાં અંગ્રેજી as માંના a જેવો પહોળો અને O ઉપર બે ટપકાં મૂકતાં અંગ્રેજી first માંના i જેવો ઉચ્ચાર થાય છે. પણ મૂળાક્ષરોના આ ઉચ્ચારો તે શબ્દોમાં સંકળાએલા હોય ત્યારે જ થાય છે.

હવે નામ અને જાતિ વિષે :

નર જાતિ: Gossen (ગૂસેન)=છોકરો. તેનું સર્વનામ: han (he).
નારી જાતિ: Flickan (ફ્લિકન) તેનું સર્વનામ: hon (she).
Reale: Boken (બૂકેન)=ચોપડી તેનું સર્વનામ: den (it).
નાન્યતર જાતિ: Trädet (ટ્રૅડેટ)=વૃક્ષ. સર્વનામ: den (it).

એક વચનમાં અમે ડેફિનિટ આર્ટિકલ તરીકે n કે en વાપરીએ છીએ અને તે શબ્દને છેડે મુકાય છે. દાખલા તરીકે bok–boken. નાન્યતર જાતિમાં t કે et પ્રત્યય લગાડાય છે. દા. ત. träd–trädet. જો શબ્દનો છેલ્લો અક્ષર 'સ્વર' હોય તો ત્યાં એકલો n કે t મૂકવો, પણ જો વ્યંજન હોય તો et કે en મુકાવો જોઇએ. દા. ત. flicka–flickan. ઇનડેફિનિટ આર્ટિકલ en કે ett છે. જે અંગ્રેજી આર્ટિકલ 'a', 'an' અને 'one' જેવા જ છે.

બહુ વચન: સ્વીડિશમાં બહુવચન કરવા માટે છ રીતો છે:

૧ or મૂકીને (en skolas—skolor = school) a નો ઉચ્ચાર અંગ્રેજી માફક.
૨ ar મૂકીને (en pojke–pojkar)
૩ er ,, (en bok–böcker)
૪ r ,, (en sko–skor=shoe)
૫ n ,, (ett hjärta–hjärtan–he
૬ કંઈ પણ મૂકયા સિવાય (ett träd–träd)

આમાં પણ કેટલાક અપવાદો હોય છે જે હું પાછળથી બતાવીશ.

બહુવચનમાં ડેફિનિટ આર્ટિકલ તરીકે a કે na પ્રત્યય લગાડાય છે. પણ જો શબ્દ પહેલાં વિશેષણ હોય તો નર અને નારી જાતિનાં બહુવચનમાં de અને den પ્રત્યયો લાગે છે અને નાન્યતરજાતિમાં det પ્રત્યય લાગે છે. આમાં વિશેષણ હમેશાં 'a'થી પૂરું થાય છે. દાખલા તરીકે : Den fina gossen–The fine (nice) boy, ઉપર નં. ૩ના નિયમમાં bokના o ઉપર બહુવચનમાં માથે બે ટપકાં આવે.

હવે સર્વનામ લઇએ: અંગ્રેજી પહેલો પુરુષ એક વચન I માટે jog; you માટે du; He માટે han; she માટે hon; it માટે den અને det; we=vi; you=ni અને they માટે de. અહીં તમે જોઈ શકશો કે બીજા પુરુષ બહુવચનમાં you du (યૂ ડૂ) અને you ni (યૂ ની) એમ બે પ્રયોગ થએલા છે. you du એવી વ્યક્તિ માટે વપરાય છે જે આપણી બહુ પરિચિત હોય અને વયમાં આપણા જેવડી જ હોય: જ્યારે niનો પ્રયોગ પોતાથી અપરિચિત તથા મોટી ઉમરની વ્યક્તિ માટે થાય છે. ખેડૂતો જેવી આમ-જનતા હમેશાં duનો પ્રયોગ કરે છે, જ્યારે શહેરીઓ niનો.

હવે થોડાં ક્રિયાપદો: to be–all vara; Jag är–I am; du är–you are; han är–he is; hon är–she is; den är–it is, det är–it is; de är(o)–they are, vi är(o)–we are, ni är(o)–you are.

બહુવચનમાં તમે ar કે aro બંને વાપરી શકો. ar બોલતી વખતે

અને aro લખતી વખતે વપરાય છે, જોકે હાલમાં ar પણ કાગળ-પત્રો અને નવલકથાઓમાં વપરાતો થયો છે. arનો ઉચ્ચાર œ'r અને aroનો œ'ro થાય છે. To have=att hava-અટ્ટ હા; Jag har, Du har, Han har, Hon har, Den har, Det har, Vi ha (har બોલતી વેળા), Ni har, De ha (har બોલતી વેળા). ઘણાં તો માણસો લખવાવાંચવામાં લગભગ har નો જ પ્રયોગ કરે છે. હવે વધુ સ્વીડિશ બીજી વખતે.

ઈસ્ટરની રજાઓમાં હું ગામડે જવાનો છું. અહીં સ્વીડનમાં ઇસ્ટરમાં અમે ઇંડાં વિશેષ ખાઇએ છીએ અને એ દિવસો દરમ્યાન બધે જ પીળો રંગ વિશેષ વપરાય છે.

વારુ, પ્રિય ગિરધારીલાલ! તમારા મિત્રો, માતાપિતા તથા સંબંધીઓને યથાયોગ્ય સાદ   તમારો સહૃદય મિત્ર Björn.

એક આંતરરાષ્ટ્રીય પત્રમિત્ર-સંસ્થા

ભાઇ કાસમઅલી એન. મરચંટ, બી. એ. (૪ થે માળ, ૧૧૪, બનાતવાળા બીલ્ડિંગ ડોંગરી સ્ટ્રીટ, મુંબઇ ૯) લખે છે: આ સાથે હું B. P. C. C. International (British Polish Correspondence Club)નું એક ઓળખાણ પત્ર મોકલું છું, જેનો હું એક હિંદી સભ્ય છું. આ સંસ્થા 3, Novar Crescent, kirkcaldy (Scotland)માં આવેલી છે અને એના લગભગ ૧૨૦૦ જેટલા સભ્યો દુનિયાભરમાં વિસ્તરેલા છે. વાર્ષિક ફી હિંદી સભ્યો માટે ફક્ત રૂા. ૩ છે. પ્રવેશ ફી કંઇ નથી. આ વાર્ષિક ફીના બદલામાં સભ્યોને વરસમાં પત્રમિત્રોનાં સરનામાં સાથેનાં ચાર બુલેટીનો મળે છે, એમાંનું એક સચિત્ર એટલે જુદા જુદા દેશનાં મિત્રોના ચિત્રો સાથેનું હોય છે ને વર્ષનું છેલ્લું એટલે ચોથું બુલેટીન એ ક્લબનાં બધાં સભ્યો-નું સંપૂર્ણ લિસ્ટ હોય છે. ૧૯૪૯ના બુલેટીન પ્રમાણે એડન, અમેરિકા, આર્જેન્ટીના, ઑસ્ટ્રેલિયા, બેલ્જિયમ, બેલ્જિયન કૉંગો, બ્રાઝિલ, બલ્ગેરિયા, કૅનેડા, સીલોન, સાઇપ્રસ, ચેકોસ્લોવાકિયા, ડેનમાર્ક, ઇરીટ્રીઆ, ફ્રાંસ, ગ્રેટબ્રિટન, વેસ્ટ જર્મની, હૉલૅંડ, હૉન્ડુરાસ, ઇંડિયા (હિંદ), ઈન્ડોચાઈના, ઇન્ડોનેશિયા, ઈરાન, આયર્લૅન્ડ, (આયર), ઇટાલી, જમાઇકા, કેન્યા (આફ્રિકા), મલાયા, મોરોક, મોરીશિયસ, ન્યૂ ઝીલૅન્ડ, નૉર્થન ર્હોડેશિયા, (આફ્રિકા), નૉર્વે, પાકિસ્તાન પોલૅંડ પોર્ટુગલ, એલ સાલ્વાડોર, સેન્ટ્રલ અમેરિકા, સાઉથ આફ્રિકા, સ્પેન, સ્વીડન, સ્વિટ્ઝર્લૅન્ડ, ટાન્ગાન્યકા (પૂર્વ આફ્રિકા), ટાસ્માનિયા (ઑસ્ટ્રેલિયા), ટર્કી, યુગાન્ડા (પૂર્વ આફ્રિકા) ઝાંઝીબાર (પૂર્વ આફ્રિકા), ફિનલૅન્ડ, હંગેરી, આટલા દેશોમાં આ ક્લબનાં સભ્યો છે.

કુમારના વાંચક બંધુઓમાંથી કોઇને સભ્ય બનવું હોય તો અગર વધુ માહિતી જોઇતી હોય તો પોતાનું સરનામું તથા જવાબી ટિકિટ મને મોકલી આપશે તો એમને જોઇતી માહિતી આપીશ.

આ સંસ્થામાં નાતજાતનો કે સ્ત્રી-પુરુષનો કોઈ ભેદભાવ નથી. ઓછામાં ઓછી વય ૧૬ વર્ષની હોવી જોઇએ અને અંગ્રેજીનું સાધારણ જ્ઞાન હશે તો ચાલશે.

પરદેશનાં પત્રમિત્રો

(1) Henrique Eduardo Cruz, Caixa Postel No. 264, Lobito (Angola), Stamps; (2) Bartolomeu De Oliveria, Caxia Postel 47, Joad Pessoa (Paraiba) (Brazil), View-cards, Stamps; (3) Williams Cornelius, Grange Hill; P.O. Westmoreland (Jamaica); (4) Johny Gober; Dir., 'The Interant. Club Exchange. P.O. Box 67, Wien 89 (Austria), View-cards, Photos; (5) Nikolai Schaworonkoff Kaenkuja 4; Helsingfors (Finland), Stamps, Beauties; (6) Alex. A Kotopoulis, C/o Bangue de Grecce, Athenes, (Greece), View cards: (7) Emile Karvel Arason, Vestmannabr, 46-a (Island), Stamps; (8) Imants Budriks, L. Paegles 9-8., Riga (Latvian S.S.R. Russia), Unused Stamps. (ઉલ્લેખ: ભાઈ રમેશચન્દ્ર શાહ, ઝાંપા શેરી, વાંકાનેર, સૌરાષ્ટ્ર) એ જ ભાઇ વધુમાં લખે છે કે: ઑસ્ટ્રેલિયામાં 'Koala Stamp And Hobby Club' નામની એક પ્રખ્યાત ક્લબ છે. તેના સભ્ય થવાની કોઇને ઇચ્છા હોય તો મારી પાસે તેનાં સભ્યપદનાં ફૉર્મ છે. પોસ્ટેજનો પોણો આનો મોકલનારને હું તે મોકલીશ.

હિંદી પત્રમિત્રો

(486) Mahendra C. Shah C/o C.J. Shah, 3 Dasha Porwad Society, Ellisbridge, Ahmedabad. (Stamps); (487) Mr. Bachubhai H. Bhatt, C/o Dr. P. H Bhatt, Dhanasuthar's Street, Ahmedabad. (Stamps). (ઉલ્લેખ: ગિરધારીલાલ શ્રોફ, સાકરબજાર, અમદાવાદ.) (488) Matharadas Haridas Ved, 7/9D, Mody Street, Fort, Bombay-1—18, Stamps, Viewcards, Coins; (489) Natwarlal Jivram Jani, Mundra-Cutch—21, Stamps, Films, Reading; (490) Arunkumar R. Amin, C/o Dr. R. L. Amin, 146 B, Princess Street, Bombay-2—15, Sports, Stamps, Photography; (491) Shah Balkrishna Amritlal, Khusal Gaga's pole, Kalol (N. G.)—18, Reading, Exercise, Travelling; (492) Ramanlal Manilal Thakkar, C/o Manilal Chhaganlal Thakkar, 766, Gomtipur, Near Ambaji's Temple, Ahmedabad-10 —18, Stamps, View-cards, Literature; (493) Dilipkumar Bhailal Bakshi, Bakshi Khadaki, Rajpipla, Via Ankleshvar—19, Drawing, Stamps, Reading; (494) Sureshkumar S. Thaker, Bhula Thaker's pole, Punchkoi, Nadiad (Kaira)—20, Stamps, Sports, Films, Literature; (495) Jankroy H. Trivedi, C/o H. J. Trivedi, Parsiwada, Sadar Bazar, Rajkot (Saurashtra) —14, Swimming, Literature, Paper-cutting, Stamps, Photography; (496) Jayant Meghani, C/o Chitradevi Meghani, Meghani Kutir, Plot No. 1165 B, Sir Pattani Rd., Ghogha Circle, Bhavnagar (Saurashtra)—13, Stamps; (497) Irani Godrej Mehervanji, C/o Minoo K. Pooniwala, 246, Bibi's wadi, Saiyadpura, Surat —16, Stamps; (498) Ramakant Dattatraya Mahulikar, 835, Bhaw's pole, Raipur, Ahmedabad—17, Penfriendship, Literature, Chess; (492) Gulabrai Mehta, 2, Jairaj Plot, Rajkot (Saurashtra)—26, Gymnasium, Music, Reading; (500) K. P. Visharia, C/o Premji Murarji Shah, Koday (Cutch)—17, Penfriendship, Literature; (501) Bakulesh A. Bhatt, Manekwadi, Plot No. 5, Station Road, Krishnanagar, Bhavnagar (Sau.)—17, Stamps, Sports, Literature; (502) Ma Para Kanti, Plot No. 603, Manekwadi, Krishnanagar, Bhavnagar (Sau.)—18 Photography, Reading. (ચાલુ)

ટિકિટ સંગ્રહ આજનો એ સંસારવ્યાપી શૉખ

કેમ કેળવવો તેની તથા બીજી ઉપયોગી માહિતી આપતો વિભાગ

ટિકિટ-સંગ્રાહકોનાં શૉખનો લાભ લઇને પૈસાની આવક કરનાર બેએક દેશોની વાત ગયે વખતે કરી હતી. તે તો નાનકડાં રાજ્યો હતાં, જેમને બીજી કોઈ ખાસ રાષ્ટ્રીય આવક ન હોવાથી આ માર્ગ ગ્રહણ કરેલો. પણ ઈટાલી, સ્પેઇન અને રશિયા જેવાં મહારાજ્યો પણ એ માર્ગે ચાલે તો માફ કરવાનું મન ન થાય. સંગ્રાહકોને લલચાવતી રૂપકડી ટિકિટોનો નુસખો એમણે અજમાવવાના પરિણામે દુનિયાના સંગ્રાહકોનાં આલ્બમો ફૂલતા ગયાં,-સાથે તેમની તીજોરીઓ પણ. સ્પેઇને તો, પાછળથી પોતાનો એ ઊમળકો દાબીને ટિકિટોના ઉત્પાદન ઉપર અંકુશ મૂકી દીધો, પણ ઇટાલી ને રશિયાના નુસખા તો હજી ચાલુ જ છે. તેમાં યે રશિયાએ તો જાણે ટિકિટો પાડવાનો ધંધો માંડયો હોય એમ સૌને પાછળ રાખી દીધા છે. પણ એનાં કરતૂકનો રમૂજી દાખલો તો એણે 'તાન્નોક તુઓવા' નામના એક મૉંગોલિયન દેશની ટિકિટો પાડયાનો છે. ત્રિકોણ, લંબચોરસ, ચોસલિયા, એવી વિવિધ ઘાટની કુતૂહલપ્રેરક ને આકર્ષક એ ટિકિટો, સંગ્રાહકોમાં 'ઉત્તર મૉંગોલિયા' દેશની ટિકિટો તરીકે જાણીતી છે, અને મૉસ્કોમાંથી જ પ્રિ-કૅન્સલ થઇને મળી શકે છે: પણ ખૂબીની વાત તો એ છે કે જે દેશના નામે એ ટિકિટો કાઢેલી તે દેશમાં એ ગઇ જ નથી, કેમકે એ પ્રાંત એટલો ઉજ્જડ અને વસતિહીન છે કે ત્યાં એકેય પોસ્ટ ઑફિસ જ નથી! છેક ૧૯૩૭ સુધી આ તૂત ચાલ્યું. અંતે એ વર્ષે સ્વિટ્ઝર્લૅંડના 'ટિકિટ વિક્રેતાઓના મંડળે' આવી સુંદર અને મબલખ ટિકિટો કાઢતા એ દેશની ટપાલની પરિસ્થિતિ સંબંધે તપાસ કરવા, તથા થોડા પત્રો પર ત્યાંની છાપ લેવા માટે ત્યાંની જ ટપાલમાં કાગળો પોસ્ટ કરવા પોતાના એક પ્રતિનિધિને ત્યાં મોકલ્યો ત્યારે ભેદ ફૂટી ગયો. એ ઉજ્જડ પ્રદેશમાં મહીનાઓ સુધી હાડમારીભરી મુસાફરીને અંતે તેને જણાયું કે માત્ર ભટકતી ટોળીઓથી વસેલા એ દેશમાં કોઇ પોસ્ટ ઑફિસ તો શું, પણ ટપાલ જેવી કશી વ્યવસ્થા સુદ્ધાં નથી!

આને પણ ટક્કર મારે એવો નુસખો ડેનહાર્ટ નામના બે જર્મન ભાઇઓએ ૧૮૮૯માં અજમાવેલો. તેમણે લાઇપઝિગના મિ. સેન્ફ નામના એક ટિકિટ-વેપારીના લાભાર્થે પૂર્વ આફ્રિકામાં એક 'સ્વાહિલી લૅન્ડ' નામનો કલ્પિત દેશ જ ઊભો કરેલો. લાઈપઝિગના જ છાપખાનામાં એ છપાતી અને ત્યાંથી જ સામટી ખરીદી લઇને એ વેપારી પોતાના સંગ્રાહક-ગ્રાહકોને વેચતો, જ્યારે 'સ્વાહિલી લૅન્ડ' નામના દેશનું આ દુનિયા ઉપર અસ્તિત્વ જ ન હતું! છતાં આજની ઘડી સુધી મિ. સેન્ફના સ્ટૅમ્પ-કૅટલૉગમાં એ દેશનો ઉલ્લેખ છે. આનું નામ સાચી બલિહારી!

ગયા અંકમાં ભાવલપુર રાજ્યની ટિકિટો નિરર્થક હોવા વિષે એક વાચકના પત્રનો ઉલ્લેખ કરેલો તે હવે આ નીચે આપીએ છીએ. એ વાચક (શ્રી શાન્તિલાલ વાલંભિયા, બૉક્સ નં. ૮૯ ઝાંઝીબાર) લખે છે કે: હમણાં જ 'કુમાર'માં ભાવલપુરની રજતજયંતી ટિકિટો આવેલી તેના અનુસંધાનમાં અમેરિકાના 'ધ સ્ટૅમ્પ ટ્રેડિંગ પોસ્ટ' નામના પત્રના તા. ૧-૧-૫૦ના અંકમાંથી નીચેનો ઉતારો આપું છું: 'વિક્ટોરિયન સેમિનરી (ડી. સી.) થી આવેલા ભાઇ સ્ટાનિસ્લાવ એચ. ઑલેવિસ્કી તરફથી એક પત્ર આવ્યો છે: "પાકિસ્તાનમાંના મારા એક સ્ટૅમ્પવિક્રેતા મિત્ર તરફથી આવેલા પત્રમાંની નીચેની વિગતમાં તમને કદાચ રસ પડશે: ભાવલપુરની ટપાલવ્યવસ્થા પાકિસ્તાન સરકારની હકૂમત તળે છે. ભાવલપુરની બધી જ ટિકિટો જેવી કે રજત-જયંતી, મુલતાન-કૂચ, પાકિસ્તાન સાથેનું જોડાણ અને છેલ્લી નીકળેલી વિશ્વટપાલસંઘ ટિકિટો માટે (પાકિસ્તાન) સરકારે સત્તા આપી નથી... ભાવલપુરમાં માત્ર પાકિસ્તાનની ટિકિટો જ વપરાય છે. ભાવલપુરની ટિકિટો માત્ર (ભાવલપુરના) સરકારી પત્રવ્યવહારમાં અને ભાવલપુર રાજ્યની હદમાં જ વપરાય છે. પરંતુ તે તરતમાં બંધ કરવામાં આવશે. ભાવલપુરને ટિકિટો બહાર પાડવાનો અધિકાર જ નથી. તે પાકિસ્તાનની હકૂમત નીચે છે. છેલ્લી બહાર પડેલી (ત્યાંની) વિશ્વ-ટપાલ-સંઘની ટિકિટો માત્ર લંડનમાં જ નીકળેલી, અહીં ભાવલપુરમાં નહિ; કેમકે પાકિસ્તાન સરકારે તે જપ્ત કરેલી છે. ગયા ફેબ્રુઆરીમાં મેં એક સંપૂર્ણ કોરી ટિકિટોનો સેટ (૬ ડૉલર ઉપરાંતની કિંમતનો, ભાવલપુર સિટીના પોસ્ટમાસ્તરને રજિસ્ટર્ડ ટપાલથી મોકલીને જણાવેલું કે તે કૅન્સલ કરીને મને મોકલી આપે. ત્યાર પછી પણ મેં વારંવાર લખ્યું છે, પરંતુ હજુ સુધી જવાબની રાહ જ જોઉં છું. હું માનું છું કે તે જપ્ત કરવામાં આવેલ હશે. મેં કર્યું એમ કરવા બીજા કોઇ ચાહે તો તેમને ચેતવવા આ જણાવવું મને ઉચિત લાગે છે."'



દેશદેશની અભિનવ ટિકિટો: ટિકિટોમાં કદાચ સૌથી લાંબામાં લાંબી જપાનની આ મૂળ ટિકિટ તો આ છાપ કરતાં પણ સહેજ મોટી હતી.

કેટલીક નવી હંગેરિયન ટિકિટો

સામેના પાના ઉપર શ્રી અજિતકુમાર સંઘવીના સંગ્રહમાંથી કેટલીક કોરી (મિન્ટ) ટિકિટો (મૂળ કરતાં સહેજ નાના માપમાં) આપી છે.

પહેલી હાર: ડાબી બાજુથી: (૧) ૧૯૪૯ની ૨૦મી ઑગસ્ટે હંગરીનું 'પૉપ્યુલર રીપબ્લિક કૉન્સ્ટીટ્યૂશન' બંધારણ કાયદેસરરીતે મંજૂર થયું તેના સ્મરણમાં કાઢેલી '૬૦ ફીલર'ની મોટી ટિકિટ, જેમાં વચ્ચે (રશિયાની ઢબે) અનાજના ડૂંડા અને હથોડીની સંજ્ઞા તથા તારક છે; (૨) સંત સ્ટીફનની ૯૦૦મી સંવત્સરીએ બહાર પાડેલી તેમના મુકુટના ચિત્રવાળી ટિકિટ; (૩) પ્રજાસત્તાકના સ્થાપના-દિનની, રણશિંગુ ફૂંકતા ઘોડેસવારવાળી ટિકિટ; (૪) લડાઈના વિનાશમાંથી થતું નવસર્જન આલેખતી ટિકિટ; (૫) સંત સ્ટીફનનું રાજ્યારોહણ; (૬) પુનર્રચનાની પંચવાર્ષિક યોજના દાખવતી ટિકિટ-જેમાં મોટા પાંચડાના પેટાળમાં આલેખન છે; (૭) આગળ ફરીથી આવે છે; બીજી હાર: (૧) શાંતિદેવીના ચિત્રવાળી; (૨-૫) રેડક્રૉસની પ્રવૃત્તિઓના આલેખનવાળી તેના ફંડ માટે બહાર પાડેલી; (૬) હંગેરિયન ધ્વજના આલેખનવાળી; ત્રીજી હાર: વાઈસ રીજન્ટ સ્ટીફન હૉરોથીના મૃત્યુ પ્રસંગે કાળા રંગમાં બહાર પાડેલી શોક-ટિકિટ; (૨-૫)



૧૯૪૯ની ૧૪મી ઑગસ્ટે ઉજવાએલા અખિલ જગતવિદ્યાર્થી અને તરુણ ઉત્સવના સ્મરણમાં કાઢેલી ટિકિટો (૨)સર્વજાતિઓના યુવકોનું ઐક્ય દર્શાવતી;(૩) શાંતિનું રક્ષણ કરતા યુવાનોની મુઠ્ઠીઓ; (૪)બંધન તોડતા પીડિત દેશોના તરુણો; (૫) સોવિયેત સંઘનો યુવાન, શાંતિને માટે જગતના યુવકોને દોરતો;(૬) હંગેરિયન યુવકની જાગૃતિ; (૭)૧૮૪૮ની ક્રાંતિની શતાબ્દી ટિકિટ; ચોથી હાર : ૧૮૪૮ની ક્રાંતિની સંજ્ઞા-ટોપ, તલવાર ને રણશીંગાના ચિત્રવાળી 'ક્રાંતિ-શતાબ્દી-ટિકિટ', (૨ ૪)ઍડમિરલ હૉર્થીના સ્મારકફંડ અર્થે બહાર પાડેલી એરમેઈલની ટિકિટો; (૫) પોસ્ટ-હૉર્ન (રણશીંગા) સાથે પૃથ્વીના ગોળાની સંજ્ઞા મૂકી ટપાલ અને દુનિયાનો સંબંધ બતાવતી વિશ્વ-ટપાલ-સંઘની ટિકિટ; (૬) ખેડૂત સ્ત્રીના આલેખનવાળી આંતરરાષ્ટ્રીય સ્ત્રી-દિનની ઊજવણી પ્રસંગની ટિકિટ; (૭) રેડક્રૉસ ફંડ માટે બહાર પાડેલી ટિકિટ, જેમાં ઘાયલને અપાતા પ્રાથમિક ઉપચારનું આલેખન છે. પાંચમી હારઃ (૧) ઘાયલ સૈનિકોની મદદ માટેના ફાળાની ટિકિટ, જેમાં તીરંદાજ ઘોડેસવારનું ચિત્ર છે; (૨–૫) 'ગર્લ-ગાઇડ'ના સંમેલનપ્રસંગની ટિકિટો. તેમાં સલામી, હંગેરિયન રાજચિહ્નઃ ગર્લ-ગાઈડના તથા રાષ્ટ્રીય પોષાકમાં સજ્જ હંગેરિયન કન્યાઓ, ને શાંતિના પ્રતીક કબૂતરનાં ચિત્રો છે; (૬) પુશકિનની સંવત્સરી-ટિકિટ, ને (૭) મધપૂડાની સંજ્ઞાવાળી 'સેવિંગ બૅંક'ના પ્રચારની ટિકિટ.



માધુકરી

આજ આકાશ ઓપે અલંકારથી વાદળીની રૂપેરી કિનારે :
ક્ષિતિજની આંખડીમાં સમાવા જતી કુંજડી કૈંક લાંબી કતારે.
આજ વૈશાખ જોગી તણા વેશમાં ગૂંચળાં વાળનાં ધૂણવે છે :
આજ સૂકી સરિતા તણે કાંઠડે નેન પંખિણીઓના ચૂમે છે.

—ગીતુ દેસાઈ

સાલિમઅલી : હિંદી પક્ષીઓના જગન્માન્ય મહાવિદ્વાન

ભારતવર્ષનાં પક્ષીઓનાં નિરીક્ષણ ને સંશોધનના ક્ષેત્રમાં આજ સુધી મુખ્યત્વે અંગ્રેજ અભ્યાસીઓએ જ રસ લઈને કામ કર્યું છે. શરૂઆતમાં હિંદી સરકારે આ દેશનાં પક્ષીઓનો સળંગ સંકલિત ઇતિહાસ લખાવ્યો, ને ત્યાર પછી 'ઇન્ડિયન ફૉના'ની જાણીતી ગ્રંથાવલિમાં પક્ષીઓ વિષેના ગ્રંથો લખાયા, એ બધાંમાં પણ અંગ્રેજોની જ કામગીરી છે. તે પછી એક જ ભારતીય જને આજ સુધીમાં એ દિશામાં ગણનાપાત્ર અભ્યાસ, નિરીક્ષણ અને સંશોધન કર્યાં છે અને તે શ્રી સાલિમઅલીએ. પણ તે એવાં કે આજે એ ગુજરાતી વિદ્વાન જગતભરમાં હિંદી પક્ષીઓના એકમાત્ર નિષ્ણાત મહાવિદ્વાન તરીકે પંકાયલા છે, કેમકે તેમણે હિમાલય માનસરોવર અને અફઘાનિસ્તાનથી માંડીને ત્રાવણકોર સુધીના સમગ્ર ભારતના પ્રદેશે પ્રદેશનાં પક્ષીઓનાં નિરીક્ષણ અને અભ્યાસ કર્યાં છે. ગુજરાતી ભાષામાં આ પ્રકારનું સાહિત્ય આપતા આપણા એકમાત્ર સામયિક 'પ્રકૃતિ'માંથી તેમનો જીવન-પરિચય તારવી આ નીચે ઉતારીએ છીએ:

શ્રી સાલિમઅલીનો જન્મ મુંબાઇમાં ઈ. ૧૮૯૬ની ૧૨મી નવેમ્બરે થયો હતો. જાતે એ સુલેમાની વહોરા છે. ૧૮૫૭ના બળવા પછી એમનું કુટુંબ મૂળ વતન ખંભાત છોડીને ધંધા અર્થે મુંબાઈ આવી વસેલું, એટલે હવે મુંબાઇ જ એમનું વતન થઇ ગયું છે. વડોદરા રાજ્યની હાઇકોર્ટના એક વખતના જસ્ટીસ અને સુપ્રસિદ્ધ દેશભક્ત સદ્ગત અબ્બાસ તૈયબજી એમના સગા મામા થાય.

બચપણથી જ એમને પક્ષીઓનો રંગ લાગેલો, પરંતુ એ કેવળ ગિલોલની નિશાનબાજી પૂરતો. સાચી ઉત્કંઠા તો એમને એક અકસ્માતથી થએલી. એક દિવસ એક પીળા ગળાંવાળી ચકલી એમની ગિલોલનો ભોગ થઇ પડી. અજ્ઞાતપૂર્વ એ નવું પક્ષી જોઇને એનું નામ જાણવાનું કુતૂહલ થતાં એ લઈને તે પોતાના કાકા શ્રી અમીરૂદ્દીન તૈયબજી (સ્વ. બદરૂદ્દીન તૈયબજીના ભાઇ) પાસે ગયા. શ્રી અમીરૂદ્દીન મુંબાઈની નૅચરલ હિસ્ટરી સોસાએટીના આદ્ય સ્થાપકોમાંના એક હતા, પરંતુ એમને પણ એ નવું પક્ષી અજ્ઞાત નીવડ્યું, એટલે એમણે સોસાએટીના મંત્રી શ્રી ડબ્લ્યુ. એસ. મિલાડ ઉપર ભલામણ લખી આપી. એ ચિઠ્ઠી લઈને તે ગયા એ વખતે શ્રી એન. બી. કિન્નિયર (લંડનના બ્રિટિશ મ્યૂઝિયમના પ્રાણીસંગ્રહ વિભાગના આજના સંચાલક) પણ ત્યાં હતા. એમણે શ્રી સાલિમના પક્ષીને ઓળખી આપ્યું. એ હતું રાજી (yellow throated sparrow), એની ઓળખાણ કરાવીને મંડળના સંગ્રહમાંનાં એ પક્ષીનાં અન્ય પ્રતીકો પણ શ્રી કિન્નિયરે દેખાડ્યાં. એ સાથે અન્ય જાતિનાં પણ પક્ષીઓ એમના જોવામાં આવતાં. પક્ષીઓના વિષયમાં એમનો આખો દ્રષ્ટિકોણ બદલાઈ ગયો, અને પક્ષીઓને હણીને સંતોષ માનવાને બદલે, જે પક્ષી નજરે ચડે એને ઓળખવાની અને એનો જીવનવ્યવહાર જાણવાની ઉત્કટ અભિરૂચિ એમનામાં જાગૃત થઇ. આ જિજ્ઞાસાને સંતોષવા માટે શ્રી કિન્નિયરે એમને પક્ષીઓના વિષયનાં કેટલાંક પુસ્તકો સૂચવ્યાં. આ પ્રસંગ સને ૧૯૦૮માં બન્યો. એ સમયે એમનું વય બાર વર્ષનું હતું.

કાલક્રમે શ્રી સાલિમે મૅટ્રિક પસાર કરી. એમના મોટા ભાઇ બર્મામાં વૉલ્ફ્રામ ધાતુની



માસમાસનાં પંખી [૫૨] દૈયડ

બારે માસ આપણે ત્યાં જ રહેતું હોવા છતાં, પોતાના શરમાળ સ્વભાવને લીધે આપણાથી અપરિચિત રહી જતું આ દૈયડ દેવચકલીના વર્ગનું જ પંખી છે. પરંતુ કોઇપણ પંખી કરતાં ચડિયાતી તેના ગળાની મિઠાશ તો ગજબની હોય છે. આથી જ પક્ષીપ્રેમીઓના હ્રદયમાં તે સર્વોચ્ચ સ્થાને બિરાજે છે.

દેખાવે રૂઆબદાર અને દ્રઢ બાંધાનું તથા કદમાં તે લગભગ બુલબુલ જેવડું હોય છે. નરનું માથું, ગળું, ગરદન, છાતી, પીઠ કાળી ચમકવાળાં ઘેરાં આસમાની; પાંખો જરા વિશેષ કાળી. પેટ અને પૂછડીની હેઠળનાં પીછાં તથા બહારની બંને ધારોનાં ચારચાર પીછાં સ્વચ્છ સફેદ. પાંખમાં પણ નાનો શ્વેત પટ્ટો. ચાંચ અને પગ કાળાં. માદાનો કાળો રંગ આછો ધુમાડિયો તથા શ્વેત રંગ પણ મેલો રાખોડી જેવો હોય છે.

ગરમ ઋતુ આવતાં તેનો કંઠ ખુલે છે અને તેમાંયે તેના સંવનનકાળ ચૈત્ર-વૈશાખમાં તો તે ખરા ઉન્માદમાં આવી જઈ, દેવચકલી તથા ચકદિલની માફક પૂંછડી પટપટાવી પોતાના ગાનમાં મસ્તાન જોવામાં આવે છે. એ વખતે એનાં કાળાં અને પડખેનાં ધોળાં પીછાંના વિસ્તારથી એની શોભા ઓર બઢે છે. એ ઉત્સાહ ગરમી જતાં ઓસરી જઇ ચોમાસામાં તે સાવ મૂગું બની જાય છે.

તીડ-તમરાં ને કીડી-મકોડા એ તેનો આહાર. એ અર્થે તે જમીન પર ફરતું નજરે પડે છે, પણ તેનું પ્રિય સ્થાન તો ઝાડની ડાળી જ.

હાલ તેનો પ્રજનનકાળ ચાલે છે. એકાદ ઊંચા વૃક્ષની બખોલમાં છાલ, પીછાં ને સાંઠીકડાંની પથારી કરી, રકાબી જેવો માળો બાંધી, તેમાં ફિક્કા લીલા કે લીલાશ-પડતા આસમાની રંગનાં ઘેરી, તપખીરી છાંટવાળાં ૪-૫ ઇંડાં તે મૂકે છે. (વનેચર)



ખાણના ઉદ્યોગમાં તથા ઇમારતી લાકડાંના વ્યાપારમાં પડ્યા હતા. શ્રી સાલિમને અભ્યાસમાં ઝાઝો રસ નથી એ જોઇને એમણે એમને પોતાની પાસે બોલાવી લેવાથી ઈ. ૧૯૧૪માં શ્રી સાલિમ બર્મા ગયા. ત્યાં ત્રણ વર્ષ ભાઇની સાથે ધંધામાં ગાળી ૧૯૧૭માં એ દેશ પાછા ફર્યા અને હમેશ માટે ધંધામાં જ રોકાવાનું હોઈ તે મુંબાઈની દાવર કૉલેજમાં દાખલ થયા અને હાયર ઍકાઉન્ટન્સીની ડિપ્લોમા મેળવી.

બર્મામાંના વસવાટ દરમ્યાન પક્ષીઓનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો, એટલે મુંબાઇ આવ્યા પછી એમને એ વિષયનું શાસ્ત્રીય જ્ઞાન મેળવવાની વૃત્તિ થઈ, આ માટે માર્ગદર્શન અર્થે એ સેઈન્ટ ઝેવિયર્સ કૉલેજના ખ્યાતનામા વનસ્પતિવિદ્દર અધ્યાપક રેવરંડ બ્લેટર પાસે ગયા. રેવ૦ બ્લેટરે એમને બહિ:સ્થિત વિદ્યાર્થી (out-student) તરીકે કૉલેજના બી. એસસી.ના પ્રાણીશાસ્ત્ર (ઝૂઑલૉજી)ના વર્ગમાં દાખલ કર્યા. એ જ વર્ષમાં મુંબાઇ નૅચરલ હિસ્ટરી સોસાએટીના ભૂતપૂર્વ સંગ્રહપાલ (ક્યુરેટર) અને હવે બ્રિટિશ મ્યૂઝિયમના એક અધિકારી શ્રી. એસ. એચ. પ્રેટર પણ બહિ:સ્થિત વિદ્યાર્થી તરીકે એ જ કૉલેજમાં સિનિયર બી. એસસી.માં પ્રાણીશાસ્ત્રનો અભ્યાસ કરતા હતા, એટલે બંને વચ્ચે ગાઢ મૈત્રી જામી. બંને મિત્રોએ બી. એસસી.નો અભ્યાસક્રમ પૂરો કર્યો. પછી શ્રી પ્રેટર મુંબાઇ નૅચરલ હિસ્ટરી સોસાએટીમાં જોડાયા અને શ્રી સાલિમ બર્મા પાછા ફર્યા (૧૯૧૯). પરંતુ પ્રથમ વિશ્વયુદ્ધ તાજેતરમાં પૂરું થયું હતું એટલે વ્યાપારધંધા મોળા પડતા હતા. આથી એમના મોટા ભાઇએ ધંધો સંકેલી લેવામાં પણ ડહાપણ માન્યું અને બંને ભાઈઓ ૧૯૨૩માં સ્વદેશ પાછા ફર્યા.

મુંબાઈ આવતાં અચાનક એક નવી તક એમને મળી ગઈ. એ સમયમાં મુંબાઈ સરકારે જાહેર પ્રજાને પ્રાણીજીવનનો પરિચય કરાવવાના ઉદ્દેશથી એક યોજના ઘડી હતી અને એ કાર્ય માટે યોગ્ય વ્યાખ્યાતાની શોધમાં હતી. રેવ૦ બ્લેટરે શ્રી સાલિમની ભલામણ કરતાં મુંબાઈ સરકારે એમની નિમણૂક કરી (૧૯૨૬). બે વર્ષના અનુભવ પછી શ્રી સાલિમને લાગ્યું કે આ વિષયમાં પરદેશમાં જઈને વિશેષ જ્ઞાન મેળવવું આવશ્યક છે, તેથી એમણે પોતાના ખર્ચે જર્મની જઈને શિક્ષણ લેવા સરકાર પાસે રજાની માગણી કરી.

રજા મળતાં વેંત એ જર્મની ગયા અને બર્લિન યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્રના મ્યૂઝિયમમાં દાખલ થયા. ત્યાં એમણે પક્ષીશાસ્ત્રના જગન્માન્ય એકમાત્ર પ્રમાણિત વિદ્વાન ડૉ. સ્ટ્રેસેમૅનના હાથ નીચે સાત મહિના કામ કર્યું. એમના કાર્યથી પરમ સંતુષ્ટ થઈને ડૉ. સ્ટ્રેસેમૅન એમને, યાયાવર પક્ષીઓના સ્થલાન્તર વિષયના અભ્યાસ અવલોકન અર્થે પોતાની સાથે હેલિગો દ્વીપમાં લઇ ગયા (સને ૧૯૨૯). પ્રથમ વિશ્વયુદ્ધ પછી હેલિગો દ્વીપની કિલ્લેબંદી તોડી નાખવામાં આવી હતી અને એ લશ્કરી કેન્દ્ર તરીકે બંધ કરવામાં આવ્યો હતો. એને સ્થાને ધ્રુવપ્રદેશ બાજુથી આવતાં યાયાવર પક્ષીઓના અવલોકન-અભ્યાસનું એક મોટું કેન્દ્ર ત્યાં સ્થાપવામાં આવ્યું હતું અને એનું સંચાલન ડૉ. ડ્રાટકે નામના સમર્થ પક્ષી-તત્ત્વજ્ઞને સોંપાયેલું હતું. ડૉ. સ્ટ્રેસેમૅનના સંગમાં શ્રી સાલિમે ડૉ. ડ્રાટકેના મહેમાન તરીકે પાનખર ઋતુમાં બે અઠવાડિયાં હેલિગો દ્વીપમાં ગાળ્યાં ને ત્યાંની પ્રણાલિનો અભ્યાસ કર્યો. એ સાથે એમનો જર્મનીનો અભ્યાસ પૂરો થયો. જર્મનીથી નીકળીને એ લંડન ગયા અને બ્રિટિશ મ્યૂઝિયમના પક્ષીવિભાગમાં છ અઠવાડિયાં અનુભવાર્થે ગાળ્યાં, જે દરમ્યાન ભારતીય પક્ષીઓના સમર્થ જ્ઞાતા અને નિરીક્ષક-અન્વેષક બે અંગ્રેજ વિદ્વાનો ડૉ. ક્લૉડ ટાઈસરસ્ટ અને શ્રી હ્યૂ વ્હીસ્લર સાથે એમને પરિચય થયો.

જર્મની અને લંડનમાં પક્ષીવિદ્યાનો અભ્યાસ પૂરો કરીને તે ૧૯૩૦માં દેશ પાછા ફર્યા તે પૂર્વે તો મુંબાઈ સરકારે પેલી પ્રકૃતિશિક્ષણની યોજના બંધ કરી દીધી હતી. એટલે દેશ આવીને એ ભારે વિમાસણમાં પડ્યા. મુંબાઈમાં એમનું પોતાનું ઘર તો હતું નહિ. એટલે એમનાં પત્ની સાથે એ મુંબાઈના પડખે અલીબાગ પાસે આવેલા કિહિમમાં એમના સસરાના ઘેર રહેવા ગયા. સુગરીની નીડરચનાનું એમનું અપૂર્વ અવલોકન એમણે આ જ દિવસોમાં કરેલું.

આરંભમાં એમણે હિંદી પ્રાણીઓના નિરીક્ષણ-વિભાગ (ઝૂઑલૉજિકલ સર્વે ઑવ ઈન્ડિયા)માં જોડાવાનો પ્રયત્ન કર્યો, પરંતુ એ યુનિવર્સિટીની કોઈ ડિગ્રી ધરાવતા ન હોવાથી એમને ત્યાં સ્થાન મળ્યું નહિ. એટલે નોકરી શોધવાનો પ્રયત્ન છોડી દઇને એમણે સ્વતંત્રપણે પક્ષીઓનું નિરીક્ષણકાર્ય કરવાનો નિર્ણય કર્યો. એના આરંભ અર્થે એમણે દક્ષિણ હૈદરાબાદનો પ્રદેશ પસંદ કર્યો. એ સમયે સર અકબર હૈદરી નિઝામ સરકારના અર્થસચિવ હતા. એમણે શ્રી સાલિમને હૈદરાબાદ રાજ્યનાં પક્ષીઓના સંશોધન–નિરીક્ષણનું (Survey) કાર્ય સોંપ્યું અને એ દ્વારા ભારતવર્ષનાં શુદ્ધ શાસ્ત્રીય પદ્ધતિના એમના નિરીક્ષણકાર્યના શ્રી ગણેશ મંડાયા. આ કાર્ય પૂરું થયું કે તરત જ મુંબાઈની નૅચરલ હિસ્ટરી સોસાએટીએ સમસ્ત

ભારતના પ્રાદેશિક વિભાગોનાં પક્ષીઓનાં સંશોધન-નિરીક્ષણની યોજના ઘડી કાઢી એ કાર્ય માટે શ્રી સાલિમને નિયુક્ત કર્યા. શ્રી સાલિમે આજ સુધી કરેલાં પક્ષીસંશોધનમાં દક્ષિણ હૈદરાબાદ, ત્રાવણકોર ને કોચીન રાજ્યો, મધ્યભારત—ગ્વાલિયર, ઈન્દોર, ધાર અને ભોપાલ રાજ્ય, મહીસુર રાજ્ય, ભાવલપુર રાજ્ય, કચ્છ રાજ્ય, ગુજરાત વડોદરા, પાલણપુર-રાધનપુર ને ખંભાત રાજ્યો, મિશમી ગિરિપ્રદેશ (આસામ), ડાંગપ્રદેશ—સોનગઢ, વઘાઈ ને નાશિક, મધ્યભારત—બસ્તર રાજ્ય ને ઓરિસા પ્રદેશ, એટલાંનો સમાવેશ થાય છે. 'કચ્છનાં પક્ષીઓ' ને 'ત્રાવણકોરનાં પક્ષીઓ' વિષે તો શ્રી સાલિમે સ્વતંત્ર ગ્રંથ લખ્યા છે. એમનાં આ સંશોધન-નિરીક્ષણોના પરિણામે આજે ભારતવર્ષનો એક પણ પ્રદેશ એવો નથી રહ્યો કે જ્યાંનાં પક્ષીઓનું શાસ્ત્રીય નિરીક્ષણ ન થયું હોય.

શ્રી સાલિમનો પક્ષીવિદ્યાનો રસ પણ પક્ષીઓની ગૃહવ્યવસ્થા ને જીવનવ્યવહાર Ecology વિદ્યાના અભ્યાસમાં કેન્દ્રિત થએલો છે. આ વિશિષ્ટ વિષયમાં યુરોપ ને અમેરિકામાં અત્યંત મહત્ત્વની પ્રગતિ થઇ છે, પરંતુ ભારતવર્ષનાં પક્ષીઓ સંબંધમાં આવું કાઇ હજી થયું નથી. શ્રી સાલિમનાં પોતાનાં નિરીક્ષણો દ્વારા એટલી અનેકવિધ મહામૂલી નવી સામગ્રી પ્રાપ્ત થઈ છે કે એ બધાના સમાવેશ અર્થે, 'ભારતવર્ષનાં પક્ષીઓ'નો નવીન ગ્રન્થ લખાવવાનો નિર્ણય ભારત સરકારે કર્યો છે, ને એ માટે સુપ્રસિદ્ધ અમેરિકન પક્ષીતત્ત્વવિદ્ ડૉ. એસ. ડિલોન રિપ્લે ને શ્રી સાલિમની વરણી કરવામાં આવી છે. આ ગ્રન્થ 'ફૉના'ના ગ્રન્થો કરતાં દોઢમણી રચનાવાળો થવાનો સંભવ છે.

શ્રી સાલિમની પક્ષીસંશોધન વિષયની સર્વતોમુખી પ્રવૃત્તિ અને અપૂર્વ વિદ્વત્તાનું યથાર્થ મૂલ્યાંકન કરીને ઈંગ્લંન્ડના 'બ્રિટિશ ઑર્નિથૉલૉજિકલ યૂનિયને' એમને પોતાના સમ્માનિત સભ્યપદે સ્થાપ્યા છે. આ સંસ્થા ઉચ્ચતમ કક્ષાના અને જગન્માન્ય પક્ષીતત્ત્વવિદાગ્રણીઓનું જ આવું બહુમાન કરે છે. ભારતીય પક્ષીતત્ત્વવિત્સમાજમાં આવું માન મેળવનાર શ્રી સાલિમ પ્રથમ ને એકલા જ છે. એટલી જ ઉચ્ચ કક્ષાની 'અમેરિકન ઑર્નિથૉલૉજિકલ યૂનિયને' પણ શ્રી સાલિમને પોતાના સમ્માનિત સભ્યપદે સ્થાપ્યા છે, ને એ જ રીતે જર્મનીની 'ડૉયત્સ ઑર્નિથૉલૉજિશ ગેસેલશાફ્ટ'ના પણ શ્રી સાલિમ સમ્માનિત સભ્ય છે. હિંદમાં એમને સમ્માનિત સભ્યપદે સ્થાપીને ગૌરવ પામનારી પ્રથમ સંસ્થા 'ગુજરાત પ્રકૃતિ મંડળ' છે.

શ્રી સાલિમ પ્રકૃતિએ અત્યંત પ્રસન્નચેતા, ઉદારમતવાદી, નિર્મળ પ્રકૃતિના, મધુરભાષી, અભિજાત સજ્જન છે. પક્ષીવિદ્યામાં આટલા રસબસ હોવા છતાં એમણે અંગ્રેજી સાહિત્યનો સારો અભ્યાસ કરેલો છે. ભારે ધનવાન કુટુંબમાં જન્મ્યા અને ઉછર્યા છતાં તે ઐશ્વર્યથી મદમત્ત નથી. એમના એક ભાઇ આઈ. સી. એસ. થએલા છે. અન્ય ભાઈ શ્રી ઝાબિદઅલી કૅમ્બ્રિજ યુનિવર્સિટીની ખેતીવાડી વિજ્ઞાનની ડિપ્લોમા મેળવી આવ્યા છે. શ્રી સાલિમ પોતે ઇંગ્લંડ, ફ્રાન્સ ને જર્મનીમાં દીર્ઘકાળ રહેલા છે, છતાં એ વિલાયતી રંગે રજ પણ રંગાએલા નથી. એમને અનેક અંગ્રેજો-યુરોપિયનો સાથે ગાઢ મૈત્રીસંબંધ હોવા છતાં ગોરી ચામડીનો એમને રજ પણ મોહ નથી. એ પ્રબળ રાષ્ટ્રપ્રેમી હિંદી છે. સ્વાતંત્ર્યસંગ્રામમાં એમના કુટુંબીજનોએ ભારે ફાળો આપ્યો છે. એમના વડીલ બન્ધુ શ્રી ઝાબિદઅલીએ સને ૧૯૪૨ની લડત પ્રસંગે કારાવાસ સેવ્યો છે અને આજે પણ ચુસ્ત મહાસભાવાદી છે. શ્રી સાલિમનાં ભાણેજ-ભાણેજીઓએ પણ સ્વાધીનતાના યુદ્ધ પ્રસંગે જેલ ભોગવી છે. શ્રી સાલિમ પોતે પણ જેલમાં જવાનો નિશ્ચય કરી બેઠા હતા, પરંતુ છેક છેલ્લી પળે પક્ષીઓના એમના અભ્યાસનું સાતત્ય ખંડિત ન થાય એ વિચારથી જેલ જવાનું માંડી વાળવું પડેલું.

જીવનના અશેષ સંયોગો એમના પક્ષીવિદ્યાના અભ્યાસને સર્વથા અનુકૂળ હોવા છતાં, શ્રી સાલિમનું જીવન ભારે વ્યથાથી ભરપૂર છે. એ વ્યથા તે શ્રી સાલિમનાં પત્નીનું ભર યુવાનીમાં અકાળ અવસાન. શ્રી સાલિમનાં પત્નીને પણ પક્ષીઓમાં અપૂર્વ રસ હતો. જર્મનીના અભ્યાસકાળે એ એમના પતિ સાથે હતાં એટલું જ નહિ, પરંતુ ત્રાવણકોરનાં પક્ષીઓના નિરીક્ષણ પ્રસંગે તો એમણે શ્રી સાલિમના મંત્રી અને ક્ષેત્રકર્મચારી રૂપે અથાગ પરિશ્રમ કર્યો હતો. સને ૧૯૩૯માં શસ્ત્રક્રિયાના પરિણામે એમનું અવસાન થયું અને શ્રી સાલિમનું દામ્પત્યજીવન ખંડિત થયું. આદર્શ પતિ હોવાથી શ્રી સાલિમે પુન: લગ્નસંબંધ સાંધ્યો નહિ, અને એ કરુણ ઘટના પછી ડહેરાડૂન છોડીને એ મુંબાઈ આવી સ્થિત થયા. આજે જીવનની પ્રત્યેક પળ એ પક્ષીઓનાં જીવનનાં અભ્યાસ, મનન ને ચિંતનમાં માળે છે અને એમાં જ કૃતકૃત્યતા અનુભવે છે.

પક્ષીવિષયની એમની પ્રથમ જિજ્ઞાસાને સંતોષનાર મુંબાઈની નૅચરલ હિસ્ટરી સોસાઓટી સાથે શ્રી સાલિમ ગાઢ સંબંધે સંકળાએલા છે. એક પ્રસંગે મંડળના સંગ્રહપાલ curator તરીકે એમણે કામ કરેલું છે. એકાદ અપવાદ વિના એમનાં અશેષ સંશોધન-નિરીક્ષણો પણ એ મંડળ તરફથી જ એમણે કરેલાં છે. આજે પણ તે, એ મંડળના અવૈતનિક મંત્રી અને મંડળના મુખપત્રના એક સંપાદક છે. —હ. આ.

ટ્યૂબ લાઇટ – ફ્લૉરેસન્ટ ટ્યૂબો

હમણાં કેટલાક વખતથી આપણે ત્યાં વ્યાપારી અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં–દુકાનો, હૉટેલો, ઑફિસો, કારખાનાં વગેરેમાં ફ્લૉરેસન્ટ ટ્યૂબના પ્રકાશનો પ્રચાર વધતો જાય છે, અને કેટલેક ઠેકાણે રસ્તાના દીવાઓ પણ તેના જ વપરાવા લાગ્યા છે. કોલસાની ખાણોમાં, પણ તેનો ઉપયોગ સફળતાપૂર્વક થયાના પ્રયોગો થયા છે. સામાન્ય ભાષામાં તે 'ટ્યૂબ લાઇટ' નામથી ઓળખાય છે. ચાલુ વપરાશમાં આવતા વીજળીના ગોળાઓની સરખામણીમાં તેમાં ઓછી વીજળી બળે છે. વળી તે વધુ ટકાઉ તથા પ્રકાશમાન છે, તેમજ ઓછો ઝબકાર મારતી હોવાથી આંખને ઓછી ઝંખવે છે.

ફ્લૉરેસન્ટ ટ્યૂબો એ વીજળિક મોચ(discharge)વડે પ્રકાશ મેળવવાનાં સાધનોનું એક રૂપ છે. આ ટ્યૂબના દરેક છેડે ઈલેક્ટ્રૉડ સીલ કરીને બેસાડેલા હોય છે. ટ્યૂબમાં થોડો આર્ગન વાયુ ને થોડી પારાની વરાળ દાખલ કરેલી હોય છે. તેમાં વીજળીનો પ્રવાહ દાખલ થતાં આર્ગનવાયુના કણો ઉત્તેજાય છે. તે પારાની વરાળને ઉત્તેજે છે અને તેથી અલ્ટ્રાવાયોલેટ કિરણો ઉત્પન્ન થાય છે. ટ્યૂબની અંદરની બાજુ પર મૅગ્નેશ્યમ ટંગસ્ટેઇટ જેવા ખાસ રાસાયણિક ક્ષારો લગાડેલા હોય છે. તે અલ્ટ્રાવાયોલેટ કિરણોને શોષતા ન હોવાથી એ કિરણો સફેદ કિરણોમાં પલટાઇને તેમાંથી પ્રકાશ છૂટે છે. આ ક્ષારોને વિવિધ મિશ્રણમાં વાપરવાથી વિવિધ રંગ પેદા કરી શકાય છે. એ પદાર્થોને 'ફૉસ્ફર' કહેવામાં આવે છે અને તેઓ મોટે ભાગે જસતનાં સંયોજનો હોય છે. 'ફૉસ્ફર' એટલે પ્રકાશ ધરે એવા પદાર્થો.

સામાન્ય રીતે વપરાતા વીજળીના ગોળા–બલ્બો–કરતાં આ ફ્લૉરેસન્ટ દીવાઓ વધારે કાર્યક્ષમ હોય છે. આપણા સામાન્ય બલ્બોમાં વીજળીના તારને ગરમ કરવા માટે ૯૦ ટકા વીજળી ખપી જાય છે ને બાકીના ૧૦ ટકામાંથી જ પ્રકાશ ઉત્પન્ન થાય છે; જ્યારે તેના મુકાબલે, વીજળીની વપરાશના પ્રમાણમાં ફ્લૉરેસન્ટ ટ્યૂબો ત્રણગણો વધારે પ્રકાશ આપે છે.

સાહસ

ત્યારે અમારી જુવાની પાંગરતી હતી. તેના જોશમાં જે કોઇ પરોપકારી કાર્ય કરવાનું આવે તે માટે સાહસવૃત્તિ ઉછાળા મારતી.

આ સાહસવૃત્તિ દાખવવાનો પ્રસંગ પણ અણધાર્યો જ સાંપડી ગયો. કોચરબમાં રાત્રીશાળા ચલાવવા અમે બેએક મિત્રો જતા. ત્યાં એક દિવસે ગામના બે જુવાનોએ અમને કહ્યું, 'આજે ટેકરાઓમાં બકરાંનો વધ થવાનો છે. આપણે એ બકરાંને બચાવવાં જોઇએ'. અમે તુરત જ હા પાડી. ગામનાપાંચ સાત જુવાનો અને અખાડાના સાતઆઠ તરુણો ભેગા થઈ, સાદી લાઠીઓ લઇ, બીજી કશી ગણતરી કર્યા વગર ઊપડ્યા.

એલિસબ્રિજમાં ત્યારે ગુજરાત કૉલેજથી આગળ ચિનાઈવાળાના બંગલા આગળ એકે સોસાએટી કે મકાન નહોતું. ત્યાંથી પસાર થતા નેળિયામાં અંધારી રાત્રે રસ્તો વીંધતા અમે આગળ ઊપડ્યા. પાંજરાપોળથી આગળ આવતી ટેકરીઓ તરફ અમારો માર્ગ જતો હતો.

ટેકરીઓ પાસે આવ્યા ત્યારે જ અમને અમારા કાર્યનો ખ્યાલ આવ્યો. બરાબર ટેકરીઓની વચ્ચે સ્ત્રી-પુરુષોની મોટી મેદની જામી હતી. મેદનીમાં સ્ત્રીઓ ગાતી હતી અને પુરુષો નાચતા હતા. પુરુષો પાસે લાકડીઓ તથા ધારિયાં હતાં. શણગારેલાં બે બકરાં બરાબર નાકે બાંધેલાં હતાં અને ત્યાં એમની પૂજા થતી હતી. હવે અમારા કાર્યની વિકટતા અમને સમજાઈ. સામે બે હજાર જેટલાં સ્ત્રીપુરુષો હતાં, જ્યારે અમે માંડ પંદર-સત્તર હોઇશું!

અમે વ્યૂહ ગોઠવ્યો. ત્રણ ટુકડીઓ બનાવી. ટુકડીઓના આગેવાનોના હાથમાં લાકડી આપી. આસપાસની ટેકરીઓ પર સહુને ગોઠવી દીધા. સહુને સૂચના હતી કે સીટી વગાડતાં જ બધાએ હાકોટા કરતા સીધા ધસી જવું.

અમારી ટુકડી સૌથી પ્રથમ ધસી. લાઠી વીંઝતા, બૂમો મારતા અમે બરોબર વધસ્થાને પહોંચી ગયા. બધાની બૂમોથી અને ચારેબાજુથી ધસતી ટુકડીઓ જોઇને ત્યાં ભારે શોરબકોર મચી ગયો. બધા આમતેમ દોડવા લાગ્યા. અમારો વ્યૂહ સફળ થયો.

આ અંધાધૂંધીમાં અમે એક ટુકડી સાથે બકરાંને વિદાય કરી દીધાં અને બીજા કચકચ કરવામાં રોકાયા. અમે વાત કરતા હતા ત્યાં સામે ઊભેલી વ્યક્તિઓમાંથી એકે છરા સાથે હુમલો કર્યો. પડખેના સાથીદારે સમયસૂચકતાપૂર્વક લાકડી વડે એ છરાને જો ભોંયભેગો ન કર્યો હોત તો મારી લાશ ત્યાં નીચે જ પડી હોત!

બકરાં આપીએ પણ એનો વધ નહિ કરવાનો, એવી શરત કરી અમે ત્યાંથી નીકળી આવ્યા ત્યારે થયું કે બકરાં બચાવવા જતાં અમે પણ જાન ગુમાવવાની અણી પર જ આવ્યા હતા. —નીરૂ દેસાઈ

(એલિસબ્રિજ આરોગ્ય સમિતિ તરફથી શ્રી નીરૂ દેસાઈ અને અશોક હર્ષના તંત્રીપણા નીચે શરૂ થએલા નવા ત્રૈમાસિક 'ઘડતર'માંથી)

ગરીબોની બદામ મગફળી

મગફળી માણસ, ઢોર અને ઉદ્યોગ ત્રણેને એકસરખી ઉપયોગી છે. પૌષ્ટિક આહારની નજરે આપણે ત્યાં તેનો બહુ ઓછો વિચાર થએલો છે. પણ ગરીબોના મેવા કે ગરીબોની બદામ તરીકે ઓળખાતી એ મગફળી અથવા ભોંયશીંગનો પ્રચાર જરૂરી છે. વળી એનો પાક જમીનને નત્રવાયુ (નાઇટ્રોજન) પૂરો પાડી તેને સમૃદ્ધ બનાવે છે. એની ફળી ખાદ્ય તરીકે તથા ઔદ્યોગિક ઉત્પન્નમાં કામ લાગે છે, જ્યારે ફળી ઉતારી લીધેલો પાલો ઢોરોના ખોરાક તરીકે.

આપણે ત્યાં લગભગ બધે જ સ્થળે તેનો પાક ઊતરે છે. દુનિયાના મગફળીના પાકનો અરધો ભાગ (૩૦ લાખ ટન) આ દેશમાં જ થાય છે. અહીં તેનો મુખ્ય ઉપયોગ તેલ તથા ખોળ તરીકે થાય છે.

આપણા હિંદી લોકોના ખોરાકમાં જેની વધુમાં વધુ ઊણપ રહે છે એ પ્રોટીનનું સારું જેવું પ્રમાણ શીંગદાણા તેમજ તેના ખોળમાં રહેલું છે. વળી મગફળી ફૉસ્ફેરિક તેમજ વિટામીન બી. થી (ખાસ કરીને વિટામીન બી-૧થી) સમૃદ્ધ છે અને વિટામીન બી-૨ વર્ગના ખોરાકમાં પણ અગત્યનું સ્થાન ધરાવે છે. સ્નિગ્ધ પદાર્થ સાથે એનું કૅલરીનું (એટલેકે શરીરમાં ગરમી ઉત્પન્ન કરવાનું) પ્રમાણ પણ ઊંચું રહેલું હોઇને ખોરાક તરીકેનું તેનું મૂલ્ય અધિક છે. તે એકલી વધુપડતી ખાવાથી પિત્તને ઉત્તેજતી હોઇને ગોળ અથવા સાકર સાથે લેવાથી પિત્તનો સંભવ નથી રહેતો. આપણે ત્યાં ગામડાંઓમાં તો હજુ યે ગોળ ને મગફળીનો નાસ્તો સારી પેઠે પ્રચલિત છે.

મગફળીનું તેલ હવે ખાદ્ય તરીકે આ દેશમાં ચાલુ થયું છે. અન્ય કોઇ દેશોમાં એ એટલું જ પ્રચલિત હોય તો તે ફ્રાંસ અને બ્રાઝિલમાં.

ઘણાને જાણીને નવાઈ લાગશે કે મગફળીનું મૂળ વતન દક્ષિણ અમેરિકામાં આવેલો બ્રાઝિલ દેશ છે. પેરૂમાંની આંકોનની કબ્રોમાંથી તેના દાણા મળી આવેલા. બ્રાઝિલ તથા પેરૂના કેટલાક જૂના લેખોમાંથી તેનો ઉલ્લેખ મળી આવે છે. હિંદની કોઈ ભાષામાં તેનો પ્રાચીન ઉલ્લેખ નથી મળતો—સંસ્કૃત સુદ્ધાંમાં નહિ. તામિલમાં તેને 'મનીલા કોટલ' કહે છે, તે પરથી એમ અનુમાન થઈ શકે કે અમેરિકાથી ફિલિપાઈન્સ થઇને હિંદમાં તેનો પ્રવેશ થએલો હશે. અમેરિકાએ કૃષિ-જગતને પાંચ અમૂલ્ય વસ્તુઓની ભેટ આપી છે: મગફળી, કપાસ, મકાઈ, તમાકુ અને બટાટા.

કાચા અથવા શેકેલા શીંગદાણા ગોળ યા સાકર સાથે અથવા તે વિના ખવાય છે. તે ઉપરાંત તેનો દાળ, રસાદાર શાક વગેરેમાં પણ ઉપયોગ થાય છે. વળી શેકેલા શીંગદાણાના લોટનો કૉફીના સ્થાને ઉપયોગ થઈ શકે છે અને કેટલાકના અભિપ્રાય મુજબ તો અસલ કૉફી કરતાં પણ ભોંયશીંગની કૉફી વધુ સ્વાદિષ્ટ હોય છે. કોપરા અને ચટણીના બીજા સામાન્ય મસાલા સાથે તેની ચટણી પણ સ્વાદિષ્ટ બને છે. ('ઘડતર')

મંદ પડેલી બૅટરી ફરી ચાલુ કરવા વિષે

'કુમાર'ના જાન્યુઆરી અંકના છેલ્લા પાના ઉપર, નકામી થઈ ગએલી બૅટરીને ફરી ચાલુ કરવા માટેનો જે નુસ્ખો છાપ્યો છે તે બાબતમાં અમને ઘણી પૃચ્છાઓ આવી હોવાથી, એ નુસખો વધારે સ્પષ્ટતાથી અત્રે ફરી આપીએ છીએ. ગયે વખતે છપાએલા વાક્યમાં 'કાગળનું પડ કાઢી નાખવું'એવા શબ્દ છાપભૂલથી રહી જવા પામ્યા હતા. એ બૅટરીની રચના એવા પ્રકારની હોય છે કે તેમાં વચ્ચે કારબનની સ્ટિક મૂકીને તેની ચોમેર જરૂર પૂરતું રસાયણ ભરી તેને લાકડાના ભૂસા કે એવી વસ્તુઓ વડે સજ્જડ કરી દીધેલું હોય છે. તે સુકાઇ જવાને કારણે બૅટરી મંદ પડી જાય છે. તેને ફરી તાજું કરવા ભેજ આપવાની જરૂર હોય છે. આથી એવી મંદ પડી ગએલી બૅટરીના ઉપરનું કાગળનું પડ કાઢી લઈ તેને પાણીમાં બોળી રાખવાથી અંદર પાણીનો ભેજ પહોંચીને ફરી બૅટરીને ચાલુ કરે છે. અંદરના રસાયણની વચ્ચે કાર્બન મૂકેલો હોય છે. તેનું ટોચકું બૅટરીના મથાળામાં વચ્ચોવચ દેખાતું હોય છે. અને એ ટોચકાની આજુબાજુ ડામર જેવું કોઈ મિશ્રણ દાબીને મથાળું બંધ કરી દીધેલું હોય છે. એ મિશ્રણમાં, વચલા ટોચકાથી દૂર કિનાર ઉપર એક નાનું છિદ્ર પાડી, બૅટરીને પાણીમાં એવી રીતે ઊભી રાખવી કે પાણી છિદ્ર વાટે અંદર જઈ શકે, પણ ટોચકાને બહુ હરકત ન કરે. આમ થવાથી પાણી સીધું અંદર જઇને બૅટરીને જલદી તાજી કરી શકશે. થોડા કલાક આ રીતે

રાખીને બૅટરીને લૅમ્પ લગાડી ચકાસી જોવી, ને લૅમ્પ પ્રકાશ આપે તો તૈયાર થઇ ગઇ જાણવી. પછી, દીવાસળી સળગાવીને મથાળે પાડેલા છિદ્ર આગળનું મિશ્રણ જરા ગરમ કરી આંગળી વડે દબાવીને છિદ્ર પૂરી દેવું. પાણી 'ડિસ્ટિલ્ડ વૉટર' અગર ચોમાસાના તાજા વરસાદનું ઝીલેલું હોય તો સારું. તે ન હોય તો સાદા પાણીમાં થોડો નવસાર નાખવાથી જરૂરી રાસાયનિક ગુણ તેને મળી રહે છે.

આ માસ (મે) ઈતિહાસમાં દિનવિશેષ : વ્યક્તિવિશેષ : પ્રસંગવિશેષ

તા. ૧ આફ્રિકાના શોધ-સફરી ડેવિડ લિવિંગ્સ્ટનનું આફ્રિકામાં મોલિચામો નદીને કાંઠે અવસાન, ૧૮૭૩.

તા. ૨ મૉના લિસ્સાના ચિત્રક અને યુરોપની અસાધારણ વિભૂતિ લીઓનાર્દો દા વિન્ચીનો જન્મ, ૧૪૫૨.

તા. ૩ Xaymaca (ક્ષ્યાઈમાકા) એટલે પાણી ને લાકડાંની ભૂમિ કલાકારનામે જાણીતા જમાઇકા ટાપુની કોલંબસે શોધ કરી, ૧૪૯૪.

તા. ૫ ભારતના ગાયનાચાર્ય વઝે બુવાનું અવસાન, ૧૯૪૩.

તા. ૬ શાંતિનિકેતનમાં વિશ્વભારતી વિદ્યાપીઠની સ્થાપના, ૧૯૨૨.

તા. ૭ દક્ષિણ ધ્રુવ પર કૅપ્ટન સ્કૉટે પહેલાં પગલાં પાડયાં ૧૯૧૨.

તા. ૯ જહાંગીરની હયાતીમાં જ પોતાને હિંદનો શહેનશાહ જાહેર કરી શાહજહાંએ દિલ્હી પર ચડાઇ કરી. ૧૬૨૨.

તા. ૧૧ ગુજરાતમાં પ્રાર્થના સમાજના સ્થાપક ને ભક્તિભર્યા ઇશ્વર-ભજનોના કર્તા સરદાર ભોળાનાથ સારાભાઈનું અવસાન, ૧૮૮૬.

તા. ૧૪ માઈક્રોફોનના શોધક ડેવિડ હ્યુઝનો જન્મ, ૧૮૩૧.

તા. ૨૧ સેંટ હેલિના ટાપુ શોધાયો, ૧૫૦૨.

તા. ૨૨ બંગાળના આધુનિક નવવિધાનના પ્રણેતા રાજા રામમોહન રાયનો જન્મ, ૧૭૭૨.

તા. ૨૫ અમદાવાદમાં,ગાંધીજીએ સત્યાગ્રહાશ્રમ સ્થાપ્યો. ૧૯૧૫.

તા. ૨૭ રશિયાના મહાન પીટરે પીટર્સબર્ગ નગર વસાવ્યું, ૧૭૦૩.

તા. ૩૦ જ્યાં દાર્ક (જોન ઑવ આર્ક)ને ડાકણ ઠરાવી અંગ્રેજોએ તેને રૂઆં મુકામે જીવતી સળગાવી દીધી, ૧૪૩૧.

આ માસની વ્યક્તિવિશેષ: સર રોનાલ્ડ રૉસ



દુનિયાભરમાં સૌથી વધુ જન-સંખ્યાને ભરખી જતા રોગ મૅલેરિયાનાં કારણ અને નિવારણના આ શોધકનો જન્મ, ૬૨ વરસે મૅલેરિયાને લાખો માનવોનો ભોગ ધરતા હિંદમાં જ,આલમોડા મુકામે ૧૮૫૭ના મેની ૧૩મી તારીખે થએલો. વિજ્ઞાનનો એ શોખીન એક અચ્છો કવિ પણ હતો. ૧૮૭૩માં સત્તરમે વરસે તો ઑક્સફર્ડ ને કેમ્બ્રિજની ૧સ્થ પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થયા બાદ ધંધો શોધવાની ફરજ પડતાં તેણે લશ્કરમાં જોડાવા ધાર્યું, પણ બાપની રજા ન મળતાં ઇંડિયન મેડિકલ (દાક્તરી) સર્વિસમાં જોડાયા. હિંદમાં થોડો વખત રહી પાછા ઇંગ્લંડ જઇ લિસ્ટરની ઍન્ટિસેપ્ટિક સર્જરી અને બૅક્ટીરિયૉલૉજીનો અભ્યાસ કર્યો અને ૧૮૮૧માં એલ. એસ. એ. ની ઉપાધિ મેળવી ફરી હિંદમાં મદ્રાસ સ્ટેશન ઑસ્પિટલમાં નોકરી શરૂ કરી. તે દરમિયાન મૅલેરિયાનો ઉપદ્રવ જોઈ તેના પ્રતિકાર પાછળ જ પોતાની બધી શક્તિ રોકી. સાત વર્ષે પણ અનિશ્ચિત નોકરી કાયમ ન થતાં, ટૂંકા પગારથી કંટાળી, ૧૮૮૮માં તે રજા લઇ ઇંગ્લંડ ગયા અને ત્યાં લગ્ન કર્યું. બાદ રાજીનામું આપવાનો વિચાર હતો, પણ ૧૮૯૦માં બૅંગલોરમાં કાયમી નિમણૂક થવાથી હિંદ આવી ફરી મૅલેરિયા વિષેનું પોતાનું સંશોધનકાર્ય શરૂ કર્યું.

ભેજમાં થતી કોઈ જિવાત જ મૅલેરિયા ફેલાવે છે એવી ફ્રેન્ચ સર્જન લૅવેરાંની શોધના અનુસંધાનમાં રૉસ એ જિવાત શોધવા પાછળ પડયો. સિકંદરાબાદમાં મૅલેરિયા ને મચ્છરનું પ્રમાણ સરખું જ જોવાથી તેને મચ્છર પર શંકા ગઈ. પોતાની જાતને મચ્છરો કરડાવી જોયા, પણ ખાસ કંઈ ન વળ્યું. રાતોની રાતો જાગી નિરીક્ષણો કર્યા, ને આખરે વિવિધ મચ્છરોમાંથી સફેદ ને ભૂરા પટાવાળા મચ્છરને ગુનેગાર ઠેરવ્યો, અને એ મચ્છરો મેળવવા મુશ્કેલ હોવાથી ઇનામો આપી તેણે એવા દસ મચ્છરો પકડાવ્યા. પણ તેમાંના નવને ચીરતાં નિષ્ફળતા જ મળી. આખરે છેલ્લા દસમામાં તેણે મૅલેરિયાના જંતુઓ જોયા. એ તેનો વિજય જ હતો. In Exile (દેશવટે) નામે પોતાના એક કાવ્યમાં એણે એ ગાયો છે. માનવજાત પરનો તેનો આ એટલો મહદુપકાર હતો કે તે માટે તેને ૨૭ મોટાં મંડળોનું સભ્યપદ, ૨૧ વિવિધ ચાંદ-ઇનામો, કોઇપણ પરદેશીને ન મળતી સ્ટૉકહોમ યુનિવર્સિટીની એમ.ડી.ની ઉપાધિ, રૉયલ સોસાએટીની ફૅલોશિપ, ૧૯૦૨નું વૈદક માટેનું નોબેલ પારિતોષક, અને ઇંગ્લંડનો કે.સી.એમ.જી.નો ઇલ્કાબ આદિ માનઅકરામો મળ્યાં. પહેલા મહાયુદ્ધમાં તેણે રૉયલ આર્મી મેડિકલ કૉરમાં કર્નલ તરીકે રહી ઇંગ્લંડને સેવા આપી. તેની આ શોધને લીધે જ પનામાથી ચીન સુધીનાં ઇંગ્લંડનાં સંસ્થાનો વસી શકયાં અને પનામાની નહેર ખોદી શકાઇ. પણ પાછલી અવસ્થામાં ઇંગ્લંડે તેને અવગણ્યો અને જૈફ વયે સંધિવાથી પીડાતો, અસહાય હાલતમાં ૧૯૩૨માં તે અવસાન પામ્યો.

આ માસનો પ્રસંગ-વિશેષ: હલદીઘાટનું યુદ્ધ

મેવાડના રાણા ઉદયસિંહના મૃત્યુ પછી તેનો વીર પુત્ર પ્રતાપ ગાદીએ આવ્યો ત્યારે મુઘલોએ આખા મેવાડ પર વર્ચસ્વ જમાવ્યું હતું એટલું જ નહિ, રજપૂતોના નાક સમો ચિતોડગઢ પણ મુસલમાનોના કબજામાં હતો. આસપાસના બીજા રજપૂત રાજાઓ પણ પોતાની દીકરીઓ મુસલમાનોને આપીને અકબર સાથે સંબંધ બાંધતા હતા, અને ખુદ રાણા પ્રતાપનો ભાઈ જ અકબરના પક્ષમાં ચાલ્યો ગયો હતો. આવી પ્રતિકૂળ પરિસ્થતિ હોવા છતાં સ્વાભિમાની મહારાણાએ ચિતોડગઢ પાછો મેળવવાનો ભીષણ નિર્ધાર કરી યુદ્ધની તૈયારી કરવા માંડી આની ખબર પડતાં જ અકબરે પોતાના પુત્ર સલીમ તથા રાજા માનસિંહની સરદારી હેઠળ લાખેકની સેના પ્રતાપ સામે મોકલી. પોતાની ૨૨ હજારની સેના સાથે પ્રતાપ પણ સામે ગયો. હલદીઘાટ આગળ બંને સેનાઓ મળી અને ઈ. ૧૫૭૬ના મેની ૨૦મીએ ઘનઘોર યુદ્ધ થયું. ચેતક ઘોડા પર સવાર થએલો રાણો પ્રતાપ વીજળીવેગે શત્રુસૈન્યમાં ઘૂસ્યો અને જોતજોતામાં સલીમના હાથી પાસે પહોંચી જઇ, ઘોડાને હાથી પર ટેકવી, સલીમ પર ભાલો ફેંક્યો. પણ સલીમ સહેજમાં બચી ગયો. શત્રુની વિરાટ સેના આગળ રજપૂતોનું કાંઇ ચાલ્યું નહિ. ૧૪,૦૦૦ રજપૂતો કપાઇ મૂઆ અને પ્રતાપને રણમેદાનમાંથી નાસવું પડયું. મુઘલ સૈન્યને પણ ખૂબ હાનિ વેઠવી પડી. પણ પોતા કરતાં ચારગણીથી યે જંગી સેના સામે બાથ ભીડનાર પ્રતાપની ટેકીલી કારકિર્દીના કળશરૂપ તેનું આ પરાક્રમભર્યું યુદ્ધ હિંદના ઇતિહાસમાં સોહી રહ્યું છે.

અનુષ્ટુપ

આશ્ચર્ય વિશ્વમાં કેવું! સર્પને ઝેર કંઠમાં,
પરંતુ માનવીને તો જિહ્‌વાગ્રે ઝેર કારમું.

—રમણલાલ સોની

હજરત ગોસનો એક અદેખો પડોશી, જ્યારે જ્યારે હજરતને ત્યાં નમાઝ પડાતી ત્યારે ત્યારે ઈરાદાપૂર્વક ઢોલવાજાં પીટતો. એક દિવસ નમાજ વખતે આ કોલાહલ એટલો બધો વધી ગયો કે શિષ્યો અકળાઈને બોલી ઊઠ્યા: 'આટલો બધો કોલાહલ આપ ચલાવી કેમ લો છો!?' હજરતે એમને પૂછ્યું: 'તમે એ કોલાહલ સાંભળ્યો?' શિષ્યોએ કહ્યું: 'હા.' 'ત્યારે તો–' હજરત બોલ્યા: 'તમારું ચિત્તનમાઝની બહાર હોવું જોઈએ.' શિષ્યો આ બોધ આગળ નિરુત્તર બની ગયા

અનેકાર્થી શબ્દ : ખજીનો–ખજાનો= નાણું કે ધન રાખવાની જગ્યા; ધન કે દોલત; હથિયારભરવાની ખોલ, કે બાકાવાળો પટ્ટો; બંદુકમાંનું ગોળી ભરવાનું ખાનું; ચલમમાં ગડાકુ મૂકવાનો ખાડો; મીઠું પકવવાનો અગર

ગણિતગમ્મત

(૧) પાસેપાસેની ચાર રકમોના ગુણાકારમાં એક ઉમેરવાથી જે રકમ આવે તેનું હમેશા બીજમૂળ નીકળી શકે છે. જેમકે,

$૧\times૨\times૩\times૪+૧=૫^2$
$૨\times૩\times૪\times૫+૧=૧૧^2$
$૩\times૪\times૫\times૬+૧=૧૯^2$
$૪\times૫\times૬\times૭+૧=૨૯^2$

અને આ પ્રમાણે ગમે ત્યાં સુધી.—ગૌતમ

ઊનનું ગૂંથણકામ કરતાં પહેલાં તેને ઠંડા પાણીમાં બોળીને સૂકવી દેવું, ને પછી ગૂંથવા લેવું. એમ કરવાથી તે ચડવાનું કે વધવાનું હશે તે થઈ જશે, અને ગુંથાયા પછી કપડું પોતાનું કદ બદલશે નહિ.

અમેરિકાના માજી પ્રમુખ અબ્રાહમ લિંકન અને તેમના સેનાપતિ જ્યૉર્જ મૅકક્લૅલન વચ્ચે વારંવાર તણખા ઝરતા. સેનાપતિએ પોતાના કામનો અહેવાલ વખતોવખત મોકલતા રહેવું જોઈએ એવો લિંકનનો આગ્રહ હતો અને જનરલને આ જ વાત નાપસંદ હતી. એક દિવસ ચીડાઈ જઈ સેનાપતિએ નીચે મુજબ તાર લિંકનને કર્યો: 'અમે હમણાં જ છ ગાયો પકડી છે. તેનું શું કરવું?'

લિંકનનો જવાબ આવ્યો: 'દોહી લેવી.'



પિલગ્રિમ ફાધર્સ અમેરિકા વસાવ્યા બાદ ત્યાં શરૂઆતમાં જે સિક્કાઓ પડ્યા તેમાં ઇ. ૧૬૫૨માં બૉસ્ટનમાં જૉન હલે પાડેલો 'પાઇન ટ્રી શિલિંગ' નામનો આ સિક્કો પ્રાચીન અમેરિકન સિક્કાઓમાંસૌથી વધુ જાણીતો છે. તેની એક બાજુ વચ્ચોવચ, અમેરિકામાં ખૂબ વ્યાપક એવા જંગી પાઈન નામના વૃક્ષનું આલેખન હોવાથી તેનું એ નામ પડેલું.

ફર્નિચરને ચકચકિત પૉલિશ કરવા માટે પહેલાં ગરમ પાણી અને સરકાના મિશ્રણમાં બોળી નિચોવેલા સ્વચ્છ કૂચા વડે ઘસીને લૂછી નાખો અને પછી સરકો, મીઠું તેલ અને થોડાં ટીપાં ટર્પેન્ટાઇનના મિશ્રણ વડે ઘસીને પૉલિશ કરી નાખો.


દક્ષિણ અમેરિકાના ચીલી દેશનું પુન્ટા આરેનાસ નામનું નગર દુનિયા આખીમાં સૌથી અંતિમ દક્ષિણછેડે આવેલું શહેર છે.

તમે જાણો છો?


શેરડીની ખાંડનું ઉત્પાદન જગતમાં સૌથી વધુ ક્યૂબા બેટમાં થાય છે. ● હિંદુસ્તાનમાં દર વર્ષે ૧૩ કરોડ રતલ ચા વપરાય છે. ● બટાટામાં ૭૭ ટકા પાણી હોય છે. ● ચીનમાં ગાયનું દૂધ કાઢવામાં આવતું નથી કારણ ગાયનું દૂધ પીવું એ ત્યાંના લોકો પાપ સમજે છે. ● પ્રખ્યાત સંશોધક એડિસને ૧૪૦૦ શોધોનાં પેટંટ મેળવેલાં. ● વિટામીનની શોધ ૧૯૨૦માં થઇ ● તિબેટનાં માણસો રોજના ૫૦ કપ ચા પીએ છે.



કલાકણિકા: આના ને જડતરનું જે બારીક શોભન-કામ પંજાબમાં મુઘલકાળથી થતું આવ્યું છે, તેના નમૂનારૂપ આ સુરાહી રૂપસુંદર કારીગરીથી ભરેલી છે.



'થૅંક યૂ હૉસ્ટેલ:' કપરા કાળમાં પોતાને દરિયાપારના મિત્રદેશો તરફથી ખોરાકીના પૂરવઠાની જે મદદ મળી તેની કૃતજ્ઞતા દર્શાવવા ઇંગ્લંડ, ઉપરના આલેખમાં દર્શાવેલી, વિદ્યાર્થીઓ માટેની એક હૉસ્ટેલ લંડનમાં બાંધવાની યોજના કરી છે. એમાં અમેરિકા તથા કૉમનવેલ્થ દેશોનાં જે વિદ્યાર્થીઓ ઇંગ્લંડ અભ્યાસાર્થે આવે તેમને રહેવાની વ્યવસ્થા થશે. આ માટે લંડનના લૉર્ડ મેયરે એક 'નૅશનલ થૅંક્સ ગિવિંગ ફંડ' નામનું જંગી ભંડોળ ઊભું કર્યું છે. નકશામાં ડાબી બાજુ દેખાતી મકાનની પાંખમાં પરિણીત ને સ્ત્રી-વિદ્યાર્થીઓ રહેશે ને તેને બાંધવાનો ખર્ચ લગભગ એક કરોડ રૂપિયા થશે. જમણી બાજુની પાંખમાં પુરુષ વિદ્યાર્થીઓને રહેવાની વ્યવસ્થા થશે.



કાલીય દમન — ચિત્રકાર · શ્રી સોમાલાલ શાહ

આ અંકના મુખચિત્રના કર્તા, અને જેમની પ્રગતિમાન કલાનો પરિચય અન્યત્ર આપ્યો છે તે શ્રી માર્કંડ ભટ્ટે પ્રાથમિક તાલીમ જેમની પાસે લીધેલી તે શ્રી સોમાલાલ શાહની પણ આ વિરલ સુંદર કૃતિ આ જ અંકમાં આપી શકાઇ છે તે એક સુયોગ છે. અખિલ ભારતના કલાકારોનાં ચિત્રોના દિલ્હીમાં ભરાએલા પ્રદર્શનમાંથી ભારતની મધ્યસ્થ સરકારના ચિત્રાલય માટે શ્રી સોમાલાલ શાહનું આ ચિત્ર ખરીદાયું છે એ ગુજરાતને માટે એક ગૌરવ-પ્રસંગ છે. કાલિનાગના દમનના ઉશ્કેરાટભર્યા આ ચિત્ર-પ્રસંગ વેળાનાં સંવેગ અને સ્પંદનને ઉપજાવવા માટે, કલાકારે આ ચિત્રમાં જૂની શૈલી કરતાં કાંઇક અનોખો જ પ્રબંધ યોજીને નાવીન્ય દાખવ્યું છે, અને તેમાં વેગ તથા વળાંકનું સામંજસ્ય રચ્યું છે. ક્રુદ્ધ કાલિની મંડાએલી ફેણ, તેની સામે મથન કરતા બાલકૃષ્ણના દેહનું આયોજન, યમુનાતટનો વળાક, પાણીનાં મોજાંની ઘુમરી, નાગ-સુંદરીઓનો અનુનય, એ સર્વમાં રહેલી વળાંકની લીલા આખા ચિત્રમાં એક અભિનવ તાલધ્વનિ પ્રકટાવે છે.